# આર્ટ હાઉસિંગ ફાયનાંસ (ઇન્ડિયા) લિમિટેડ

## તમારા ગ્રાહકને જાણો [કેવાયસી- નો યોર કસ્ટમર] અને હવાલા પ્રતિરોધક [એએમએલ-એન્ટી મની લોન્ડરીંગ] પગલાઓની નીતિ

***(સુધારો15 માર્ચ 2024થી અમલી)***

**વિષયવસ્તુ**


| અનુ ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પરીચય | ૪ |
| ૨ | પ્રકરણ – ૧ ઉપયોગીતા અને વ્યાખ્યાઓ | ૫ -૧૨ |
| ૩ | પ્રકરણ – ૨ સામાન્ય | ૧૩-૧૪ |
| ૪ | પ્રકરણ – ૩ ગ્રાહક સ્વીકૃતિ અંગેની નીતિ | ૧૫ |
| ૫ | પ્રકરણ – ૪ જોખમ વર્ગીકરણ અને વ્યવસ્થાપન | ૧૬-૧૭ |
| ૬ | પ્રકરણ – ૫ ગ્રાહક ઓળખ માટેની પ્રક્રિયા (સીઆઇપી) | ૧૮ |
| ૭ | પ્રકરણ – ૬ ગ્રાહક સંબંધિત ઉચિત ધ્યાન (સીડીડી) આપવાની પ્રક્રિયા:<br>ભાગ ૧ – વ્યક્તિઓનાં કિસ્સામાં ગ્રાહક સંબંધિત ઉચિત ધ્યાન (સીડીડી) આપવાની પ્રક્રિયા | ૧૯-૨૩ |
| | ભાગ ૨- એકલ માલિકીવાળી પેઢીઓ માટે સીડીડીનાં ઉપાયો | ૨૩-૨૪ |
| | ભાગ ૩- કાનૂની સંસ્થાઓ માટે સીડીડીનાં ઉપાયો | ૨૪-૨૬ |
| | ભાગ ૪ –લાભાર્થી માલિકની ઓળખ | ૨૬ |
| | ભાગ ૫ – સતત ઉચિત ધ્યાન | ૨૬-૨૯ |
| | ભાગ ૬ – વધારેલ અને સરળ બનાવેલ ઉચિત ધ્યાન આપવાની પ્રક્રિયા | ૨૯-૩૨ |
| ૮ | પ્રકરણ – ૭ દસ્તાવેજનું વ્યવસ્થાપન | ૩૩-૩૪ |
| ૯ | પ્રકરણ – ૮નાણાકીય બૌદ્ધિક એકમને રીપોર્ટીંગની જરૂરીયાત – ભારત | ૩૪ |
| ૧૦ | પ્રકરણ – ૯ આંતરરાષ્ટ્રીય કરારો હેઠળ જરૂરીયાતો/જવાબદારીઓ | ૩૫-૩૯ |
| ૧૧ | પ્રકરણ – ૧૦ અન્ય સૂચનાઓ | ૪૦-૪૬ |

| | | |
|---|---|---|
| ૧૨ | અનુસૂચી ૧ ડીજીટલ કેવાયસી પ્રક્રિયા | ૪૭-૪૮ |
| ૧૩ | અનુસૂચી ૨ વધારાના કેવાયસી દસ્તાવેજોની યાદી કે જે ઓછા જોખમ વર્ગ વાળા ગ્રાહકો માટે ધ્યાનમાં લઇ શકાય છે | ૪૯-૫૧ |
| ૧૪ | અનુસૂચી ૩ સીટીઆર/એસટીઆર વ્યવહારોની દ્રષ્ટાંતરૂપ યાદી | ૫૨-૫૩ |

**આર્ટ હાઉસિંગ ફાયનાંસ (ઇન્ડિયા) લિમિટેડ**
તમારા ગ્રાહકને જાણો [કેવાયસી- નો યોર કસ્ટમર] અને હવાલા પ્રતિરોધક [એએમએલ- એન્ટી મની લોન્ડરીંગ] પગલાઓની નીતિ
**(સુધારેલ)**

## ૧. પરીચય

કંપની, આર્ટ હાઉસિંગ ફાયનાંસ(ઇન્ડિયા) લિમિટેડ (એએચએફએલ) વર્ષ ૨૦૧૩માં સંસ્થાપિત કરવામાં આવી હતી અને નેશનલ હાઉસિંગ બેંક (એનએચબી) પાસે નોંધાવવામાં આવી હતી. કંપનીએ કંપનીનાં સંચાલક મંડળની મંજૂરી સાથે, એનએચબીની જરૂરીયાતો મુજબ તેમજ યોગ્ય લાગે તે મુજબ જુદા જુદા સમયે ફેરફાર કરેલ અને સુધારેલ નીતિ મુજબ કેવાયસી અને એએમએલ નીતિ (નીતિ) અપનાવેલ છે.

આ નીતિ ઉત્તમ વ્યવસાયિક પ્રથાઓના ભાગ સ્વરૂપે તમારા ગ્રાહકને જાણો (કેવાયસી)ની માર્ગદર્શિકાઓ અને હવાલા પ્રતિરોધક ધોરણો ઉપર એનએચબી દ્વારા જારી કરાયેલ જાહેરનામાનાં અનુસંધાનમાં શરૂઆતમાં તૈયાર કરવામાં આવી હતી.

વધુમાં, સંચાલક મંડળે સપ્ટેમ્બર ૫, ૨૦૨૩નાં રોજ યોજાયેલ તેમની મિટીંગમાં નીતિની સમીક્ષા અને ફેરફાર પણ કરેલ છે અને યોગ્ય રીતે મંજૂર પણ કરેલ છે જે કેવાયસી ઉપરના મુખ્ય નિર્દેશ (એમડી) બાબતે મે ૪, ૨૦૨૨ તારીખના પરિપત્ર નંબર આરબીઆઇ/૨૦૨૧-૨૨/૩૫ ડીઓઆર. એએમએલ.આરઈસી. નં. ૧૫/૧૪.૦૧.૦૦૧/૨૦૨૧-૨૨ સુધી અધતન કરવામાં આવેલ છે.

વધુમાં, ભારત સરકાર દ્વારા સૂચિત કરવામાં આવેલ હવાલાની અટકાયતનો કાયદો, ૨૦૦૨ની જોગવાઈઓ અને હવાલાની અટકાયત (દસ્તાવેજોની જાળવણી) નિયમો, ૨૦૦૫ (જુદા જુદા સમયે સુધારવામાં આવ્યા મુજબ), કંપની માટે ખાતા આધારિત સંબંધ પ્રસ્થાપિત કરીને અથવા અન્ય રીતે સંબંધ પ્રસ્થાપિત કરીને ઓનબોર્ડીંગ કરવા અને વ્યવહારો કરવા સમયે ગ્રાહક ઓળખની અમુક પ્રક્રિયાઓનું પાલન કરવાનું અને તેમના વ્યવહારો ઉપર દેખરેખ રાખવાનું જરૂરી છે. એએચએફએલ લાગુ પડે તે મુજબ અને જુદા જુદા સમયે સુધાર્યા મુજબ હવાલાની અટકાયતનો કાયદો, ૨૦૦૨ની જોગવાઈઓ અને હવાલાની અટકાયત (દસ્તાવેજોની જાળવણી) નિયમો, ૨૦૦૫નો અમલ કરવા માટે પગલાઓ લેશે. આ નીતિ, આમ, ગ્રાહકો અને તેમના નાણાકીય સોદાઓને વધુ સારી રીતે જાણવા/સમજવા માટે ઘડવામાં આવેલ છે જે પછીથી કંપનીને તેના જોખમો ઉપર ડહાપણપૂર્વક નિયંત્રણ કરવામાં અને હવાલાની પ્રવૃતિઓ માટે ગુનાહિત તત્વો દ્વારા તેમનો ઉપયોગ થતા બચાવવામાં મદદ કરશે.

આ નીતિ આવા સુધારા(ઓ)નાં અનુસંધાનમાં જારી કરાયેલ કામકાજ સંબંધિત સૂચનાઓ સહીત, તમારા ગ્રાહકને જાણો (કેવાયસી)નો નિર્દેશ, ૨૦૧૬ ("કેવાયસી ઉપરનાં મુખ્ય નિર્દેશો/નિર્દેશો") ઉપરના આરબીઆઈના મુખ્ય નિર્દેશોની ઉપર જણાવેલ જોગવાઇઓ મુજબ જરૂરી સુધારાઓ કરવા માટે, મે ૪, ૨૦૨૩નાં રોજ અધતન કરાયેલ પરિપત્ર નં. મુખ્ય નિર્દેશ ડીબીઆર.એએમએલ.બીસી. નં.૮૧/૧૪.૦૧.૦૦૧/૨૦૧૫-૧૬ મારફત રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) દ્વારા પરિપત્રિત કરાયેલ અધતન સુધારાઓનાં અનુસંધાનમાં હવે સુધારવામાં આવી રહી છે.

## પ્રકરણ ૧ ઉપયોગિતા અને વ્યાખ્યાઓ

### ૨. ઉપયોગિતા

આ નીતિ આરબીઆઈના મુખ્ય નિર્દેશો સાથે અનુરૂપતામાં બનાવવામાં આવેલ છે અને તે કંપનીના હાલના કામકાજો મુજબ જેટલી શક્ય બને તેટલી વધુ માત્રા સુધી લાગુ પડે છે.

### ૩. વ્યાખ્યાઓ

નીતિના હેતુઓ માટે, સંદર્ભની અન્ય રીતની જરૂરીયાત હોય તે સિવાય, આ દસ્તાવેજમાં રહેલ શબ્દો નિર્દેશો તેમજ હવાલાની અટકાયત (દસ્તાવેજોની જાળવણી) નિયમો, ૨૦૦૫ સાથે વંચાણે લેતા હવાલાની અટકાયતનો કાયદો, ૨૦૦૨માં તેમને આપવામાં આવેલ અર્થો ધરાવશે. દ્રષ્ટાંતરૂપે, આ નીતિના સંદર્ભમાં, નીચેના શબ્દો (નિર્દેશો, કાયદો અને નિયમોની જોગવાઈઓને આધીન) નિયત કરવામાં આવેલ અર્થો ધરાવશે:

(૧)"આધાર નંબર" આધાર (નાણાકીય અને અન્ય સબસીડીઓ, લાભો અને સેવાઓની લક્ષિત પહોંચ)કાયદો, ૨૦૧૬ (૨૦૧૬નો ૧૮) ની કલમ ૨નાં ખંડ (ક)માં તેને આપવામાં આવેલ અર્થ ધરાવશે;

(૨) "કાયદો" અને "નિયમો" નો અર્થ થાય છે હવાલાની અટકાયત કાયદો, ૨૦૦૨ અને હવાલાની અટકાયત (દસ્તાવેજોની જાળવણી) નિયમો, ૨૦૦૫ અનુક્રમે અને તેમાં થયેલા સુધારાઓ એવો થાય છે.

(૩) આધાર પ્રમાણીકરણનાં સંદર્ભમાં "પ્રમાણીકરણ"નો અર્થ આધાર (નાણાકીય અને અન્ય સબસીડીઓ, લાભો અને સેવાઓની લક્ષિત પહોંચ)કાયદો, ૨૦૧૬ ની કલમ ૨ની પેટા કલમ (ગ) હેઠળ નિયત કરાયેલ પ્રક્રિયા એવો થાય છે.

(૪) લાભાર્થી માલિક (બીઓ):-

ક. જ્યાં **ગ્રાહક એક કંપની હોય** ત્યાં, લાભાર્થી માલિક સ્વાભાવિક વ્યક્તિ(ઓ) હોય છે જે એકલા કે સાથે કામ કરતા હોય અથવા એક અથવા વધુ ન્યાયવિષયક વ્યક્તિઓ મારફત કામ કરતા હોય જે નિયંત્રણ કરતા માલિકી હિત ધરાવતા હોય અથવા જે અન્ય માધ્યમો દ્વારા નિયંત્રણનો ઉપયોગ કરતા હોય તે હોય છે.

સ્પષ્ટતા – આ પેટા-ખંડનાં હેતુ માટે -
"નિયંત્રણ કરતા માલિકીપણાનાં હિત"નો અર્થ થાય છે કંપનીનાં શેર કે મૂડી કે નફાના 10 ટકાથી વધુની માલિકી/અધિકાર.

૧. "નિયંત્રણ"માં મોટા ભાગના ડાયરેકટરોની નિમણૂંક કરવાનો હક્ક કે તેમના શેરહોલ્ડિંગ કે સંચાલનનાં હક્કો કે શેરધારકોના કરારો કે વોટ આપવાના કરારોનાં કારણે સંચાલક મંડળ કે નીતિ વિષયક નિર્ણયો ઉપર અંકુશ રાખવાનાં અધિકારનો સમાવેશ કરશે.

ખ. જ્યાં **ગ્રાહક** એક **ભાગીદારી પેઢી** હોય ત્યાં, લાભાર્થી માલિક એવા સ્વાભાવિક વ્યક્તિ(ઓ) હોય છે જેઓ, એકલા કે સાથે કામ કરતા હોય અથવા એક અથવા વધુ ન્યાયવિષયક વ્યક્તિઓ મારફત કામ કરતા હોય જે ભાગીદારીની મૂડી કે નફાના ૧૫ ટકા કરતા વધુની માલિકી કે/અધિકાર ધરાવતા હોય છે.

ગ. જ્યાં **ગ્રાહક એક બિનસંસ્થાપિત સંગઠન કે વ્યક્તિઓની સંસ્થા** હોય ત્યાં, લાભાર્થી માલિક એવી સ્વાભાવિક વ્યક્તિ(ઓ) હોય છે,જેઓ એકલા કે સાથે કામ કરતા હોય અથવા એક અથવા વધુ ન્યાયવિષયક વ્યક્તિઓ મારફત કામ કરતા હોય જે બિનસંસ્થાપિત સંગઠન એ વ્યક્તિઓની સંસ્થાની મિલકત કે મૂડીના ૧૫ ટકા કરતા વધુની માલિકી કે/અધિકાર ધરાવતા હોય છે.

સ્પષ્ટતા : શબ્દ "વ્યક્તિઓની સંસ્થા" મંડળીઓનો સમાવેશ કરે છે. જ્યાં ઉપરના (ક), (ખ) કે (ગ) હેઠળ કોઈ સ્વાભાવિક વ્યક્તિ ઓળખવામાં આવતી નથી ત્યાં, લાભાર્થી માલિક એ સંબંધિત સ્વાભાવિક વ્યક્તિ છે જે વરિષ્ઠ મેનેજીંગ કર્મચારીનો હોદો ધરાવે છે તે હોય છે.

ઘ. જ્યાં ગ્રાહક એક **ટ્રસ્ટ** હોય ત્યાં, લાભાર્થી માલિક(કો)ની ઓળખમાં ટ્રસ્ટનાં પ્રણેતા, ટ્રસ્ટી, ટ્રસ્ટમાં 10% કે વધુ હીતવાળા લાભાર્થીઓ અને એવી કોઇપણ અન્ય સ્વાભાવિક વ્યક્તિ જે નિયંત્રણ કે માલિકીની સાંકળ મારફત ટ્રસ્ટ ઉપર આખરી અસરકારક નિયંત્રણનો ઉપયોગ કરતી હોય તેની ઓળખનો સમાવેશ કરશે.

પ."પ્રમાણિત નકલ" – કંપની દ્વારા એક પ્રમાણિત નકલ મેળવવાનો અર્થ થશે આધાર નંબરની માલિકીના પુરાવાની નકલની સરખામણી કરવી જ્યાં ઓફલાઇન ખરાઇ કરી શકાતી નથી અથવા અસલ સાથે ગ્રાહક દ્વારા આ રીતે સત્તાવાર રીતે રજૂ કરાયેલ માન્ય દસ્તાવેજોની સરખામણી કરવી અને કાયદામાં રહેલ જોગવાઈઓ મુજબ કંપનીનાં અધિકૃત અધિકારી દ્વારા નકલ ઉપર આ બાબતની નોંધ કરવી.

એ શરતે કે બિન-નિવાસી ભારતીય (એનઆરઆઇસ)નાં કિસ્સામાં અને ભારતીય મૂળના વ્યક્તિઓ (પીઆઈઓસ)ના કિસ્સામાં, ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ (ડીપોઝીટ) નિયમનો, ૨૦૧૬માં નિયત કર્યા મુજબ, વૈકલ્પિક રીતે, નીચેના પૈકીના કોઇપણ એક દ્વારા પ્રમાણિત કરાયેલ મૂળ પ્રમાણિત નકલ મેળવી શકાય છે :
• ભારતમાં નોંધાયેલ શેડ્યુલ્ડ કોમર્સિયલ બેંકોની વિદેશી શાખાઓનાં અધિકૃત કર્મચારીઓ,
• વિદેશી બેંકોની શાખાઓ કે જેમની સાથે ભારતિય બેંકો સંબંધો ધરાવે છે,
• વિદેશના નોટરી પબ્લિક,
• અદાલતના મેજીસ્ટ્રેટ,
• જજ,
• જ્યાં બિન-નિવાસી ગ્રાહક વસે છે ત્યાંનાં દેશમાં રહેલ ભારતીય એમ્બેસી/કોન્સ્યુલેટ જનરલ

૬. "સેન્ટ્રલ કેવાયસી રેકોર્ડસ રજીસ્ટ્રી" (સીકેવાયસીઆર) નો અર્થ થાય છે ગ્રાહકના કેવાયસી દસ્તાવેજોને ડીજીટલ સ્વરૂપમાં મેળવવા, સંગ્રહ કરવા, સુરક્ષિત રાખવા અને પુન: પ્રાપ્ત કરવા માટે નિયમો પૈકીના નિયમ ૨(૧) હેઠળ નિયત કરાયેલ એક સંસ્થા.

૭."**નિયુક્ત કરાયેલ ડાયરેક્ટર**" નો અર્થ થાય છે પીએમએલ કાયદાનાં પ્રકરણ ૪ અને નિયમો હેઠળ લાદવામાં આવેલ જવાબદારીઓ અંગે સંપૂર્ણ નિયમપાલન સુનિશ્ચિત કરવા માટે કંપની દ્વારા નિયુક્ત કરાયેલ એક વ્યક્તિ અને તે મેનેજીંગ ડાયરેક્ટર અથવા પૂર્ણ સમયનો એક ડાયરેક્ટર હશે, જે સંચાલક મંડળ દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરાયેલ હશે. સ્પષ્ટતા – આ કલમના હેતુ માટે, શબ્દો "મેનેજીંગ ડાયરેક્ટર" અને "પૂર્ણ સમયના ડાયરેક્ટર" કંપનીઓ ધારો, ૨૦૧૩માં તેમને આપવામાં આવેલ અર્થ ધરાવશે.

૮."ડીજીટલ કેવાયસી" નો અર્થ થાય છે ગ્રાહકનો જીવંત ફોટો અને સત્તાવાર રીતે માન્ય દસ્તાવેજો કે આધાર હોવાનો પુરાવો લેવો જ્યાં ઓફલાઈન ખરાઈ કરી શકાતી નથી, કાયદામાં રહેલ જોગવાઇઓ મુજબ કંપનીનાં અધિકૃત અધિકારી દ્વારા જયાં આવો જીવંત ફોટો લેવામાં આવી રહેલ છે તે સ્થાનના અક્ષાંસ અને રેખાંસની સાથે.

૯. "ડીજીટલ સહી" માહિતી અને ટેકનોલોજીનો કાયદો, ૨૦૦૦ (૨૦૦૦નો ૨૧) ની કલમ (૨) ની પેટા કલમ (૧)નાં ખંડ (દ)માં તેને અપાયેલ અર્થ સમાન જ અર્થ ધરાવશે.

૧૦. "સમકક્ષ ઇ-દસ્તાવેજ" નો અર્થ થાય છે દસ્તાવેજનો ઈલેકટ્રોનિક સમકક્ષ દસ્તાવેજ, જે માહિતી ટેકનોલોજી (ડીજીટલ લોકર સુવિધાઓ પૂરી પાડતા મધ્યસ્થીઓ દ્વારા માહિતીનું જતન અને જાળવણી) નિયમો, ૨૦૧૬ નાં નિયમ ૯ મુજબ ગ્રાહકના ડીજીટલ લોકરને આપવામાં આવેલ દસ્તાવેજો સહીત તેની માન્ય ડીજીટલ સહી સાથે આવા દસ્તાવેજોને જારી કરનારી સતા દ્વારા જારી કરાયેલ હોય છે.

૧૧. "જૂથ" – શબ્દ "જૂથ" આવક વેરાનો કાયદો, ૧૯૬૧ (૧૯૬૧નો ૪૩) ની કલમ ૨૮૬ની પેટા-કલમ (૯) નાં ખંડ (ચ)માં તેને આપવામાં આવેલ અર્થ સમાન જ અર્થ ધરાવશે

૧૨. "તમારા ગ્રાહકને જાણો (કેવાયસી) ઓળખ કરનાર" નો અર્થ થાય છે કેન્દ્રીય કેવાયસી રેકોર્ડસ રજીસ્ટ્રી દ્વારા ગ્રાહકને આપવામાં આવેલ અનોખો નંબર કે કોડ.

૧૩."બિન-નફાકીય સંસ્થાઓ" (એનપીઓ) નો અર્થ થાય છે એવી કોઇપણ પેઢી કે સંસ્થા, જે આવક વેરાનો કાયદો, ૧૯૬૧ (૧૯૬૧નો ૪૩)ની કલમ ૨નાં ખંડ (૧૫)માં સૂચવવામાં આવેલ ધાર્મિક કે ધર્માદાના હેતુઓ માટે રચાયેલ હોય, જે મંડળીઓની

નોંધણીનો કાયદો, ૧૮૬૦ અથવા કોઇપણ આવા જ રાજ્યના કાયદા હેઠળ નોંધાયેલ હોય કે કંપનીઓનો ધારો, ૨૦૧૩ (૨૦૧૩નો ૧૮)ની કલમ ૮ હેઠળ નોંધાયેલ એક કંપની હોય.

૧૪. "સત્તાવાર રીતે માન્ય દસ્તાવેજો" (ઓવીડી)નો અર્થ થાય છે પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાઇસન્સ, આધાર નંબર હોવાનો પુરાવો, ભારતના ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલ મતદાર ઓળખ કાર્ડ,
રાજ્ય સરકારના અધિકારી દ્વારા યોગ્ય રીતે સહી કરાયેલ નરેગા દ્વારા જારી કરાયેલ જોબ કાર્ડ અને નામ અને સરનામાની વિગતો ધરાવતો રાષ્ટ્રીય વસ્તી પત્રક દ્વારા જારી કરાયેલ પત્ર.

એ શરતે કે, ,

ક. જ્યાં ગ્રાહક એક ઓવીડી તરીકે આધાર નંબર હોવાનો પુરાવો રજૂ કરે છે ત્યાં, તે યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલ હોય એવા સ્વરૂપમાં તે રજૂ કરી શકે છે.

ખ. જ્યાં ગ્રાહક દ્વારા રજૂ કરાયેલ ઓવીડી અદ્યતન કરાયેલ સરનામું ધરાવતો નથી ત્યાં, નીચેના દસ્તાવેજો કે તેના સમકક્ષ ઈ-દસ્તાવેજો સરનામાનાં સીમિત હેતુ માટે ઓવીડીસ હોવા તરીકે માનવામાં આવશે:-

૧.ઉપયોગી સેવાઓનું બીલ જે કોઇપણ સેવા પ્રદાતાનું બે મહિના કરતા વધારે જૂનું હોવું જોઈએ નહીં. (વીજળી, ટેલીફોન, પોસ્ટ-પેઈડ મોબાઇલ ફોન, પાઈપથી અપાતા ગેસનું, પાણીનું બીલ);

૨.મિલકત કે નગરપાલિકાનાં કરવેરાની રસીદ;

૩.જો તેઓ સરનામું ધરાવતા હોય તો, સરકારી ખાતાઓ કે જાહેર ક્ષેત્રના સાહસો દ્વારા નિવૃત કર્મચારીઓને જારી કરાયેલ પેન્સન કે કુટુંબ પેન્સન ચુકવણીના આદેશો (પીપીઓસ);

૪.રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારનાં ખાતાઓ, ધારાકીય કે નિયમનકારી સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના સાહસો, શેડ્યુલ્ડ વ્યાપારી બેંકો, નાણાકીય સંસ્થાઓ અને નોંધાયેલી કંપનીઓ અને લીવ અને લાઇસન્સ કરારો દ્વારા નિયોક્તા તરફથી આવાસની ફાળવણીનો પત્ર.
આવા નિયોક્તાઓ સતાવાર આવાસ ફાળવવાની સાથે.

ગ. ગ્રાહક ઉપર 'ખ'માં જણાવેલ દસ્તાવેજો રજૂ કર્યાના ત્રણ મહિનાના સમયગાળામાં હાલના સરનામાં સાથે ઓવીડી દસ્તાવેજ રજૂ કરશે.

ઘ. જ્યાં વિદેશી રાષ્ટ્રીયતા ધરાવતા વ્યક્તિ દ્વારા રજૂ કરાયેલ ઓવીડી સરનામાની વિગતો ધરાવતા ના હોય ત્યાં, આવા કિસ્સામાં, વિદેશી ન્યાય અધિકારક્ષેત્રનાં સરકારી ખાતાઓ દ્વારા જારી કરાયેલ દસ્તાવેજો અને ભારતમાં રહેલ ફોરેન એમ્બેસી કે મિસન દ્વારા જારી કરાયેલ પત્ર સરનામાના પુરાવા તરીકે સ્વિકારવામાં આવશે.

સ્પષ્ટતા: આ જોગવાઈના હેતુ માટે, તેના આપ્યા બાદ નામમાં ફેરફાર હોય તેમ છતાં પણ દસ્તાવેજ ઓવીડી હોવા તરીકે માનવામાં આવશે, એ શરતે કે તેને નામના આવા ફેરફારનું સૂચન કરતા રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ લગ્ન પ્રમાણપત્ર કે ગેઝેટના જાહેરનામાંનું સમર્થન હોય.

૧૫."ઓફલાઈન ખરાઈ" આધાર (નાણાકીય અને અન્ય સબસીડીઓ, લાભો અને સેવાઓની લક્ષિત પહોંચ) કાયદો, ૨૦૧૬ (૨૦૧૬નો ૧૮) ની કલમ ૨નાં ખંડ (દક)માં તેને આપવામાં આવેલ અર્થ મુજબનો જ અર્થ ધરાવશે.

૧૬."વ્યક્તિ" કાયદામાં નિયત કરાયેલ અર્થ મુજબનો જ અર્થ ધરાવે છે અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

ક. વ્યક્તિ,
ખ. હિંદુ અવિભક્ત પરિવાર,
ગ. કંપની,
ઘ. પેઢી,
ચ. વ્યક્તિઓનું એક સંગઠન અથવા વ્યક્તિઓની એક સંસ્થા પછી સંસ્થાપિત હોય કે ના હોય
છ. દરેક કૃત્રિમ ન્યાય વિષયક વ્યક્તિ, ઉપરની વ્યક્તિઓ (ક થી ચ) પૈકીના એક પણમાં નહિ આવતી હોય તેવી, અને
જ. ઉપરની વ્યક્તિઓ (ક થી છ) પૈકીની કોઇપણ દ્વારા માલિકી ધરાવતી કે નિયંત્રિત કોઇપણ સંસ્થા, કચેરી કે શાખા.

૧૭. "મુખ્ય અધિકારી" નો અર્થ થાય છે કંપની દ્વારા નિયુક્ત કરાયેલ એક અધિકારી, જે નિયમો પૈકીના નિયમ ૮ મુજબ

માહિતી પૂરી પાડવા માટે જવાબદાર છે.

૧૮."શંકાસ્પદ વ્યવહાર" નો અર્થ નીચે નિયત કર્યા મુજબનો એક "વ્યવહાર" થાય છે, જેમાં એક પ્રયાસ કરેલ વ્યવહાર, રોકડમાં હોય કે ના હોય, જે શુભ નિષ્ઠામાં કામ કરતા વ્યક્તિ પ્રત્યે કરેલ હોય તેનો સમાવેશ થાય છે: :

ક. એ શંકાના એક વાજબી કારણને વેગ આપે કે તે કાયદાની અનુસૂચિમાં જણાવેલ એક અપરાધની આવકોનો સમાવેશ કરી શકે છે, રોકાયેલ મૂલ્યને લક્ષમાં લીધા વિના; અથવા

ખ. અસામાન્ય કે અનુચિત જટિલતાનાં સંજોગોમાં કરાયેલ હોવાનું જણાય; અથવા

ગ. કોઈ જ આર્થિક તર્ક કે સાચો હેતુ નહીં હોવાનું જણાય; અથવા

ઘ. શંકાના એવા વાજબી કારણને વેગ આપે કે તે ત્રાસવાદસાથે સંબંધિત પ્રવૃત્તિઓને નાણા પૂરા પાડવાનો સમાવેશ કરે તેમ હોય.

સ્પષ્ટતા: ત્રાસવાદ સાથે સંબંધિત પ્રવૃતિઓને નાણા પૂરા પાડવાને સમાવતા વ્યવહારોમાં ત્રાસવાદ, ત્રાસવાદી કાર્યો કે ત્રાસવાદી, ત્રાસવાદી સંસ્થા કે એવા લોકો કે જેઓ ત્રાસવાદને નાણા પૂરા પાડે છે કે તે માટેનો પ્રયાસ કરી રહ્યા છે તેમની સાથે જોવાયેલ હોવાની કે સંબંધિત હોવાની કે તેમના દ્વારા ઉપયોગ થનાર હોવાની શંકા હોય તેવા ફંડસને સમાવતા વ્યવહારોનો સમાવેશ કરે છે.

૧૯. એક 'નાનું ખાતું'નો અર્થ થાય છે બચત ખાતું જે પીએમએલ નિયમો, ૨૦૦૫નાં પેટા-નિયમ (૫) સંબંધમાં ખોલવામાં આવે છે. નાના ખાતાના સંચાલન અને આવા ખાતા માટે ઉપયોગમાં લેવાના નિયંત્રણોની વિગતો આરબીઆઇનાં મુખ્ય નિર્દેશોની કલમ ૨૩માં જણાવવામાં આવે છે.

૨૦. "વ્યવહાર" નો અર્થ થાય છે ખરીદી, વેંચાણ, લોન, ગીરો, ભેટ, ટ્રાન્સફર, ડીલીવરી કે તેની વ્યવસ્થા અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

ક.એક ખાતું ખોલાવવું;

ખ. જમા, ઉપાડ, ગમે તે ચલણમાં ફંડસની લેતી દેતી કે ટ્રાન્સફર, રોકડમાં કે પછી ચેક, ચુકવણીના આદેશ કે અન્ય કોઈ દસ્તાવેજમાં કે ઈલેકટ્રોનિક કે અન્ય ભૌતિક ના હોય તેવા માધ્યમો દ્વારા;
ગ. સલામત થાપણ બોક્સ કે સલામત થાપણના કોઇપણ અન્ય સ્વરૂપનો ઉપયોગ;
ઘ. કોઇપણ શાખા આધારિત સંબંધમાં શરુ કરવો;
ચ. કોઇપણ કરારી કે અન્ય કાનૂની જવાબદારી માટે, સંપૂર્ણ કે આંશિક રીતે કરેલ કે મેળવેલ કોઇપણ ચુકવણી; અથવા
છ. કાનૂની વ્યક્તિ કે કાનૂની વ્યવસ્થા સ્થાપિત કરવી કે બનાવવી.

૨૧. "વિડીયો આધારિત ગ્રાહક ઓળખ પ્રક્રિયા (વી-સીઆઈપી)": નો અર્થ થાય છે સીડીડી હેતુ માટે જરૂરી ઓળખ માહિતી મેળવવા અને સ્વતંત્ર ખરાઈ મારફત ગ્રાહક દ્વારા રજૂ કરાયેલ માહિતીની સચ્ચાઈ નક્કી કરવા અને પ્રક્રિયાની તપાસનું ધ્યાન જાળવવા માટે ગ્રાહક સાથે અસીમ, સુરક્ષિત, જીવંત, સૂચિત માહિતી આધારિત ઓડિયો-વિઝ્યુઅલ આંતર-વ્યવહાર કરીને કંપનીનાં એક અધિકૃત કર્મચારી દ્વારા ચહેરા સંબંધિત ઓળખ અને ગ્રાહક બાબતે ઉચિત ધ્યાન સાથે ગ્રાહક ઓળખની એક વૈકલ્પિક પદ્ધતિ. નિર્દિષ્ઠ ધોરણો અને પ્રક્રિયાઓનું પાલન કરતી આવી પ્રક્રિયાઓ મુખ્ય નિર્દેશ માટે ફેસ-ટુ-ફેસ સીઆઈપી સાથે સમાન સ્તર ઉપર ગણવામાં આવશે

કેવાયસી ઉપર મુખ્ય નિર્દેશોમાં અપાયેલ અર્થ ધરાવતા શબ્દો, સંદર્ભ અન્ય રીતે જરૂરી બનાવે તે સિવાય, તેમને નીચે આપવામાં આવેલ અર્થો ધરાવશે:

૧."સામાન્ય રીપોર્ટીંગ ધોરણો" (સીઆરએસ) નો અર્થ થાય છે કરવેરાની બાબતોમાં પારસ્પરિક વહીવટી સહાયતા ઉપરના કન્વેન્શનના આર્ટીકલ ૬ઉપર આધારિત આપોઆપ માહિતીનું અઆદાન-પ્રદાન કરવા માટે હસ્તાક્ષર કરાયેલ બહુ-આયામી કરારના અમલ માટે નિયત કરાયેલ રીપોર્ટીંગનાં ધોરણો.

૨."ગ્રાહક"નો અર્થ થાય છે એક વ્યક્તિ જે કંપની સાથે નાણાકીય વ્યવહાર કે પ્રવૃતિમાં રોકાયેલ હોય છે અને તે એવી વ્યક્તિનો સમાવેશ કરે છે જેના વતી વ્યક્તિ કે જે વ્યવહાર કે પ્રવૃતિમાં રોકાયેલ છે, તે કામ કરી રહી છે.

૩."વોક-ઇન ગ્રાહક" નો અર્થ થાય છે એવી વ્યક્તિ જે કંપની સાથે ખાતા આધારિત સંબંધ ધરાવતી નથી પરંતુ કંપની સાથે વ્યવહારો કરે છે.

૪,"ગ્રાહક પ્રત્યે ઉચિત ધ્યાન (સીડીડી)" નો અર્થ થાય છે ગ્રાહકને ઓળખવો અને ગ્રાહક અને લાભાર્થી માલિકની ખરાઈ કરવી.

૫."ગ્રાહક ઓળખ"નો અર્થ થાય છે સીડીડીની પ્રક્રિયા હાથ ધરવી.

૬. "ફટકા" નો અર્થ થાય છે ફોરેન એકાઉન્ટ ટેક્ષ કોમ્પ્લાયંસ એકટ ઓફ ધ યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા (યુએસએ) જે બીજી બાબતોની સાથો સાથ વિદેશી નાણાકીય સંસ્થાઓ માટે અમેરિકન કરદાતાઓ કે વિદેશી સંસ્થાઓ કે જેમાં અમેરિકન કરદાતાઓ એક સંગીન માલિકી હિત ધરાવે છે તેના દ્વારા ધારણ કરાયેલ નાણાકીય ખાતાઓ અંગે જાણ કરવાનું જરૂરી બનાવે છે.

૭. "આઈજીએ" નો અર્થ થાય છે આંતરરાષ્ટ્રીય કરવેરાના અનુપાલન સુધારવા અને અમેરિકાના ફટકાનો અમલ કરવા માટે ભારત સરકાર અને અમેરિકા વચ્ચે ઇન્ટર ગવર્નમેન્ટ એગ્રીમેન્ટ (આંતર સરકારી કરાર).

૮. "કેવાયસી ટેમ્પ્લેટસ" નો અર્થ થાય છે વ્યક્તિઓ અને કાનૂની સંસ્થાઓ માટે, સીકેવાયસીઆર માટે કેવાયસી ડેટાનું સંકલન અને રીપોર્ટીંગ અનુકૂળ બનાવવા માટે તૈયાર કરાયેલ ટેમ્પ્લેટસ.

૯."નોન-ફેસ-ટુ-ફેસ ગ્રાહકો"નો અર્થ થાય છે એવા ગ્રાહકો જે કંપનીની શાખા/કચેરીઓની મુલાકાત લીધા વિના અથવા કંપનીનાં કર્મચારીઓને મળ્યા વિના લોન ખાતાઓ ખોલાવે છે.

૧૦."ચાલુ ઉચિત ધ્યાન" નો અર્થ થાય છે એ સુનિશ્ચિત કરવા માટે લોન ખાતાઓમાં વ્યવહારોની નિયમિત દેખરેખ કે તેઓ ગ્રાહકની રૂપરેખા અને નાણાનાં સ્ત્રોત સાથે અનુરૂપ છે.

૧૧."સામયિક અપડેશન" નો અર્થ થાય છે એ સુનિશ્ચિત કરવા માટે લેવાયેલા પગલાં કે સીડીડી પ્રક્રિયા હેઠળ એકત્ર કરાયેલા દસ્તાવેજો, ડેટા કે માહિતી રીઝર્વ બેંક દ્વારા નિયત કરાયેલ સામયિકતા ઉપર હાલના દસ્તાવેજોની સમીક્ષાઓ કરીને અદ્યતન અને સુસંગત રાખવામાં આવે છે.

૧૨."પોલીટીકલી એક્ષપોઝ્ડ વ્યક્તિઓ" (પીઇપીસ) એ એવી વ્યક્તિઓ છે જેમને, રાજ્યો/સરકારોના વડાઓ, વરિષ્ઠ રાજકારણીઓ, વરિષ્ઠ સરકારી કે ન્યાય ખાતાના કે મીલીટરીનાં અધિકારીઓ, રાજ્યની માલિકીના નિગમોના વરિષ્ઠ એકઝીક્યુટીવ્સ અને મહત્વના રાજકીય પક્ષના પદાધિકારીઓ સહીત, બીજા દેશ દ્વારા મુખ્ય જાહેર કાર્યો સોંપવામાં આવે છે કે સોંપવામાં આવેલ છે.

૧૪."શેલ બેંક"નો અર્થ થાય છે એવી બેંક જે એવા દેશમાં સંસ્થાપિત છે જ્યાં તેની ભૌતિક હાજરી નથી અને તે કોઇપણ નિયંત્રિત નાણાકીય જૂથ સાથે જોડાયેલ નથી.

૧૫."વાયર ટ્રાન્સફર" નો અર્થ થાય છે એવો વ્યવહાર જે સીધો અથવા ટ્રાન્સફર્સની એક સાંકળ દ્વારા, બેંકમાં લાભાર્થી વ્યક્તિ માટે રૂપિયા ઉપલબ્ધ બનાવવાના હેતુથી ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા બેંક મારફત એક શરૂઆત કરનાર વ્યક્તિ (બંને કુદરતી અને કાનૂની)નાં વતી, કરવામાં આવે છે અને કંપની કેવાયસી ઉપરના મુખ્ય નિર્દેશોના પારા ૬૪ મુજબ અનુપાલન સુનિશ્ચિત કરશે.

૧૬."ઘરેલું કે ક્રોસ-બોર્ડર વાયર ટ્રાન્સફર": જ્યારે પ્રવર્તક બેંક અને લાભાર્થી બેંક એક જ દેશમાં સ્થિત એક જ વ્યક્તિ કે અલગ વ્યક્તિ હોય ત્યારે, આવો વ્યવહાર આંતરિક વાયર ટ્રાન્સફર છે, અને જો 'પ્રવર્તક બેંક' જુદા જુદા દેશોમાં આવેલી હોય તો આવો વ્યવહાર ક્રોસ-બોર્ડર વાયર ટ્રાન્સફર છે.

૧૭. "વિડીયો આધારિત ગ્રાહક ઓળખ પ્રક્રિયા (વી-સીઆઈપી)": ચહેરાની ઓળખ વડે ગ્રાહકની ઓળખની વૈકલ્પિક પદ્ધતિ અને સીડીડી પ્રક્રિયા માટે જરૂરી ગ્રાહક ઓળખની માહિતી મેળવવા અને સ્વતંત્ર ખરાઈ મારફત ગ્રાહક દ્વારા રજૂ કરાયેલ માહિતીની સચ્ચાઈ નક્કી કરવા અને પ્રક્રિયાની તપાસણીનું ધ્યાન જાળવવા માટે ગ્રાહક પાસે અસીમ, સુરક્ષિત, જીવંત,સૂચિત સંમતિ આધારિત ઓડિયો-વિડીયો વાતચીત વડે કંપનીના અધિકૃત કર્મચારી દ્વારા ગ્રાહકનું યોગ્ય ધ્યાન. નિયત કરાયેલ ધોરણો અને પ્રક્રિયાઓ સાથે અનુપાલન કરતી આવી પ્રક્રિયાઓને આ મુખ્ય નિર્દેશના હેતુ માટે ફેસ-ટુ-ફેસ સીઆઈપી સમકક્ષ ગણવામાં આવશે.

૧૮. "વાયર ટ્રાન્સફર" સાથે સંબંધિત વ્યાખ્યાઓ:

ક.બેચ ટ્રાન્સફર: બેચ ટ્રાન્સફર એ ઘણા બધા અલગ અલગ વાયર ટ્રાન્સફર્સનું બનેલ હોય છે જે એક જ નાણાકીય સંસ્થાઓને મોકલવામાં આવે છે પરંતુ જેનો અંતિમ હેતુ જુદી જુદી વ્યક્તિઓ માટે હોઈ શકે/ના હોઈ શકે.

ખ.લાભાર્થી: લાભાર્થી એવી કુદરતી કે કાનૂની વ્યક્તિ કે કાનૂની વ્યવસ્થાનું સૂચન કરે છે જેને વિનંતી કરાયેલ વાયર ટ્રાન્સફરનાં પ્રાપ્તિકર્તા તરીકે પ્રવર્તક દ્વારા ઓળખવામાં આવે છે.

ગ.લાભાર્થી આરઈ: તે આરબીઆઈ દ્વારા નિયંત્રિત એક નાણાકીય સંસ્થાનું સૂચન કરે છે જે સીધા કે મધ્યસ્થી કંપની દ્વારા ઓર્ડર આપતી નાણાકીય સંસ્થા તરફથી વાયર ટ્રાન્સફર મેળવે છે અને લાભાર્થી માટે નાણા ઉપલબ્ધ બનાવે છે.

ઘ.કવર ચુકવણી: કવર ચુકવણી એવા વાયર ટ્રાન્સફરને સૂચવે છે જે ઓર્ડર કરતી નાણાકીય સંસ્થા દ્વારા સીધો મોકલાયેલ ચુકવણીના સંદેશાને એક અથવા વધુ મધ્યસ્થી નાણાકીય સંસ્થાઓ મારફત લાભાર્થી નાણાકીય સંસ્થા સાથે ઓર્ડર આપતી નાણાકીય સંસ્થામાંથી ફંડિંગ સુચના (કવર)નાં માર્ગ સાથે જોડે છે.

ચ.ક્રોસ-બોર્ડર વાયર ટ્રાન્સફર: ક્રોસ-બોર્ડર વાયર ટ્રાન્સફર એવા કોઇપણ વાયર ટ્રાન્સફરનું સૂચન કરે છે જ્યાં ઓર્ડર આપતી નાણાકીય સંસ્થા અને લાભાર્થી નાણાકીય સંસ્થા જુદા જુદા દેશોમાં આવેલી હોય છે. આ શબ્દ વાયર ટ્રાન્સફરની એવી કોઇપણ સાંકળનું પણ સૂચન કરે છે જેમાં શામેલ કમ સે કમ એક નાણાકીય સંસ્થા અલગ દેશમાં આવેલી હોય છે.

છ.આંતરિક વાયર ટ્રાન્સફર :આંતરિક વાયર ટ્રાન્સફર એવા કોઇપણ વાયર ટ્રાન્સફરનું સૂચન કરે છે જ્યાં ઓર્ડર આપતી નાણાકીય સંસ્થા અને લાભાર્થી નાણાકીય સંસ્થા ભારતમાં આવેલી હોય છે. આ શબ્દ,તેથી,વાયર ટ્રાન્સફરની એવી કોઇપણ સાંકળનું સૂચન કરે છે જે ભારતની સીમાઓની અંદર સંપૂર્ણ રીતે બને છે, જો કે ચૂકવણીનો સંદેશ ટ્રાન્સફર કરવા માટે ઉપયોગમાં લેવાયેલ સીસ્ટમ બીજા દેશમાં આવેલ હોઇ શકે તો પણ.

જ. નાણાકીય સંસ્થા: વાયર ટ્રાન્સફર સૂચનાઓના સંદર્ભમાં, શબ્દ 'નાણાકીય સંસ્થા' જુદા જુદા સમયે સુધાર્યા મુજબ, એફએટીએફ ભલામણોમાં તેને આપવામાં આવેલ અર્થ મુજબનો જ અર્થ ધરાવશે.

ઝ. મધ્યસ્થી આરઈ : મધ્યસ્થી આરઈ એક એવી નાણાકીય સંસ્થા અથવા કોઇપણ અન્ય સંસ્થાનું સૂચન કરે છે, જે આરબીઆઈ દ્વારા નિયંત્રિત હોય છે જે એક ક્રમ કે કવર ચુકવણીની સાંકળમાં વાયર ટ્રાન્સફરનાં મધ્યસ્થી તત્વ ઉપર ધ્યાન આપે છે અને કંપની અને લાભાર્થી આરઈ, કે બીજી મધ્યસ્થી નાણાકીય સંસ્થાના વતી વાયર ટ્રાન્સફર મેળવે છે અને પ્રસારિત કરે છે

ટ. પ્રવર્તક : પ્રવર્તક એવા ખાતા ધારકનું સૂચન કરે છે જે તે ખાતામાંથી વાયર ટ્રાન્સફરની અનુમતિ આપે છે અથવા જ્યાં કોઈ ખાતું ના હોય ત્યાં,કુદરતી કે કાનૂની વ્યક્તિ વાયર ટ્રાન્સફર કરવા માટે ઓર્ડર આપતી નાણાકીય સંસ્થા પાસે જે ઓર્ડર મુકે છે

ઠ. સિરીયલ ચુકવણી : સિરીયલ ચુકવણી ચુકવણીની એક સીધી ક્રમિક સાંકળનું સૂચન કરે છે જ્યાં વાયર ટ્રાન્સફર અને સાથે આવતો ચૂકવણીનો સંદેશો ઓર્ડર આપતી નાણાકીય સંસ્થા પાસેથી લાભાર્થી નાણાકીય સંસ્થા પાસે એક સાથે સીધો કે એક અથવા વધુ મધ્યસ્થી નાણાકીય  સંસ્થાઓ (દા.ત.પ્રવક્તા બેંકો) મારફત સફર કરે છે.

ડ. સ્ટ્રેટ-થ્રુ પ્રોસેસિંગ : સ્ટ્રેટ-થ્રુ પ્રોસેસિંગ ચુકવણીના અ એવા વ્યવહારોનું સૂચન કરે છે જે શારીરિક હસ્તક્ષેપ માટેની જરૂરીયાત વિના ઈલેક્ટ્રોનિક રીતે કરવામાં આવે છે.

ઢ. અનોખા વ્યવહારનો રેફરન્સ નંબર: અનોખા વ્યવહારનો રેફરન્સ નંબર  અક્ષરો, સંખ્યાઓ કે પ્રતિકોનાં એક સંયોજનનું સૂચન કરે છે જે, વાયર ટ્રાન્સફર માટે ઉપયોગમાં લેવાતી ચુકવણી અને પતાવટની સિસ્ટમ કે સંદેશાની સીસ્ટમનાં પ્રોટોકોલ્સ સાથે અનુરૂપતામાં, ચુકવણીની સેવા પૂરી પાડનાર દ્વારા નક્કી કરવામાં આવે છે.

ણ.વાયર ટ્રાન્સફર: વાયર ટ્રાન્સફર પ્રવર્તક અને લાભાર્થી વ્યક્તિ એક જ વ્યક્તિ ભલે હોય તેને લક્ષમાં લીધા વિના, એક લાભાર્થી નાણાકીય સંસ્થા ઉપર લાભાર્થી માટે નાણા ઉપલબ્ધ કરવાના હેતુથી . ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા નાણાકીય સંસ્થા મારફત એક પ્રવર્તક વતી કરવામાં આવેલ કોઇપણ વ્યવહારનું સૂચન કરે છે.

આ દસ્તાવેજમાં નિયત કરાયા સિવાયની અન્ય તમામ અભિવ્યક્તિઓ બેન્કિંગ નિયમન ધારો, ૧૯૪૯, રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાનો કાયદો, ૧૯૩૫, હવાલાની અટકાયતનો કાયદો, ૨૦૦૨, હવાલાની અટકાયત (દસ્તાવેજોની જાળવણી)નાં નિયમો, ૨૦૦૫, આધાર (નાણાકીય અને અન્ય સબસીડીઓ, લાભો અને સેવાઓની લક્ષિત પહોંચ)નો કાયદો, ૨૦૧૬ તેના હેઠળ બનેલા નિયમનો, કોઇપણ ધારાકીય ફેરફાર કે તે બાબતે પુન;કાયદા કે વ્યાપારી બોલચાલમાં ઉપયોગમાં લેવાયા મુજબ, જે રીતનો કિસ્સો હોય તે મુજબ હેઠળ તેમને આપવામાં આવેલ આવેલ અર્થ મુજબનો જ અર્થ ધરાવશે.

## પ્રકરણ – ૨ સામાન્ય

૪.આ નીતિનું માળખું પીએમએલ કાયદો/નિયમો સાથે અનુપાલન સુનિશ્ચિત કરવા માટેનો પ્રયાસ કરે છે, જેમાં આ બાબતે નિયમનકારી સૂચનાઓનો સમાવેશ થાય છે અને હવાલા, આતંકવાદીને નાણા પૂરા પાડવાની પ્રવૃત્તિ અને અન્ય સંબંધિત જોખમોમાંથી ઉદભવતા જોખમો સામે રક્ષણ પૂરું પાડવું જોઇએ.
૫.જ્યારે ઉપર જણાવ્યા મુજબની કાનૂની/નિયમનકારી જરૂરીયાતોનાં અનુપાલનને સુનિશ્ચિત કરવામાં આવે ત્યારે, એએચએફએલ એફએટીએફનાં ધોરણો અને એફએટીએફની માર્ગદર્શક નોંધોને જોખમોને બેહતર રીતે નિયંત્રિત કરવા માટે ધ્યાનમાં લઈને ઉત્તમ આંતરરાષ્ટ્રીય પ્રથાઓના સ્વીકારને પણ ધ્યાનમાં લઇ શકે છે.

### નીતિ નીચેના ચાર મહત્વના તત્વોનો સમાવેશ કરશે :

(ક)ગ્રાહક સ્વીકાર નીતિ;
(ખ)જોખમનું વર્ગીકરણ અને વ્યવસ્થાપન;
(ગ)ગ્રાહક ઓળખની પ્રક્રિયાઓ (સીઆઈપી); અને
(ઘ)વ્યવહારોની દેખરેખ

### ૬. કંપની દ્વારા હવાલા અને આતંકવાદીને નાણા પૂરા પાડવાના જોખમનું માપન

(ક) કંપની તેના ગ્રાહકો, દેશો, ભૌગોલિક વિસ્તારો, પ્રોડક્ટસ, સેવાઓ, વ્યવહારો કે ડીલીવરીના માધ્યમો વગેરે માટે તેના હવાલા અને આતંકવાદીને નાણા પૂરા પાડવાનાં જોખમનું શમન કરવા માટે તેની ઓળખ કરવા, માપન કરવા અને અસરકારક ઉપાયો લેવા માટે સામયિક રીતે'હવાલા અને આતંકવાદીને નાણા પૂરા પાદ્વાઇ પ્રવૃત્તિનાં જોખમ માપન' ની પ્રવૃત્તિ હાથ ધરશે.

માપનની પ્રક્રિયાએ સંપૂર્ણ જોખમની કક્ષા નક્કી કરતા પહેલા સંબંધિત તમામ જોખમના પરિબળોને ધ્યાનમાં લેવા જોઇએ અને શમનની ઉચિત કક્ષા અને પ્રકાર લાગુ પાડવાનું છે. આંતરિક જોખમ માપન તૈયાર કરવા સમયે, કંપની સંપૂર્ણ ક્ષેત્ર વિશેષની નિર્બળતાઓ, જો કોઇ હોય તો તેની જાણકારી લેશે કે જે નિયમનકાર. નિરીક્ષક જુદા જુદા સમયે કંપનીને જણાવી શકે છે.

(ખ) કંપની દ્વારા જોખમનાં માપનને યોગ્ય રીતે દસ્તાવેજ સ્વરૂપે રજૂ કરવામાં આવશે અને પ્રકાર, કદ, ભૌગોલિક હાજરી, કંપનીની પ્રવૃતિઓ/માળખા વગેરેની જટિલતાનાં સમપ્રમાણમાં હશે. વધુમાં, જોખમ માપન પ્રવૃતિની સામયિકતા કંપનીનાં બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવશે, જોખમ માપન પરિણામ સાથે સુસંગતતામાં. જો કે, તેની કમ સે કમ વાર્ષિક રીતે સમીક્ષા થવી જોઇએ. ઊંચા જોખમવાળા ગ્રાહકો, જો કોઈ હોય તો, તેના માટે, જોખમ માપનની પ્રવૃત્તિ અર્ધ વાર્ષિક ધોરણે કરવામાં આવશે.
(ગ) પ્રવૃતિનું પરિણામ બોર્ડ સમક્ષ અથવા જેની પાસે આ બાબતે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે તેવી બોર્ડની કોઇપણ સમિતિ સમક્ષ મુકવામાં આવશે, અને સક્ષમ સતાઓ અને જાતે નિયમન કરતી સંસ્થાઓને ઉપલબ્ધ બનવી જોઇએ.
(ઘ) કંપની જ્ઞાત જોખમનાં શમન અને નિયંત્રણ માટે એક જોખમ આધારિત માર્ગનો ઉપયોગ કરશે અને તે મુજબ, આ બાબતે બોર્ડ દ્વારા માન્ય નીતિઓ, નિયંત્રણો અને પ્રક્રિયાઓ ધરાવશે. વધુમાં, કંપની નિયંત્રણોનાં અમલની દેખરેખ રાખશે અને જો જરૂરી હોય તો તેમને વધારશે.

### ૭. નિયુક્ત કરાયેલ ડાયરેકટર

(ક) એક "નિયુક્ત કરાયેલ ડાયરેકટર" નો અર્થ થાય છે પીએમએલ કાયદો અને નિયમોનાં પ્રકરણ ૪ હેઠળ લાદવામાં આવેલ જવાબદારીઓ સાથે સંપૂર્ણ અનુપાલન સુનિશ્ચિત કરવા માટે કંપની દ્વારા નિયુક્ત કરાયેલ એક વ્યક્તિ અને અને તેને બોર્ડ દ્વારા નીમવામાં આવશે. કંપનીએ આ નીતિ હેઠળ તેના "નિયુક્ત કરાયેલા ડાયરેક્ટર" તરીકે મેનેજીંગ ડાયરેક્ટર/ મુખ્ય વહીવટી અધિકારીને નીમેલ છે અને આ બાબતે એનએચબી/આરબીઆઈ અને એફઆઈયુ-આઇએનડીને જાણ કરેલ છે.

(ખ) નિયુક્ત કરાયેલ ડાયરેકટરનું નામ, હોદો અને સરનામું, અગાઉ રજૂ કરાયેલ માહિતીમાં કોઇપણ ફેરફારો સહીત, એનએચબી/આરબીઆઈ અને એફઆઈયુ-આઇએનડીને જણાવવામાં આવશે.

(ગ) કોઇપણ કિસ્સામાં, મુખ્ય અધિકારીને 'નિયુક્ત કરાયેલ ડાયરેક્ટર' તરીકે નીમવામાં આવશે નહીં.

## ૮. મુખ્ય અધિકારી

(ક) કંપની એક "મુખ્ય અધિકારી"ની નિમણૂંક કરશે (ઇચ્છનીય રીતે જનરલ મેનેજરની કક્ષાનો કે કંપનીનાં સીએમડી/એમડીની તરત નીચેની કક્ષાનો). કંપનીએ આ નીતિ હેઠળ મુખ્ય અધિકારી તરીકે તેના કંપની સેક્રેટરીની નિમણૂંક કરેલ છે અને આ બાબતની એનએચબી/આરબીઆઇ અને એફઆઈયુ-આઈએનડીને જાણ કરેલ છે.

(ખ) મુખ્ય અધિકારી અનુપાલનને સુનિશ્ચિત કરવામાં, વ્યવહારોની દેખરેખ રાખવા માટે, અને કાયદા/અધિનિયમો હેઠળ જરૂરી હોય તે મુજબ માહિતી આપવા અને અને જાણ કરવા માટે જવાબદાર રહેશે.

(ગ) મુખ્ય અધિકારીનું નામ, હોદો અને સરનામું અગાઉ રજૂ કરાયેલ માહિતીમાં કોઇપણ ફેરફારો સહીત, ની એનએચબી/આરબીઆઇ અને એફઆઈયુ-આઈએનડીને માહિતી આપવામાં આવશે.

## ૯. પોલિસી બાબતે અનુપાલન

(ક) કંપની નીચેના દ્વારા પોલિસી બાબતે અનુપાલનને સુનિશ્ચિત કરશે :
(૧) કેવાયસી અનુપાલનનાં હેતુ માટે 'વરિષ્ઠ સંચાલન' કોણ બનાવે છે તે સ્પષ્ટ કરીને.
(૨) નીતિઓ અને પ્રક્રિયાઓનાં અસરકારક અમલ માટે જવાબદારીની ફાળવણી.
(3) કાનૂની અને નિયમનકારી જરૂરીયાતો સહીત, કંપનીની નીતિઓ અને પ્રક્રિયાઓનાં અનુપાલન કાર્યોના સ્વતંત્ર મૂલ્યાંકન.
(૪) કેવાયસી/એએમએલ નીતિઓ અને પ્રક્રિયાઓ બાબતે અનુપાલનની ખરાઈ કરવા માટે સહવર્તી/આંતરિક ઓડીટ સિસ્ટમ.
(૫) ત્રિમાસિક રીતે ઓડીટ નોંધોની રજૂઆત અને ઓડીટ સમિતિ સમક્ષ અનુપાલન.

(ખ) કંપની એ સુનિશ્ચિત કરશે કે કેવાયસીનાં ધોરણો અંગે અનુપાલન નક્કી કરવાના નિર્ણય લેવાના કાર્યો બહારથી કરવામાં આવે નહીં.

**પ્રકરણ – ૩**

**ગ્રાહક સ્વીકાર નીતિ**

૧૦. કંપનીએ કંપનીની ક્રેડીટ નીતિના સ્વરૂપમાં ગ્રાહક સ્વિકાર નીતિ ઘડી કાઢેલ છે.

૧૧. પાસાઓની સામાન્યતાને બાધ આવ્યા વિના કે જે ગ્રાહક સ્વીકારની નીતિ ધરાવી શકે છે, એએચએફએલ સુનિશ્ચિત કરશે કે :
(ક) કોઇપણ ગ્રાહકનો સ્વિકાર કરવામાં આવે નહીં , અથવા લોન ખાતું ખોલવામાં આવે નહીં, અનામી કે કાલ્પનિક કે બેનામી નામમાં.
(ખ) કોઇપણ ગ્રાહકનો સ્વિકાર કરવામાં આવે નહીં , અથવા લોન ખાતું ખોલવામાં આવે નહીં, જ્યાં એએચએફએલ, ગ્રાહકના અસહકારના કારણે અથવા ગ્રાહક દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો/માહિતીની અવિશ્વસનીયતાનાં કારણે યોગ્ય સીડીડી ઉપાયો લાગુ પાડવા માટે અસમર્થ હોય.
(ગ) સીડીડી પ્રક્રિયાનું પાલન કર્યા વિના કોઇપણ વ્યવહાર કે લોન ખાતા આધારિત સંબંધ કરવામાં આવતો નથી.
(ઘ) લોન ખાતું ખોલવા સમયે અને સામયિક અપડેશન દરમિયાન કેવાયસીનાં હેતુ માટે ફરજીયાત માહિતી મેળવાની છે, તે સ્પષ્ટ રીતે જણાવવામાં આવે છે.
(ચ) ક્રેડીટ નીતિ મુજબ ‘વૈકલ્પિક’/વધારાની માહિતી લોન ખાતું ખોલવામાં આવે પછી ગ્રાહકની સ્પષ્ટ સંમતિ સાથે મેળવવામાં આવે છે.
(છ) કંપની શાખા/યુસીઆઈસી કક્ષાએ સીડીડી પ્રક્રિયા લાગુ પાડશે. આમ, જો કંપનીનો એક હયાત કેવાયસી અનુપાલન કરનાર ગ્રાહક તે જ કંપની પાસે બીજી લોન સુવિધા મેળવવાની ઈચ્છા રાખે તો, નવા સીડીડીના ઉપયોગની કોઇ જ જરૂરીયાત રહેશે નહીં.
(જ) તમામ સંયુક્ત અરજદારો માટે સીડીડી પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે.
(ઝ)એવા સંજોગો કે જેમાં, એક ગ્રાહકને બીજી વ્યક્તિ/સંસ્થા વતી કાર્ય કરવાની મંજૂરી આપવામાં આવે છે, તે સ્પષ્ટ રીતે જણાવવામાં આવે છે.
(ટ) એ સુનિશ્ચિત કરવા માટે અનુકૂળ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવે છે કે ગ્રાહકની ઓળખ એવી કોઇપણ વ્યક્તિ કે સંસ્થા સાથે બંધ બેસે નહીં જેનું નામ આરબીઆઇ દ્વારા પરિપત્રિત મંજૂરીઓની યાદીમાં દેખાય છે.
(ઠ) આરબીઆઈ દ્વારા જારી કરાયેલ કોઇપણ નકારાત્મક યાદીમાં જેનું નામ જોવા મળે છે તેવી કોઇપણ વ્યક્તિ કે સંસ્થા સાથે સંબંધિત કોઇપણ ગ્રાહકનો સ્વિકાર કરવામાં આવશે નહીં કે લોન ખાતું ખોલવામાં આવશે નહીં.
(ડ) જ્યાં પરમાનેન્ટ એકાઉન્ટ નંબર (પીએએન) મેળવવામાં આવે છે ત્યાં આ બાબતની જારી કરનાર સત્તાની ખરાઈની સુવિધામાંથી ખરાઈ કરવામાં આવશે.
(ઢ) જ્યાં ગ્રાહક પાસેથી એક સમકક્ષ ઈ-દસ્તાવેજ મેળવવામાં આવે છે ત્યાં, કંપની ઇન્ફોર્મેશન ટેકનોલોજી કાયદો, ૨૦૦૦ (૨૦૦૦નો ૨૧)ની જોગવાઇઓ મુજબ ડીજીટલ સહીની ખરાઈ કરશે.
(ણ) જ્યાં ગૂડસ એન્ડ સર્વિસીસ ટેક્ષ (જીએસટી) ની વિગતો ઉપલબ્ધ છે ત્યાં જીએસટીની જારી કરનાર સત્તાની તપાસ/ખરાઈની સુવિધામાંથી ખરાઈ કરવામાં આવશે.

૧૨.ગ્રાહક સ્વિકાર નીતિ સામાન્ય જનતાનાં સભ્યો, ખાસ કરીને તેમને જેઓ નાણાકીય રીતે કે સામાજિક રીતે વંચિત છે તેમને નાણાકીય સુવિધાના ઇનકારમાં પરિણમશે નહીં.
૧૩. જ્યાં કંપની હવાલા કે આંતકવાદીને નાણા પૂરા પાડવાની એક શંકાનું નિર્માણ કરે ત્યાં, અને તે યોગ્ય રીતે એવું માને કે સીડીડી પ્રક્રિયા કરવાની બાબત ગ્રાહકને સાવધાન કરશે ત્યાં તે સીડીડી પ્રકિયા કરશે નહીં અને તેના બદલે એફઆઇયુ-આઇએનડી પાસે એસટીઆર દાખલ કરશે.

## પ્રકરણ – ૪

**જોખમ વર્ગીકરણ અને વ્યવસ્થાપન**

૧૪. જોખમ વર્ગીકરણ અને વ્યવસ્થાપન માટે, એએચએફએલ જોખમ આધારિત માર્ગ ધરાવશે જે નીચેની બાબતોનો સમાવેશ કરશે.
(ક) કંપનીનાં માપન અને જોખમની વિભાવનાનાં આધારે ગ્રાહકોને **નિમ્ન, મધ્યમ અને ઊંચા જોખમ** વર્ગ મુજબ વર્ગીકૃત કરવામાં આવશે.

(ખ) માપદંડો જેવા કે ગ્રાહકની ઓળખ, સામાજિક/નાણાકીય સ્થિતિ, ધંધાકીય પ્રવૃતિનો પ્રકાર, અને ગ્રાહકના ધંધા અને ગ્રાહકો તેમજ વ્યવહારો, આપવામાં આવતી પ્રોડકટસ/સેવાઓના પ્રકાર, પ્રોડક્ટ/સેવાઓ પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતા ડીલીવરીના માધ્યમ, કરવામાં આવેલ વ્યવહારોના પ્રકાર-રોકડ ચેક/નાણાકીય દસ્તાવેજો, વાયર ટ્રાન્સફર, ફોરેક્ષ વ્યવહારો વગેરેને આવરી લેતા તેમના સ્થાનના ભૌગોલિક જોખમ અંગેની માહિતીનાં આધારે જોખમનું વર્ગીકરણ કરવામાં આવશે. જયારે ગ્રાહકની ઓળખને ધ્યાનમાં લેવામાં આવે ત્યારે, જારી કરનાર સત્તાઓ દ્વારા આપવામાં આવતી ઓનલાઈન કે અન્ય સેવાઓ દ્વારા ઓળખ દસ્તાવેજોની પુષ્ટિ કરવા માટેની ક્ષમતાને પણ નીચે આપ્યા મુજબ પરીબળ તરીકે ગણી શકાય છે.

**1. ઓછું જોખમ ગ્રાહક:** સ્વભાવિક (ઉચ્ચ નેટ વાર્થ સિવાય) અને અન્ય વ્યક્તિઓ અને એન્ટિટીઓ જેની ઓળખ અને આવકની સ્ત્રોત સરળ રીતે ઓળખી શકાય તેવા અને તેમની લેન-દેન મોટાંતરે ઓળખેલા પ્રોફાઇલને સારી રીતે મેળવે છે. આમ રીતે પ્રકરણો ને અનુસરવામાં આવે છે:

i. પગારદાર કર્મચારી
ii. સ્વ-રોજગારીમાં રહેલા વ્યક્તિઓ / પ્રોપ ફર્મ્સ
iii. સરકારી વિભાગ અને સરકારી કંપનીઓ
iv. લિમિટેડ કંપનીઓ (પબ્લિક & પ્રાઇવેટ)
v. ભાગીદારીની ફર્મ (રજિસ્ટર્ડ ડીડ)
vi. એનઆરઆઈના રૂ. 25 લાખ સુધી લોન, જેની ચૂકવણી એનઆરઓ એકાઉન્ટથી થાય અને અગ્રામાન ભૂગતાન થાય છે તેવું અને ચૂકવણી ઓવરસીઝ રીમિટન્સથી થાય છે.
vii. બધા લોન કેસીઝ અપ ટુ રૂ. 25 લાખ સુધી, જ્યાં પ્રયોગ થયેલા પ્રમાણિક આવકની પુરાવામાં ચેતવણીશીલ દસ્તાવેજો અને સરોગેટ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે, ઉદાહરણ કે: કેશ પગારદાર, કોઈ આવકની પુરાવા દસ્તાવેજો અને અસારિ સ્વરોજગારી ગ્રાહકો.
viii. બધા નિકાસો સુધી રૂ. 25 લાખ સુધી
ix. ગૃહિણી
x. ન કામ કરતા

**કેવાઈસીનું પુનઃમૂલ્યાંકન:** આ શ્રેણી હેઠળ કેવાઈસીનું પુનઃમૂલ્યાંકન અને બદલાવ નું અપડેશન ઋણ ઉત્પત્તિથી 10 વર્ષ પહેલાં અથવા તેથી પહેલાં થાય છે.

**2. મધ્યમ જોખ્મ ગ્રાહક:** આ અંતિમને એવા ગ્રાહકો જેના જોખમ સામાન્ય જોખમ કરતાં વધુ હોય તેવાઓ આ વિભાગમાં શ્રેણીબદ્ધ કરવામાં આવ્યા જ શોધાયા પછી, જેના માટે વધુ ધ્યાનપૂર્વક અનુસંધાન જરૂરી છે જે સાથે ગ્રાહકનો બેકગ્રાઉન્ડ, ક્રિયાની પ્રકૃતિ અને સ્થાન, મૂળભૂત દેશ, ધનની સ્ત્રોત અને તેનો / તેની ગ્રાહક પ્રોફાઇલ, આદિ. સાથે સાચી ઓળખાણ તેનો પરીપૂર્ણ છે અને સાથે ઉચિત પરીક્ષણ છે. આ શ્રેણીમાં આવે છે:

i. ગેસ ડિલર્સ, કાર / બોટ / વિમાન ડીલર્સ
ii. ઇલેક્ટ્રોનિક્સ દુકાન
iii. પ્રવાસ એજન્સી, ટેલીમાર્કેટર્સ, ટેલીકમ્યુનિકેશન સેવા પ્રદાતાઓ.
iv. મોર્ટગેજ સ્ટોર, નિલામો, રેસ્ટોરન્ટ્સ, ખૂણી દુકાનો, મુવી થીએટર્સ
v. એકલ પ્રેક્ટીશનર્સ
vi. નોટરી એજેન્ટ્સ
vii. આન્ય રૂ. 25 લાખ પરથી ઉપરના બધા લોન્સ, જેમાં અનુસરક પદ્ધતિઓ અથવા ફોર્મલ આવક પુરાવામાં દસ્તાવેજો અનેલી પુરાવામાં સોરોગેટ પદ્ધતિઓ વપરાશ કરવામાં આવે છે.
viii. એનઆરઆઇ માટે રૂ. 25 લાખ પરથી ઉપર લોન્સ, જેમાં લોન્ની ચૂકવણી NRO એકાઉન્ટથી થાય છે.

ix. આન્ય વ્યક્તિઓ અને નોંધાયેલ એન્ટિટીસ પર રૂ.25 લાખ પરથી વધુની બધી જમાણી.
xi. સ્થાયી / અસ્તાયી / અયોજનક આવક સાથે પગારવાર ગ્રાહકો.

3. **ઉચ્ચ જોખ્મ ગ્રાહક:** આ શ્રેણીમાં ઉચ્ચ જોખ્મ આપતા જોખ્મ મેળવવાના ગ્રાહકોને શ્રેણીબધ્દ્ કરવામાં આવે છે અને આ શ્રેણી માટે, પર્યાવરણમાં અત્યંત વધુ ધ્યાનપૂર્વક અનુસંધાન જરૂરી છે સાથે સાચી ઓળખાણ પર બહારના પહેલે. આમ રીતે પ્રકરણો ને અનુસરવામાં આવે છે:

i. રાજકીય ઉભા વ્યક્તિઓ (PEP)
ii. PEP ના કુટુંબના સભ્યો અને નજીકના રિશ્તેદારો
iii. ખૂબ મોટા નગદી લેવાની (રૂ. 10 લાખ અને તેથી વધુ) અને સંદિગ્ધ લેવાનીઓ FIU-IND માં અહીયાં પ્રગટાવેલ છે.
iv. સારી માહિતી ઉપલબ્ધ અનુસાર સંદિગ્ધ રીપ્યુટેશનવાળા વ્યક્તિઓ
v. જે વ્યક્તિઓની આવકની સ્રોત અજ્ઞાત છે અથવા ડોક્યુમેન્ટરી પ્રૂફ જવાબદાર છે.
vi. ગ્રાહક અથવા સંદિગ્ધ વ્યક્તિઓ સાથે ના ચહેરાતરફાં મુલાકાત
vii. નોન-ગોવાલની, ટ્રસ્ટ, ચેરીટીસ અને ચેરીટી પ્રાપ્તિ મળે તેવી સંસ્થાઓ.
viii. ટ્રસ્ટ / સોસાયટીસ
ix. ઉચ્ચ નેટ વર્થ વ્યક્તિઓ (નિવેશ પરિમિત રૂ. 1.00 કરોડથી વધુ)
x. નજીકના કુટુંબ સ્વામિત્વ અથવા લાભકારક સંમતિ સાથે કંપનીઓ.
xi. વિદેશી નાણાં વિયંત્રણ અધિનિયમ અંતર્ગત એકાઉન્ટ્સ.
xii. નાન-રેસિડેન્ટ ગ્રાહકો.
xiii. નગદીમાં ગુરોવાર વ્યાપારોના એકાઉન્ટ્સ, જેમ કે સોનાના ડીલર્સ (ઉપ-ડીલર્સ સહિત) અને જ્વેલર્સ ના એકાઉન્ટ્સ.

**કેવાઇસીનું પુનઃમૂલ્યાંકન:** આ શ્રેણી હેઠળ કેવાઇસીનું પુનઃમૂલ્યાંકન અને ફેરફાર જોવાનું પુનરાવર્તન પ્રારંભ ના તારીખ સુધી અથવા તેના પહેલાં અથવા તે પહેલાં થાય છે.

> એ શરતે કે કલ્પેલ જોખમ સંબંધિત ગ્રાહકોનાં જુદા જુદા વર્ગો પાસેથી એકત્ર કરાયેલ વિવિધ અન્ય માહિતી બિનધ્રુણાસ્પદ હોય અને આ બાબત ક્રેડીટ નીતિમાં જણાવવામાં આવેલ હોઇ શકે છે.
>
> ફાઇનાન્સીયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ) દ્વારા હવાલા પ્રતિરોધક (એએમએલ) નાં ધોરણો ઉપર અને ત્રાસવાદને નાણા પૂરા પાડવાનો સામનો કરવા (સીએફટી) ઉપર કરાયેલ ભલામણોનો પણ જોખમના માપનમાં ઉપયોગ કરવો જોઇએ.

4. ગ્રાહકનું જોખમ વર્ગીકરણ અને આવા વર્ગીકરણ માટેનાં ખાસ કારણો ખાનગી રાખવામાં આવશે અને ગ્રાહકને સાવધ કરવાનું ટાળવા માટે ગ્રાહક સમક્ષ જાહેર કરવામાં આવશે નહીં.

**પ્રકરણ ૫**

## <u>ગ્રાહક ઓળખ પ્રક્રિયા (સીઆઈપી)</u>

૧૫. કંપની નીચેના કિસ્સાઓમાં ગ્રાહકોની ઓળખ પ્રક્રિયા હાથ ધરશે:
(ક) ગ્રાહક સાથે લોન ખાતા સંબંધિત સંબંધોની શરૂઆત.
(ખ) જ્યારે તેને તેણે મેળવેલ ગ્રાહક ઓળખના ડેટાની પ્રમાણભૂતતા કે પૂરતાપણા અંગે શંકા હોય ત્યારે.
(ગ) એજન્ટસ તરીકે ત્રીજા પક્ષકારની પ્રોડક્ટસ વેંચવી, તેમની પોતાની પ્રોડક્ટસ વેંચવી, પચાસ હજાર કરતા વધુ રૂપિયાના ક્રેડીટ કાર્ડ્સ/વેંચાણની બાકી રકમોની ચુકવણી અને પ્રિ પેડ/મુસાફરી કાર્ડસ અને કોઇપણ અન્ય પ્રોડકટસનું રીલોડીંગ.
(ઘ) એક ખાતા સિવાયના આધાર વાળા ગ્રાહક માટે વ્યવહારો કરવા; જે એક દાખલ થતો ગ્રાહક હોય જ્યાં સમાવિષ્ઠ રકમ પચાસ હજાર જેટલી કે તેનાથી વધારે થતી હોય, પછી ભલે તે એક વ્યવહાર કે અનેક વ્યવહારો કે જે જોડાયેલા હોવાનું જણાય તેના દ્વારા કરવામાં આવેલ હોય.
(ચ) જ્યારે કંપની પાસે એવું માનવા માટે કારણ હોય અથવા એવી શંકા ધરાવે કે ગ્રાહક રૂપિયા પચાસ હજારની સીમા નીચે વ્યવહારોની એક શ્રેણીમાં વ્યવહારોની ઈરાદાપૂર્વક ગોઠવણી કરી રહ્યો છે.
(છ) કંપની એ સુનિશ્ચિત કરશે કે એએફએચએલ પાસેથી લોન મેળવવા સમયે ઓળખાણ મેળવવા પ્રયાસ કરવામાં આવેલ નથી.

૧૬. લોન ખાતા આધારિત સંબંધની શરૂઆતનાં સમયે ગ્રાહકોની ઓળખની ખરાઈ કરવાનાં હેતુ માટે, કંપની, તેની પસંદગીએ, નીચેની શરતોને આધીન, ત્રીજા પક્ષકાર દ્વારા કરાયેલ ગ્રાહક ઉપરના યોગ્ય ધ્યાન ઉપર આધાર રાખશે :

(ક) ત્રીજા પક્ષકાર દ્વારા કરવામાં આવેલ ગ્રાહક ઉપરના યોગ્ય ધ્યાનનાં દસ્તાવેજો કે માહિતી ત્રીજા પક્ષકાર પાસેથી અથવા કેન્દ્રીય કેવાયસી રેકોર્ડસ રજીસ્ટ્રી પાસેથી બે દિવસોમાં મેળવવામાં આવે છે.

(ખ) ઓળખનો ડેટા ગ્રાહક ઉપરના ઉચિત ધ્યાન સંબંધિત અન્ય સંબંધિત દસ્તાવેજની નકલો વિના વિલંબે વિનંતી ઉપર ત્રીજા પક્ષકાર પાસેથી ઉપલબ્ધ બનાવવામાં આવશે તે અંગે તેમની જાતને સંતુષ્ઠ કરવા માટે કંપની દ્વારા પૂરતા પગલા લેવામાં આવે છે.

(ગ) ત્રીજા પક્ષકારને પીએમએલ કાયદા હેઠળ જરૂરીયાતો અને બંધનો સાથે અનુરૂપતામાં ગ્રાહક ઉપરના ઉચિત ધ્યાન અને દસ્તાવેજ જાળવણીની જરૂરિયાતો માટે નિયંત્રિત કરવામાં, નિરીક્ષણ કરવામાં કે દેખરેખ રાખવામાં આવે છે અને તે માટેના અનુપાલન માટેના ઉપાયો અમલમાં ધરાવે છે.

(ઘ) ત્રીજો પક્ષકાર ઊંચા જોખમ તરીકે માપવામાં આવેલ એક દેશ કે ન્યાય અધિકાર ક્ષેત્રમાં સ્થિત રહેશે નહીં.

(ચ) ગ્રાહક ઉપર ઉચિત ધ્યાન માટેની અંતિમ જવાબદારી અને સુધારેલ ઉચિત ધ્યાનના ઉપાયો શરુ કરવાની બાબત. લાગુ પડે તે મુજબ, કંપનીની રહેશે.

**પ્રકરણ ૬**

## ગ્રાહક ઉપર ઉચિત ધ્યાન (સીડીડી) પ્રક્રિયા

### ભાગ ૧ – વ્યક્તિઓના કિસ્સામાં ગ્રાહક ઉપર ઉચિત ધ્યાન (સીડીડી)ની પ્રક્રિયા

૧૭. સીડીડી કરવા માટે, કંપની લોન ખાતા સંબંધિત સંબંધ સ્થાપિત કરવા સમયે અથવા જે લાભાર્થી માલિક. અધિકૃત સહી કરનાર કે કાનૂની સંસ્થા સાથે સંબંધિત પાવર ઓફ એટર્ની છે તેવી વ્યક્તિ સાથે વ્યવહાર કરવા સમયે નીચેની બાબત મેળવશે :

(ક) આધાર નંબર જ્યાં,
(૧) તે આધાર (નાણાકીય અને અન્ય સબસીડીઓ, લાભો અને સેવાઓની લક્ષિત પહોંચ) કાયદો, ૨૦૧૬ (૨૦૧૬નો ૧૮) ની કલમ ૭ હેઠળ અધિસુચિત કોઇપણ યોજના હેઠળ કોઇપણ લાભ કે સબસીડી મેળવવા માટે ઈચ્છુક હોય; અથવા
(૨) પીએમએલ કાયદાની કલમ ૧૧ કની પેટા કલમ (૧)ની પ્રથમ જોગવાઈના સંબંધમાં તે સ્વૈચ્છિક રીતે તેનો આધાર નંબર રજૂ કરવાનો નિર્ણય કરે છે; અથવા
(ક) આધાર નંબર ધરાવવાનો પુરાવો જ્યાં ઓફલાઈન ખરાઈ કરી શકાય છે; અથવા
(ખ) આધાર નંબર ધરાવવાનો પુરાવો જ્યાં ઓફલાઈન ખરાઈ કરી શકાતી નથી કોઇપણ અથવા ઓવીડી કે તેને સમકક્ષ ઈ-દસ્તાવેજ જે તેની ઓળખ અને સરનામું ધરાવતો હોય; અને
(ગ) સીકેવાયસીઆરમાંથી દસ્તાવેજો ડાઉનલોડ કરવાની સ્પષ્ટ સંમતિ સાથે કેવાયસી ઓળખ કરનાર; અને
(ઘ) પરમાનેન્ટ એકાઉન્ટ નંબર (પીએએન) અથવા તેને સમકક્ષ ઈ-દસ્તાવેજ અથવા આવક વેરાના નિયમો, ૧૯૬૨માં નિયત કર્યા મુજબ ફોર્મ નંબર ૬૦; અને

(ચ) ધંધાના પ્રકાર અને ગ્રાહકની નાણાકીય સ્થિતિ ના સંબંધમાં સહિતના આવા અન્ય ઓળખ દસ્તાવેજો અથવા તેને સમકક્ષ ઈ-દસ્તાવેજો જે કંપનીની ક્રેડીટ નીતિ મુજબ કંપની દ્વારા જરૂરી હોય;

એ શરતે કે જ્યાં ગ્રાહકે નીચેને બાબત રજૂ કરેલ હોય :

૧) પીએમએલ કાયદાની કલમ ૧૧ ક ની પેટા કલમ (૧) ની પ્રથમ જોગવાઈ સાથે અનુરૂપતામાં આધાર નંબર, કંપની યુનિક અઈડેન્ટીફીકેશન ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈ-કેવાયસી પ્રમાણીકરણ સુવિધાનો ઉપયોગ કરીને ગ્રાહકના આધાર નંબર નાં પ્રમાણીકરણને કરશે. વધુમાં, આવા કિસ્સામાં, જો ગ્રાહક સેન્ટ્રલ આઈડેન્ટીટીસ ડેટા રીપોઝીટરીમાં ઉપલબ્ધ ઓળખ માહિતી મુજબના સરનામા કરતા અલગ હાલનું સરનામું પૂરું પાડવા માંગે તો, તે કંપનીને તે બાબતનું એક સ્વ-કબૂલાતનામું આપી શકે છે.

૨) આધાર નંબર હોવાનો પુરાવો જ્યાં ઓફલાઈન ખરાઈ કરી શકાય છે ત્યાં, કંપની ઓફલાઈન ખરાઈ કરશે.

૩) ઓવીડીનો એક સમકક્ષ ઈ-દસ્તાવેજ, જ્યાં કંપની માહિતી અને ટેકનોલોજીનો કાયદો, ૨૦૦૦ (૨૦૦૦નો ૨૧) અને તે હેઠળ જારી કરાયેલ કોઇપણ નિયમોની જોગવાઈઓ મુજબ ડીજીટલ સહીની ખરાઈ કરશે અને અનુસુચિ ૧ હેઠળ જણાવ્યા મુજબ એક જીવંત ફોટો લેશે.

૪) કોઇપણ ઓવીડી અથવા આધાર નંબર હોવાનો પુરાવો જ્યાં ઓફલાઈન ખરાઈ કરી શકાતી નથી, કંપની અનુસુચી ૧ હેઠળ જણાવ્યા મુજબ ડીજીટલ કેવાયસી મારફત ખરાઈ કરશે, જ્યાં સમકક્ષ ઈ-દસ્તાવેજ રજૂ કરવામાં આવે નહીં ત્યાં આધાર નંબર કે ઓવીડી હોવાના પુરાવાની પ્રમાણિત નકલ અને તાજેતરનો પાસપોર્ટ ફોટોગ્રાફ મેળવવાની મંજૂરી આપતા સરકાર દ્વારા જારી કરાયેલ કોઇપણ જાહેરનામાને આધીન.

૫) ઉપરની જોગવાઈ (કગ) હેઠળ કેવાયસી ઓળખ કરનાર, કંપની કલમ ૫૬ સાથે અનુરૂપતામાં સીકેવાયસીઆરમાંથી કેવાયસી રેકોર્ડ્સ ઓનલાઈન પ્રાપ્ત કરશે.

વધુમાં એ પણ પ્રબંધ કરવામાં આવે છે કે આધાર (નાણાકીયઅને અન્ય સબસીડીઓ, લાભો અને સેવાઓની લક્ષિત પહોંચ) કાયદો, ૨૦૧૬ની કલમ ૭ હેઠળ અધિસૂચિત કોઇપણ યોજના હેઠળ કોઇપણ લાભ કે સબસીડી મેળવવા ઈચ્છુક વ્યક્તિ માટે ઈજા બીમારી,કે વૃદ્ધ ઉંમર કે અન્ય રીતે દુર્બળતા અને આવા જ કારણોનાં કારણે ઈ-કેવાયસી પ્રમાણીકરણ કરી શકાતું નથી તેવા કિસ્સામાં, કંપની આધાર નંબર મેળવવા ઉપરાંત, કંપની ઇચ્છનીય રીતે ઓળખ ઓફલાઈન ખરાઈ કરીને અથવા વૈકલ્પિક રીતે ગ્રાહક પાસેથી કોઇપણ અન્ય ઓવીડી કે તેને સમકક્ષ ઈ-દસ્તાવેજની પ્રમાણિત નકલ મેળવીને ઓળખ કરશે. આ રીતે કરાયેલ સીડીડી કંપનીનાં કર્મચારી દ્વારા અચૂકપણે કરવામાં આવશે અને આવા અપવાદ ઉપર ધ્યાન આપવાની બાબત પણ સહવર્તી ઓડીટનો એક ભાગ બનશે. કંપની કેન્દ્રીય અપવાદ ડેટાબેઝમાં અપવાદ ઉપર ધ્યાનના કિસ્સાઓને યોગ્ય રીતે નોંધવાનું સુનિશ્ચિત કરશે. ડેટાબેઝ અપવાદ મંજૂર કરવાના આધારો, ગ્રાહકની વિગતો,અપવાદ અધિકૃત કરનાર નિયુક્ત કરાયેલ અધિકારીનું નામ અને વધારાની વિગતો જો કોઈ હોય તો તે ધરાવશે. ડેટા બેઝને કંપની દ્વારા સામયિક આંતરિક ઓડીટ/તપાસને આધીન બનાવવામાં આવશે અને તે નિરીક્ષણ સંબંધિત સમીક્ષા માટે ઉપલબ્ધ રહેશે.

સ્પષ્ટતા ૧: કંપની, જ્યાં તેનો ગ્રાહક આધાર નંબર ધરાવતો આધાર નંબર ધરાવવાનો પુરાવો રજૂ કરે છે ત્યાં, એ સુનિશ્ચિત કરે છે કે આવો ગ્રાહક યોગ્ય માધ્યમો દ્વારા તેનો આધાર નંબર યોગ્ય રીતે રજૂ કરે છે અથવા કાળો કરે છે જ્યાં આધાર નંબરનું પ્રમાણીકરણ ઉપરની જોગવાઈ (૧) મુજબ જરૂરી નથી.

સ્પષ્ટતા ૨: ઈ-કેવાયસી પ્રમાણીકરણ આધારિત બાયોમેટ્રિક લાગુ કાયદા સાથે અનુપાલનને આધીન કંપની દ્વારા કરી શકાય છે.

સ્પષ્ટતા ૩: આધારનો ઉપયોગ, આધાર હોવાનો પૂરાવો વગેરે આધાર (નાણાકીય અને અન્ય સબસીડીઓ લાભો અને સેવાઓની લક્ષિત પહોંચ) કાયદો, ૨૦૧૬ અને તે હેઠળ બનેલ અધિનિયમો સાથે અનુરૂપતામાં રહેશે.

૧૮.આધાર ઓટીપી આધારિત ઈ-કેવાયસીનો ઉપયોગ કરીને ખોલેલ લોન ખાતાઓ, ફેસ ટુ ફેસ રીતમાં ના હોય તે રીતે, નીચેની શરતોને આધીન છે. કંપની વધુ થાપણો સ્વીકારી શકતી નહીં હોવાથી, આ માત્ર ધિરાણની સુવિધાઓ માટે જ મહત્વનાં છે.:

૧. ઓટીપી મારફત પ્રમાણીકરણ માટે ગ્રાહક તરફથી એક ખાસ સંમતિ હોવી જરૂરી છે.
૨. આવા ખાતાઓ માટે જોખમ શમનનાં ઉપાય તરીકે, કંપની એ સુનિશ્ચિત કરશે કે વ્યવહાર માટેના એલર્ટસ, ઓટીપી વગેરે માત્ર આધાર સાથે નોંધાયેલ ગ્રાહકના મોબાઈલ નંબરને જ મોકલવામાં આવે છે. કંપની આવા ખાતાઓમાં મોબાઇલ નંબરનાં ફેરફાર માટેની વિનંતી ઉપર ધ્યાન આપવા માટે ઉચિત ધ્યાનની જોરદાર પ્રક્રિયાની રૂપરેખા આપતી બોર્ડ દ્વારા માન્ય કરાયેલ નીતિ ધરાવશે.
૩. માત્ર મુદતી લોન મંજૂર કરવામાં આવશે. મંજૂર કરાયેલ મુદતી લોનની એકંદર રકમ વર્ષમાં રૂપિયા સાઈઠ હજારથી વધશે નહીં.
૪. ઓટીપી આધારિત ઈ-કેવાયસીનો ઉપયોગ કરીને ખોલવામાં આવેલ લોન ખાતાઓની એક વર્ષ કરતા વધુ સમય માટે છૂટ આપવામાં આવશે નહીં જેમાં આ નીતિ હેઠળ ઓળખ કરવાની છે. જો આધારની વિગતોનો વી-સીઆઈપી હેઠળ ઉપયોગ કરવામાં આવે તો, પ્રક્રિયા નવા આધાર ઓટીપી પ્રમાણીકરણ સહીત તેની સંપૂર્ણતામાં અનુસરવામાં આવશે.

૫.જો ઉપર જણાવ્યા મુજબ સીડીડી પ્રક્રિયા એક વર્ષની અંદર પૂર્ણ કરવામાં આવે નહીં તો, કોઇપણ વધારાના ડેબીટસ એટલે કે ઋણ ની અનુમતિ આપવામાં આવશે નહીં.

૬.એ બાબતનું ગ્રાહક પાસેથી એક કબૂલાતનામું મેળવવામાં આવશે કે કોઇપણ અન્ય ખાતું ખોલવામાં આવેલ નથી કે કોઇપણ અન્ય રીપોર્ટીંગ સંસ્થા પાસે ફેસ ટુ ફેસ સિવાયની રીતે કેવાયસી આધારિત ઓટીપી નો ઉપયોગ કરીને ખોલવામાં આવશે નહીં.. વધુમાં, સીકેવાયસીઆરમાં કેવાયસી માહિતી અપલોડ કરવા સમયે, કંપની સ્પષ્ટ રીતે સુચવશે કે આવા ખાતાઓ ઓટીપી આધારિત ઇ-કેવાયસીનો ઉપયોગ કરીને ખોલવામાં આવે છે. કંપની અન્ય રીપોર્ટીંગ સંસ્થાઓ દ્વારા ફેસ ટુફેસ સિવાયની રીતે ઇ-કેવાયસી પ્રક્રિયા આધારિત ઓટીપી વડે ખોલેલા ખાતાઓની કેવાયસી માહિતી ઉપર આધારિત ખાતાઓ ખોલશે નહીં .

૭. કંપની ઉપર જણાવેલ શરતોના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે, કોઇપણ અનુપાલન નહીં કરવાની બાબત/ભંગનાં કિસ્સામાં એલર્ટસનું સર્જન ક્રવા માટેની વ્યવસ્થાઓ સહીત કડક દેખરેખની પ્રક્રિયાઓ ધરાવશે.

**૧૯**. કંપની તેના કર્મચારી દ્વારા કરવાના જીવંત વી-સીઆઇપીને હાથ ધરી શકે છે, લાગુ કાયદાઓને આધીન રહીને, ,

ક. એક વ્યક્તિગત ગ્રાહક, માલિકીવાળી પેઢીના કિસ્સામાં માલિક સાથે સંબંધ આધારિત લોન ખાતાનાં સ્થાપન માટે, માલિકીવાળી પેઢીના કિસ્સામાં માલિક, કાનૂની સંસ્થા વાળા ગ્રાહકોના કિસ્સામાં અધિકૃત સહી કરનાર અને લાભાર્થી માલિકોની સૂચિત સંમતિ મેળવ્યા બાદ. એ શરતે કે માલિકીવાળી પેઢીનાં સીડીડીનાં કિસ્સામાં, કંપની માલિકની સીડીડી કરવા ઉપરાંત, માલિકીવાળી પેઢીના સંબંધમાં પ્રવૃતિના પુરાવાઓનાં સમકક્ષ ઈ-દસ્તાવેજ પણ મેળવશે.

ખ. કલમ ૧૭ મુજબ ઈ-કેવાયસી પ્રમાણીકરણ આધારિત આધાર ઓટીપીનો ઉપયોગ કરીને ફેસ ટુ ફેસ રીતનો ઉપયોગ કરીને ખોલેલા હાલના ખાતાઓનું રૂપાંતરણ.

ગ. પાત્રતા ધરાવતા ગ્રાહકો માટે કેવાયસીનું અપડેશન/સામયિક અપડેશન.

વી-સીઆઈપી કરવાનું પસંદ કરતી કંપની, નીચેના ન્યૂનત્તમ ધોરણોને અનુસરવાનું પાલન કરશે-

૧.વી-સીઆઇપી કરતી કંપનીનાં કર્મચારી ઓળખ માટે હાજર ગ્રાહકનો વિડીયો રેકોર્ડ કરશે તેમજ ફોટો લેશે અને ઓળખ માટે આધારની માત્ર ઓફલાઇન ખરાઈ વડે ઓળખની માહિતી મેળવશે.

૨. ગ્રાહક દ્વારા જ્યાં ઇ-પાન પૂરો પાડવામાં આવે છે તેવા કિસ્સાઓ સિવાય, કંપની પ્રક્રિયા દરમિયાન ગ્રાહક દ્વારા પ્રદર્શિત કરવાના પાન કાર્ડનો ચોખ્ખો ફોટો કંપની લેશે. પાનની વિગતોની જારી કરનારી સત્તાના ડેટાબેઝમાંથી ખરાઈ કરવામાં આવશે.

૩.ગ્રાહકનું જીવંત સ્થાન (જીઓટેગિંગ) એ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવશે કે ગ્રાહક ભૌતિક રીતે ભારતમાં હાજર છે.

૪.કંપનીના કર્મચારી એ સુનિશ્ચિત કરશે કે આધાર/પાનની વિગતોમાં રહેલ ગ્રાહકનો ફોટો વી-સીઆઇપી કરતા ગ્રાહક સાથે મેળ ખાય છે અને આધાર/પાનમાં રહેલ ઓળખની વિગતો ગ્રાહક દ્વારા પૂરી પડાયેલ વિગતો સાથે મેળ ખાશે.

૫.કંપનીનાં કર્મચારી એ સુનિશ્ચિત કરશે કે વિડીયોનાં આદાન-પ્રદાન દરમિયાન પ્રશ્નોના ક્રમ અને/અથવા પ્રકાર આદાન-પ્રદાનો વાસ્તવિક સમયના હોય છે અને અગાઉથી રેકોર્ડ કરેલ હોતા નથી એ સ્થાપિત કરવા માટે ભિન્ન હોય છે.

૬.જ્યાં કલાઉડ ડીપ્લોયમેંટ મોડલનો ઉપયોગ કરવામાં આવે છે ત્યાં, એ સુનિશ્ચિત કરવામાં આવશે કે આવા મોડલમાં રહેલ ડેટાની માલિકી માત્ર કંપની પાસે રહેશે અને વિડીયો રેકોર્ડીંગ સહિતનો તમામ ડેટા કંપનીના સંપૂર્ણ માલિકીના /લીઝ વાળા સર્વર(રો) ઉપર ટ્રાન્સફર કરવામાં આવે છે, કલાઉડ સર્વર, જો કોઇ હોય તો તે સહિત, વી-સીઆઇપી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે પછી તરત જ અને કલાઉડ સર્વિસ પ્રદાતા કે કંપનીના વી-સીઆઇપીને મદદ કરતી ત્રીજા પક્ષકારની ટેકનોલોજી દ્વારા જાળવવામાં આવશે નહીં.

૭.એક્સએમએલ ફાઇલ કે આધારથી સુરક્ષિત કયુઆર કોડનો ઉપયોગ કરીને આધારની ઓફલાઇન ખરાઇના કિસ્સામાં, એ સુનિશ્ચિત કરવામાં આવશે કે એક્સએમએલ ફાઇલ કે કયુંઆર કોડ નિર્માણની તારીખ વી-સીઆઇપી કરવાની તારીખથી ત્રણ કામકાજી દિવસો કરતા વધારે જૂની ના હોય.

૮.વી-સીઆઇપી મારફત ખોલાવેલ તમામ લોન ખાતાઓ પ્રક્રિયાની વિશ્વસનીયતાને સુનિશ્ચિત કરવા માટે, માત્ર સહવર્તી ઓડીટને આધીન રહ્યા બાદ કાર્યાન્વિત કરવામાં આવશે.

૯. કંપની એ સુનિશ્ચિત કરશે કે પ્રક્રિયા ખામી રહિત, વાસ્તવિક સમયની, સુરક્ષિત,એક છેડાથી બીજા છેડા સુધી ગ્રાહક સાથેના એન્ક્રીપ્ટેડ ઓડિયો વિઝ્યુઅલ આદાન-પ્રદાન અને સંદેશાની ગુણવતા શંકાથી પર ગ્રાહકની ઓળખ સંભવ બનાવવા માટે પૂરતી હોય. કંપની સ્પૂફિંગ અને આવી અન્ય છેતરપીંડી યુક્ત ધાલમેલ સામે રક્ષણ કરવા માટે જીવંતતા તપાસ કરશે.

૧૦. સુરક્ષા, મજબૂતી અને એક છેડાથી બીજા છેડા સુધી એનક્રિપ્શન સુનિશ્ચિત કરવા માટે, કંપની તેને બહાર પાડતા પહેલા ઇન્ડિયન કમ્પ્યૂટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમનાં એમ્પેનલ્ડ ઓડીટરો દ્વારા સોફ્ટવેર અને સુરક્ષા ઓડીટ અને વી-સીઆઇપી એપ્લીકેશનનું વેલીડેશન કરશે.

૧૧.ઓડિયોવિઝ્યુઝલ વાતચીત કંપનીના પોતાના ક્ષેત્રમાંથી આગળ વધારવામાં આવશે અને ત્રીજા પક્ષના સેવા પ્રદાતા, જો કોઇ હોય તો તેના ઉપરથી. વી-સીઆઇપી પ્રક્રિયા આ હેતુ માટે ખાસ રીતે તાલીમ પામેલા કર્મચારીઓ દ્વારા ચલાવવામાં આવશે. વી-સીઆઇપી કરતા કર્મચારીના પ્રમાણો સાથે પ્રવૃતિની યાદી જાળવવામાં આવશે.

૧૨.કંપની એ સુનિશ્ચિત કરશે કે વિડીયો રેકોર્ડીંગ સલામત અને સુરક્ષિત રીતમાં સંગ્રહ કરવામાં આવે છે અને તારીખ અને સમયનો સ્ટેમ્પ ધરાવે છે.

૧૩.વિડીયો થોભવા, કોલ્સ ફરીથી જોડાવા વગેરે સહીત કોઇપણ પ્રકારનું ભંગાણ અનેક વિડીયો ફાઇલ્સના સર્જનમાં પરીણમવું જોઇએ નહીં. જો અટકાવ કે ભંગાણ અનેક ફાઇલોના સર્જનનું કારણ બનતું ના હોય તો, કંપની દ્વારા એક નવા સત્રને શરુ કરવાની કોઇ જરૂરીયાત નથી. જો કે, કોલ ડ્રોપ, ડીસકનેક્શનનાં કિસ્સામાં, નવું સત્ર શરુ કરવામાં આવશે.

૧૪.પ્રક્રિયાની વિશ્વસનીયતા તેમજ ગ્રાહક દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ અને ચહેરાને મેચ કરતી ટેકનોલોજીઓ સહીત, અધતન ટેકનોલોજીની સહાયતા લેવા માટે કંપનીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જો કે, ગ્રાહક ઓળખની જવાબદારી કંપનીની રહેશે.

૧૫.કંપની લાગુ કાયદાઓનાં સંબંધમાં આધાર નંબર દૂર કરવા કે ઢાંકવાનું સુનિશ્ચિત કરશે.

**૨૦.નોન-બેન્કિંગ ફાયનાન્સ કંપનીઓ માટેની સરળ બનાવાયેલ પ્રક્રિયા (એનબીએફસીસ)**: વ્યક્તિ કે જે લોન મેળવવાની ઇચ્છા રાખે તે નિયત કરાયેલ દસ્તાવેજો રજૂ કરી શકે નહીં તેવા કિસ્સામાં, કંપની તેની વિવેકબુદ્ધિએ નીચેની શરતોને આધીન લોન ખાતા ખોલી શકે છે.:

(ક) કંપની ગ્રાહક પાસેથી સ્વ-પ્રમાણિત ફોટો મેળવશે.

(ખ) કંપનીના નિયુક્ત કરાયેલ અધિકારી તેની સહી નીચે પ્રમાણિત કરે છે કે લોન ખાતું ખોલનાર વ્યક્તિએ તેની હાજરીમાં તેની સહી કે અંગૂઠાની છાપ કરેલ છે.

(ગ) લોન ખાતું શરૂઆતમાં બાર મહિનાઓનાં સમયગાળા માટે ચાલુ રહેશે, જેની અંદર સીડીડી કરવામાં આવશે.

(ઘ)મંજૂર કરાયેલ લોન/ તેમના તમામ ખાતાઓમાં સાથે મળીને રહેલી બાકીઓ સમયના કોઇપણ બિંદુએ રૂપિયા પચાસ હજાર કરતા વધુ થશે નહીં.

(ચ) સાથે મળીને બધા જ ખાતાઓમાં કુલ ક્રેડીટ એક વર્ષમાં રૂપિયા એક લાખથી વધુ થશે નહીં.

(છ) ગ્રાહકને માહિતગાર કરવામાં આવશે કે તેના દ્વારા ભંગ કરાયેલ ઉપરના કિસ્સા (ઘ)ને ભંગ કરવામાં આવે તેવા કિસ્સામાં સંપૂર્ણ કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે નહીં ત્યાં સુધી વધારાના વ્યવહારોની મંજૂરી આપવામાં આવશે નહીં.

(જ) ગ્રાહકને જ્યારે બાકી ચાલીસ હજારે પહોંચે ત્યારે અથવા કુલ ક્રેડીટ વર્ષમાં રૂપિયા એંસી હજારે પહોંચે ત્યારે જાણ કરવામાં આવશે કે કેવાયસી કરવા માટે યોગ્ય દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છે અન્યથા જ્યારે તમામ ખાતાઓમાં સાથે મળીને કુલ બાકી ઉપરની સૂચનાઓ (ઘ) અને (ચ)માં નિયત કરાયેલ સીમાઓ કરતા વધી જાય ત્યારે ખાતામાં કામકાજો અટકાવવામાં આવશે.

(ઝ) કંપની ગ્રાહકને સૂચિત કરવા માટે અને કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ઉચિત પગલાઓ લેશે, જેમ કરવામાં નિષ્ફળ જતા કોઇપણ આગળના ડેબીટસની છૂટ આપવામાં આવશે નહીં.

**૨૧.**કંપનીની એક શાખા/કચેરી દ્વારા એક વાર કરવામાં આવેલ કેવાયસી ખરાઇ તે જ કંપનીની કોઇપણ અન્ય શાખા/કચેરીનાં લોન ખાતાનાં ટ્રાન્સફર માટે માન્ય રહેશે, એ શરતે કે પૂર્ણ કેવાયસી ખરાઇ સંબંધિત લોન ખાતા માટે સંપૂર્ણ કેવાયસી ખરાઇ પહેલાથી કરવામાં આવેલ હોય અને આ બાબત સામયિક અપડેશન માટે બાકી હોય નહીં.

## ભાગ 2- એકલ માલિકીવાળી પેઢીઓ માટેના સીડીડી ઉપાયો

**૨૨.** એકલ માલિકીવાળી પેઢીનાં નામે લોન ખાતું ખોલાવવા માટે, વ્યક્તિ(માલિક)નું સીડીડી કરવામાં આવશે.

**૨૩**.ઉપરની વિગત ઉપરાંત, નીચેના દસ્તાવેજો ઉપરાંત કોઇપણ બે દસ્તાવેજો કે તેના સમકક્ષ ઇ-દસ્તાવેજો માલિકીવાળી પેઢીના નામે ધંધો/પ્રવૃત્તિનાં પુરાવા સ્વરૂપે પણ સ્વિકારવામાં આવશે:

(ક) સરકાર દ્વારા જારી કરાયેલ ઉધમ નોંધણી પ્રમાણપત્ર (યુઆરસી) સહીત નોંધણી પ્રમાણપત્ર

(ખ) શોપ અને એસ્ટેબ્લીશમેંટ કાયદા હેઠળ મહાનગર સત્તાધીશો દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્ર/ લાઇસન્સ.

(ગ) વેંચાણ અને આવક વેરાના રીટર્નસ.

(ઘ) સીએસટી/વેટ/જીએસટી પ્રમાણપત્ર (કામચલાઉ/અંતિમ)

(ચ) વેંચાણ વેરા/સેવા કર/વ્યવસાયિક કર સતાધિશો દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્ર/નોંધણી દસ્તાવેજ.

(છ) ડીજીએફટીની કચેરી દ્વારા માલિકીવાળા સાહસને જારી કરાયેલ આઈઈસી (ઈમ્પોર્ટર એક્ષપોર્ટર કોડ) અથવા કાયદા હેઠળ સંસ્થાપિત કોઇપણ વ્યવસાયિક સંસ્થા દ્વારા માલિકીવાળી પેઢીના નામે જારી કરાયેલ પ્રેક્ટીસનું લાઈસન્સ/પ્રમાણપત્ર.

(જ) એકલ માલિકના નામે સંપૂર્ણ આવકવેરા રીટર્ન (માત્ર સ્વીકાર પાવતી નહીં) જ્યાં પેઢીની આવક પ્રતિબિમ્બિત કરવામાં આવે છે ત્યાં, આવક વેરા સત્તાધિશો દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત/સ્વીકાર કરાયેલ.

(ઝ) ઉપયોગિતા બીલો જેવા કે વીજળી, પાણી, લેન્ડલાઈન, ટેલીફોન બીલ્સ વગેરે.

**૨૪.**એવા કિસ્સાઓમાં કે જ્યાં કંપની સંતુષ્ઠ થાય કે આવા બે દસ્તાવેજો રજૂ કરવાનું સંભવ નથી ત્યાં, કંપની તેની વિવેકબુધ્દ્ધિએ ધંધા/પ્રવૃતિના પુરાવા તરીકે આવા દસ્તાવેજો પૈકીના માત્ર એકનો સ્વિકાર કરી શકે છે.

એ શરતે કે કંપની સંપર્ક બિંદુની ખરાઇ હાથ ધરે છે અને આવી પેઢીના અસ્તિત્વને પ્રસ્થાપિત કરવા માટે જરૂરી બની શકે તેવી અન્ય માહિતી અને સ્પષ્ટતા એકત્ર કરે છે, અને જાતે પુષ્ટિ કરશે અને સંતુષ્ટ થશે કે ધંધાકીય પ્રવૃત્તિની માલિકીવાળા સાહસના સરનામા ઉપરથી ખરાઈ કરવામાં આવેલ છે.

### ભાગ ૩- કાનૂની સંસ્થાઓ માટે સીડીડી ઉપાયો

**૨૫.** કંપનીના લોન ખાતાને ખોલવા માટે, નીચેના દસ્તાવેજો કે તેના સમકક્ષ ઈ-દસ્તાવેજો પૈકીના દરેકની પ્રમાણિત નકલો મેળવવામાં આવશે:

(ક) ઇન્કોર્પોરેશનનું પ્રમાણ પત્ર

(ખ) મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસીએશન

(ગ) કંપનીનો પરમાનેન્ટ એકાઉન્ટ નંબર

(ઘ) સંચાલક મંડળ પાસેથી ઠરાવ અને તેના વતી વ્યવહાર કરવા માટે તેના મેનેજરોને, અધિકારીઓ કે કર્મચારીઓને આપવામાં આવેલ પાવર ઓફ એટર્ની

(ચ) લાભાર્થી માલિક, મેનેજરો, અધિકારીઓ કે કર્મચારીઓ સાથે સંબંધિત સીડીડી દસ્તાવેજો જે તે કિસ્સા મુજબ કંપની વતી વ્યવહાર કરવા માટે એટર્ની ધરાવતા હોઈ શકે છે.

**૨૬.** ભાગીદારી પેઢીના લોન ખાતાને ખોલાવવા માટે, નીચેના દસ્તાવેજો પૈકીના દરેકની પ્રમાણિત નકલો અથવા તેને સમકક્ષ દસ્તાવેજોની પ્રમાણિત નકલો મેળવવામાં આવશે:

(ક) સરકાર દ્વારા જારી કરવામાં આવેલ ઉદ્યમ નોંધણી પ્રમાણપત્ર (યુઆરસી) સહીત નોંધણી પ્રમાણપત્ર

(ખ)ભાગીદારી દસ્તાવેજ

(ગ) ભાગીદારી પેઢીનો પરમાનેન્ટ એકાઉન્ટ નંબર

(ઘ) લાભાર્થી માલિક, મેનેજરો, અધિકારીઓ કે કર્મચારીઓ, જે તે કિસ્સા મુજબ સંબંધિત કલમ ૧૬ કે કલમ ૧૮માં નિયત કરાયા મુજબનાં દસ્તાવેજો, કંપની વતી વ્યવહાર કરવા માટેએટર્ની ધરાવતા હોઇ શકે છે.

(ચ) તમામ ભાગીદારોનાં નામો અને

(છ) નોંધાયેલ કચેરીનું સરનામું અને તેના ધંધાનું મુખ્ય સ્થાન, જો તે અલગ હોય તો.

૨૭. ટ્રસ્ટનું લોન ખાતું ખોલાવવા માટે, નીચેના દસ્તાવેજો કે તેના સમકક્ષ દસ્તાવેજોની પ્રમાણિત નકલો મેળવવામાં આવશે:

(ક)નોંધણી પ્રમાણપત્ર

(ખ) ટ્રસ્ટ દસ્તાવેજ

(ગ) ટ્રસ્ટનો પરમાનેન્ટ નંબર અથવા ફોર્મ ૬૦

(ઘ) લાભાર્થી માલિક, મેનેજરો, અધિકારીઓ કે કર્મચારીઓ, જે તે કિસ્સા મુજબ સંબંધિત કલમ ૧૬ કે કલમ ૧૮માં નિયત કરાયા મુજબનાં દસ્તાવેજો, કંપની વતી વ્યવહાર કરવા માટે એટર્ની ધરાવતા હોઈ શકે છે.

(ચ) ટ્રસ્ટનાં લાભાર્થીઓ, ટ્રસ્ટીસ અને સેટલર્સ અને કર્તાઓના નામો

(છ)ટ્રસ્ટની નોંધાયેલ કચેરીનું સરનામું; અને

(જ) ટ્રસ્ટી તરીકે ભૂમિકા ભજવનાર અને ટ્રસ્ટ વતી વ્યવહાર કરવા માટે અધિકૃત કરાયેલ ટ્રસ્ટીસ માટે, કલમ ૧૬માં જણાવ્યા મુજબનાં ટ્રસ્ટીસ અને દસ્તાવેજોની યાદી.

૨૮. એક અનઇન્કોર્પોરેટેડ એસોસીએશન કે વ્યક્તિઓની સંસ્થાનું લોન ખાતું ખોલવા માટે, નીચેના દસ્તાવેજો પૈકીના દરેકની કે તેના સમકક્ષ દસ્તાવેજોની પ્રમાણિત નકલો મેળવવામાં આવશે :

(ક) આવા એસોસીએશન કે વ્યક્તિઓની સંસ્થાના સંચાલક મંડળનો ઠરાવ.

(ખ) અનઇન્કોર્પોરેટેડ એસોસીએશન કે વ્યક્તિઓની સંસ્થાનો પરમાનેન્ટ એકાઉન્ટ નંબર અથવા ફોર્મ નંબર ૬૦

(ગ) તેના વતી વ્યવહાર કરવા માટે આપવામાં આવેલ પાવર ઓફ એટર્ની

(ઘ) તેના વતી વ્યવહાર કરવા માટે લાભાર્થી માલિક, મેનેજરો, અધિકારીઓ કે કર્મચારીઓ જે તે કિસ્સા મુજબ, એટર્ની ધરાવતા સીડીડી દસ્તાવેજો અને

(ચ) આવું એક એસોસીએશન કે વ્યક્તિઓની સંસ્થાનાં કાનૂની અસ્તિત્વને સામુહિક રીતે પ્રસ્થાપિત કરવા માટે કંપની દ્વારા જરૂરી બને તેમ હોય તેવી માહિતી.

સ્પષ્ટતા : વણનોંધાયેલ ટ્રસ્ટસ/ભાગીદારી પેઢીઓ 'અનઇન્કોર્પોરેટેડ એસોસીએશન' શબ્દ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવશે.

સ્પષ્ટતા: શબ્દ'વ્યક્તિઓની સંસ્થા' મંડળીઓનો સમાવેશ કરે છે.

**૨૯.** એવા એક ગ્રાહકનું લોન ખાતું ખોલાવવા માટે કે જે એક ન્યાય વિષયક વ્યક્તિ હોય (અગાઉના ભાગમાં ખાસ રીતે આવરી લેવામાં નહીં આવેલ) જેવી કે મંડળીઓ, યુનીવર્સીટીઓ અને સ્થાનિક સંસ્થાઓ જેવી કે ગ્રામ પંચાયતો વગેરે કે જે આવી કાનૂની વ્યક્તિ કે ટ્રસ્ટનાં વતી કાર્ય કરવાનો હેતુ રાખે છે ત્યાં, નીચેના દસ્તાવેજો કે તેના સમકક્ષ દસ્તાવેજોની પ્રમાણિત નકલો મોકલવામાં આવશે અને ખરાઈ કરવામાં આવશે :

(ક) સંસ્થા વતી કામ કરવા માટે અધિકૃત કરાયેલ વ્યક્તિનું નામ બતાવતો દસ્તાવેજ;

(ખ) તેના વતી વ્યવહાર કરવા માટે એટર્ની ધરાવતી વ્યક્તિના કલમ ૧૬ કે કલમ ૧૮ માં જણાવાયેલ દસ્તાવેજો અને

(ગ) આવી સંસ્થા/કાનૂની વ્યક્તિનાં કાનૂની અસ્તિત્વ સ્થાપિત કરવા માટે કંપની દ્વારા જરૂરી બની શકે તેમ હોય તેવા દસ્તાવેજો.

## ભાગ ૪ – લાભાર્થી માલિકની ઓળખ

**૩૦.** એવી એક કાનૂની વ્યક્તિના લોન ખાતાને ખોલવા માટે જે એક કુદરતી વ્યક્તિ નથી, લાભાર્થી માલિક (કો) ઓળખવામાં આવશે અને તેની/તેણીની ઓળખની ખરાઈ કરવા માટે નિયમો પૈકીના નિયમ ૯નાં પેટા-નિયમનાં સંબંધમાં તમામ ઉચિત પગલાઓ નીચેની બાબતોને ધ્યાનમાં લઈને લેવામાં આવશે:

(ક) જ્યાં ગ્રાહક કે નિયંત્રણ કરતા હિતના માલિક (૧) ભારતમાં સ્ટોક એક્ષ ચેન્જ ઉપર નોંધાયેલ હોય એક સંસ્થા હોય અથવા (૨) કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચિત ન્યાય અધિકારક્ષેત્રોમાં નિવાસી એક સંસ્થા અને આવા ન્યાયઅધિકાર ક્ષેત્રોમાં સ્ટોક એક્ષ ચેન્જ ઉપર નોંધાયેલ હોય અથવા (૩) તે આવી નોંધાયેલ સંસ્થાઓની સહાયક હોય; ત્યાં આવી સંસ્થાઓના કોઇપણ શેરધારક કે લાભાર્થી માલિકની ઓળખને ઓળખવાનું અને ખરાઈ કરવાનું જરૂરી નથી.

(ખ) ટ્રસ્ટ/નોમીની કે શાખ આધારિત ખાતાઓનાં કિસ્સામાં ભલે ગ્રાહક ટ્રસ્ટી/નોમીની કે કોઇપણ અન્ય મધ્યસ્થી તરીકે બીજી વ્યક્તિ વતી કાર્ય કરતો હોય તેને નક્કી કરવામાં આવે છે. આવા કિસ્સાઓમાં, મધ્યસ્થીઓ અને જેમના વતી તેઓ કામ કરી રહ્યા છે તે વ્યક્તિઓની ઓળખનો સંતોષકારક પુરાવો, ટ્રસ્ટ કે અમલી અન્ય વ્યવસ્થાઓનાં પ્રકારની વિગતો પણ મેળવવામાં આવશે.

## ભાગ ૫ – ચાલુ ઉચિત ધ્યાન

**૩૧.**કંપની સતત ઉચિત ધ્યાનની પ્રક્રિયા કરશે એ સુનિશ્ચિત કરવા માટે કે તેમના વ્યવહારો ગ્રાહકો, ગ્રાહકોના ધંધા અને જોખમની રૂપરેખા, અને ફંડસનાં સ્ત્રોત અંગે તેમના જ્ઞાન સાથે અનુરૂપ છે.

**૩૨.** એવા પરિબળોની સામાન્યતાને બાધ આવ્યા વિના જે વ્યવહારોના નીચેના પ્રકારો ની નજીકની દેખરેખની માંગ કરે છે તેની અનિવાર્યપણે દેખરેખ કરવામાં આવશે:

(ક) મોટા અને જટિલ વ્યવહારો અને અસામાન્ય ભાતો, ગ્રાહકની સામાન્ય અને અપેક્ષિત પ્રવૃત્તિ સાથે વિસંગત, જે દેખીતા આર્થિક તર્ક કે કાયદેસરનો હેતુ ધરાવતા નથી.

(ખ) વ્યવહારો કે જે નિયત કરાયેલ સીમાઓ થી વધી જાય છે.

(ગ) ગ્રાહકની રૂપરેખા સાથે વિસંગત ઊંચુ ખાતાનું ટર્ન ઓવર.

(ઘ) ત્રીજા પક્ષકારના ચેક, ડ્રાફ્ટસ વગેરે પૂરા પાડવા.

સતત ઉચિત ધ્યાન માટે, કંપની અસરકારક દેખરેખને મદદ કરવા માટે ઉચિત, આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ અને મશીન લર્નિંગ (એઆઇ અને એમએલ) ટેકનોલોજીસનાં નવાચારો સહિતને અપનાવવાનું ધ્યાનમાં લઇ શકે છે.

**૩૩.** દેખરેખની માત્રા ગ્રાહકના જોખમનાં વર્ગ સાથે સુસંગત હશે.
સ્પષ્ટતા: ઊંચા જોખમવાળા ખાતાઓ વધુ ઘનિષ્ટ બનાવેલ દેખરેખને આધીન બનાવવા પડે છે.
(ક) ખાતાઓના જોખમ વર્ગીકરણની સામયિક સમીક્ષાની વ્યવસ્થા, **છ મહિનાઓમાં કમ સે કમ એક વાર** આવી સામયિકતા હોવા સાથે, અને વધારેલ ઉચિત ધ્યાનના ઉપાયો લાગુ પાડવા માટેની જરૂરીયાત અમલમાં મૂકવામાં આવશે.

**૩૪. કેવાયસીનું અપડેશન/સામયિક અપડેશન**

**ઊંચા જોખમવાળા** ગ્રાહકો માટે **દરેક બે વર્ષે કમ સે કમ એક વાર, મધ્યમ જોખમવાળા** ગ્રાહકો માટે **દરેક આઠ વર્ષમાં એક વાર** અને નીચેની પ્રક્રિયા મુજબ **ઓછા જોખમવાળા ગ્રાહકો માટે દરેક દસ વર્ષે એક વાર** સામયિક અપડેશન કરવામાં આવશે:

**ક) વ્યક્તિગત ગ્રાહકો :**

કેવાયસી માહિતીમાં કોઇ ફેરફાર નહીં : કેવાયસી માહિતીમાં કોઇ ફેરફાર નહી હોવાના કિસ્સામાં, આ બાબતે ગ્રાહક પાસેથી એક સ્વ-કબૂલાત કંપની પાસે નોંધાયેલ ગ્રાહકના ઈ-મેઈલ, કંપની પાસે નોંધાયેલ ગ્રાહકના મોબાઈલ નંબર, ડીજીટલ માધ્યમો (જેવા કે ઓનલાઇન બેન્કિંગ/ઈન્ટરનેટ બેન્કિંગ, કંપનીની મોબાઈલ એપ્લીકેશન),પત્ર વગેરે મારફત મેળવવામાં આવશે.
સરનામામાં ફેરફાર : માત્ર ગ્રાહકની સરનામાની વિગતોમાં જ ફેરફારના કિસ્સામાં, નવા સરનામાની સ્વ-કબૂલાત કંપની પાસે નોંધાયેલ ગ્રાહકના ઈ-મેઈલ, કંપની પાસે નોંધાયેલ ગ્રાહકના મોબાઈલ નંબર, ડીજીટલ માધ્યમો (જેવા કે ઓનલાઇન બેન્કિંગ/ઈન્ટરનેટ બેન્કિંગ, કંપનીની મોબાઈલ એપ્લીકેશન),પત્ર વગેરે મારફત મેળવવામાં આવશે અને જાહેર કરાયેલ સરનામાની સરનામાની ખરાઈ કરતા પત્ર, સંપર્ક બિંદુની ખરાઈ, ડીલીવરીની વસ્તુઓ વગેરે જેવા માધ્યમો દ્વારા, બે મહિનાઓની અંદર હકારાત્મક પુષ્ટિ મારફત ખરાઈ કરવામાં આવશે.

વધુમાં, કંપની સામયિક અપડેશનનાં સમયે ગ્રાહક દ્વારા જાહેર કરાયેલ, સરનામાનાં પુરાવા માટે, નિર્દેશોની કલમ ૩ (ક) (૧૩)માં નિયત કરાયા મુજબ, ઓવીડી કે ડીમ્ડ ઓવીડી કે તેને સમકક્ષ ઇ-દસ્તાવેજોની નકલ મેળવી શકે છે.

એવા ગ્રાહકોના ખાતાઓ, જેઓ ખાતા ખોલાવવા સમયે સગીર હતા, તેમના પુખ્ત બનવા ઉપર : એવા ગ્રાહકોના કિસ્સામાં કે જેમના માટે જ્યારે તેઓ સગીર હતા ત્યારે ખાતા ખોલવામાં આવેલ હતા, નવો ફોટો તેમના પુખ્ત બનવા ઉપર મેળવવામાં આવશે અને તે સમયે એ સુનિશ્ચિત કરવામાં આવશે હાલના સીડીડી ધોરણો મુજબ સીડીડી દસ્તાવેજો કંપની પાસે ઉપલબ્ધ છે. જ્યારે પણ જરૂરી હોય ત્યારે, કંપની આવા ગ્રાહકોના નવા કેવાયસી કરી શકે છે અર્થાત, એવા ગ્રાહકો કે જેમના માટે ખાતું ખોલવામાં આવ્યું હતું કે જ્યારે તેઓ સગીર હતા, તેમના પુખ્ત બનવા ઉપર.

**ખ) વ્યક્તિઓ સિવાયના ગ્રાહકો:**

કેવાયસી માહિતીમાં કોઈ જ ફેરફાર નહીં: કાનૂની સંસ્થાવાળા (એલઈ) ગ્રાહકની કેવાયસી માહિતીમાં કોઇપણ ફેરફાર નહીં હોવાના કિસ્સામાં, આ બાબતનું સ્વ-કબૂલાત તેના કંપની પાસે નોંધાયેલ તેની ઈમેઇલ આઇડી, ડીજીટલ માધ્યમો (જેવા કે ઓનલાઇન બેન્કિંગ/ઇન્ટરનેટ બેન્કિંગ, કંપનીની મોબાઈલ એપ્લીકેશન), આ બાબતે એલઈ દ્વારા અધિકૃત કરાયેલ એક કર્મચારી તરફથી પત્ર, બોર્ડના ઠરાવ વગેરે મારફત એલઈ ગ્રાહક પાસેથી મેળવવામાં આવશે. વધુમાં, કંપની આ પ્રક્રિયા દરમિયાન સુનિશ્ચિત કરશે કે તેમની પાસે ઉપલબ્ધ લાભાર્થી માલિકની માહિતી ચોક્કસ છે અને આ બાબતે ઓ જરૂર પડે તો અપડેટ કરશે, તેને શક્ય બને તેટલી વ્યવસ્થિત રાખવા માટે.

કેવાયસી માહિતીમાં ફેરફાર: કેવાયસી માહિતીમાં ફેરફારના કિસ્સામાં, કંપની એક નવા એલઈ ગ્રાહકને ઓનબોર્ડીંગ માટે લાગુ સમકક્ષ કેવાયસી પ્રક્રિયા શરુ કરશે.

ગ) ફેસ ટુ ફેસ ના હોય તેવી રીતમાં ઇ-કેવાયસી આધારિત આધાર ઓટીપીનો સામયિક અપડેશન માટે ઉપયોગ કરવામાં આવી શકે છે. સ્પષ્ટ કરવા માટે, કલમ ૧૭માં ઠરાવેલ શરતો ફેસ ટુ ફેસ સિવાયની રીતમાં ઈ-કેવાયસી આધારિત ઓટીપી મારફત કેવાયસીનાં અપડેશન/સામયિક અપડેશનનો ઉપયોગ કરી શકાય છે.

હાલના સરનામાની કબૂલાત, જો હાલનું સરનામું આધારમાં રહેલા સરનામાથી અલગ હોય તો, તેના માટે આ કિસ્સામાં હકારાત્મક પુષ્ટિની જરૂર પડશે નહીં. કંપની એ સુનિશ્ચિત કરશે કે આધાર પ્રમાણીકરણ માટે મોબાઈલ નંબર તે જ છે જે ગ્રાહકની રૂપરેખામાં તેમની પાસે ઉપલબ્ધ છે, કોઇપણ છેતરપીંડી અટકાવવા માટે.

ઘ) વધારાના ઉપાયો: ઉપરની વિગત ઉપરાંત, કંપની એ સુનિશ્ચિત કરશે કે,

હાલના સીડીડી ધોરણો મુજબ ગ્રાહકના કેવાયસી દસ્તાવેજો તેની પાસે ઉપલબ્ધ છે. આ બાબત જો કે ગ્રાહકની માહિતીમાં કોઇ ફેરફાર ના હોય પરંતુ કંપની પાસે ઉપલબ્ધ દસ્તાવેજો હાલના સીડીડી ધોરણો મુજબ નથી લાગુ પડશે. વધુમાં, કેવાયસીનાં સામયિક અપડેશનનાં સમયે કંપની પાસે ઉપલબ્ધ સીડીડી દસ્તાવેજોની માન્યતા પૂર્ણ થઇ હોય તેવા કિસ્સામાં, કંપની એક નવા ગ્રાહકને ઓનબોર્ડીંગ માટે લાગુ સમકક્ષ કેવાયસી પ્રક્રિયા શરુ કરશે.

ગ્રાહકના પાનની વિગતો જો કંપની પાસે ઉપલબ્ધ હોય તો, કેવાયસીના સામયિક અપડેશન સમયે જારી કરનાર સત્તાનાં ડેટા બેઝમાંથી તેની ખરાઈ કરવામાં આવે છે.

સામયિક અપડેશન કરવા માટે, ગ્રાહક તરફથી સ્વ-કબૂલાત સહિત, સંબંધિત દસ્તાવેજ(જો)ની પ્રાપ્તિની તારીખનો ઉલ્લેખ કરતી સ્વીકાર પાવતી ગ્રાહકને પૂરી પાડવામાં આવે છે. વધુમાં, એ સુનિશ્ચિત કરવામાં આવશે કે કેવાયસીના સામયિક અપડેશનનાં સમયે ગ્રાહકો પાસેથી મેળવાયેલ માહિતી/દસ્તાવેજો કંપનીનાં રેકોર્ડસ/ડેટા બેઝમાં ત્વરિત રીતે અધતન કરવામાં આવે છે અને કેવાયસીની વિગતોનાં અપડેશનની તારીખનો ઉલ્લેખ કરતી જાણ ગ્રાહકને પૂરી પાડવામાં આવશે.

ગ્રાહકની અનુકૂળતા સુનિશ્ચિત કરવા માટે, કંપની કોઇપણ શાખા ઉપર કેવાયસીના સામયિક અપડેશનની સુવિધા ઉપલબ્ધ કરવા ઉપર ધ્યાન આપી શકે છે.

કંપની તેની પસંદગી ઉપર ઓવીડી રજૂ કરવાના હેતુ માટે કે આધાર પ્રમાણીકરણ/ઓફલાઈન ખરાઈ માટે સંમતિ રજૂ કરવા માટે ગ્રાહકની શારીરિક હાજરી ઉપર, તેમના સાચા હેતુઓ સ્થાપિત કરવા માટે ખાતા ધારક/ધારકોની શારીરિક હાજરી જરૂરી છે તે માટેના પૂરતા કારણો છે કે કેમ તે સહિત, શારીરિક હાજરી ઉપર આગ્રહ કરી શકે છે.

સામાન્ય રીતે, મેઈલ/પોસ્ટ દ્વારા ગ્રાહક દ્વારા આગળ મોકલાયેલ ઓવીડી/સંમતિ સ્વીકાર્ય હશે.

કંપની કેવાયસીનાં સામયિક અપડેશન બાબતે એક જોખમ આધારિત માર્ગ અપનાવશે. કોઇપણ વધારાના અને અપવાદરૂપ ઉપાયો, જે અન્ય રીતે ઉપરની સૂચનાઓ દ્વારા નિર્દેશિત કરવામાં આવતા નથી, જે કંપની દ્વારા અપનાવવામાં આવેલ છે જેવા કે તાજેતરનો ફોટો મેળવવાની જરૂરીયાત, ગ્રાહકની શારીરિક હાજરીની જરૂરીયાત, માત્ર કંપનીની તે શાખામાં  જ કેવાયસીના સામયિક અપડેશનની જરૂરીયાત જ્યાં ખાતું જાળવવામાં આવે છે, ન્યૂનત્તમ  નિયત કરાયેલ સામયિકતા કરતા કેવાયસીની વધુ વારંવારની સામયિકતા વગેરેને કંપનીના સંચાલક મંડળ કે બોર્ડની કોઇપણ સમિતિ કે જેને સતા આપવામાં આવેલ હોય તેના દ્વારા યોગ્ય રીતે માન્ય કરાયેલ આંતરિક કેવાયસી પોલીસીમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવશે.

ચ) કંપની ગ્રાહકોને સલાહ આપશે કે પીએમએલ નિયમોનું અનુપાલન કરવાનાં હેતુથી, ધંધાકીય સંબંધ/ ખાતા આધારિત સંબંધ ત્યારબાદના સ્થાપનનાં સમયે ગ્રાહક દ્વારા રજૂ કરાયેલ દસ્તાવેજોમાં કોઇપણ સુધારાના કિસ્સામાં, જરૂરીયાત મુજબ; ગ્રાહકો આવા દસ્તાવેજોનો કંપનીનો સુધારો રજૂ કરશે. આ કામ કંપનીના પક્ષે દસ્તાવેજોને અપડેટ કરવાના હેતુ માટે દસ્તાવેજોમાં સુધારાના ૩૦ દિવસોની અંદર કરવામાં આવશે.

**૩૫.** હાલના ગ્રાહકોના કિસ્સામાં, કંપની પરમાનેન્ટ એકાઉન્ટ નંબર કે તેનો સમકક્ષ ઈ-દસ્તાવેજ કે ફોર્મ નં.૬૦ મેળવશે, તેવી તારીખ સુધી જે કેન્દ્ર સરકાર દ્વારા સુચવવામાં આવી શકે છે, જેમ કરવામાં નિષ્ફળ જવા ઉપર કંપની ટૂંક સમય માટે જ્યાં સુધી ગ્રાહક દ્વારા પરમાનેન્ટ એકાઉન્ટ નંબર કે તેનો સમકક્ષ ઈ-દસ્તાવેજ કે ફોર્મ નં. ૬૦ રજૂ કરવામાં આવે તે સમય સુધી ખાતામાં કામકાજો અટકાવશે.

એ શરતે કે લોન ખાતા માટે કામકાજોને ટૂંક સમય માટે અટકાવતા પહેલા (અર્થાત કોઇપણ વધારાના ઉધારને મોકૂફ કરવું), કંપની ગ્રાહકને સુલભ નોટીસ અને સાંભળવા માટેની વાજબી તક આપશે. વધુમાં, કંપની તેની આંતરિક નીતિમાં, એવા ગ્રાહકો માટે સાતત્યપૂર્ણ સેવાઓ માટેની યોગ્ય છૂટ જેઓ ઈજા, બીમારી કે વૃદ્ધ ઉંમર કે અન્ય રીતના કારણે દુર્બળતાનાં કારણે અને આવા સમાન કારણોને કારણે. પરમાનેન્ટ એકાઉન્ટ નંબર કે તેનો સમકક્ષ ઈ-દસ્તાવેજ કે ફોર્મ નં. ૬૦ પૂરા પાડવા માટે અસમર્થ હોય. આવા ગ્રાહક સંબંધો, જો કે, વધેલ દેખરેખને આધીન રહેશે.

વધુ પ્રબંધ કરવામાં આવે છે કે જો કંપની સાથે હાલના લોન આધારિત સંબંધ ધરાવનાર ગ્રાહક કંપનીને લેખિતમાં આપે કે તે પરમાનેન્ટ એકાઉન્ટ નંબર કે તેનો સમકક્ષ ઈ-દસ્તાવેજ કે ફોર્મ નં. ૬૦ રજૂ કરવા ઈચ્છતો નથી તો, કંપની લોન ખાતું બંધ કરશે (અર્થાત કોઇપણ આગળના ઉધારને મોકૂફ કરશે) અને તમામ જવાબદારીઓને ગ્રાહકને લાગુ ઓળખ દસ્તાવેજો મેળવીને ગ્રાહકની ઓળખ પ્રસ્થાપિત કર્યા બાદ યોગ્ય રીતે પતાવવામાં આવશે.

સ્પષ્ટતા – આ કલમના હેતુ માટે, એક ખાતાના સંબંધમાં "કામકાજોનું ટૂંક સમયમાં અટકાવવું"નો અર્થ આ કલમની જોગવાઈઓનું ગ્રાહક પાલન કરે તેવા સમય સુધી કંપની દ્વારા તે ખાતાના સંબંધમાં તમામ વ્યવહારો કે પ્રવૃત્તિઓની ટૂંક સમય માટે મોકુફી એવો થશે. મિલકત ખાતાઓનાં કિસ્સામાં, જેવા કે લોન ખાતાઓ, ખાતામાં કામકાજ અટકાવવાનાં હેતુ માટે,માત્ર ક્રેડીટસની અનુમતિ આપવામાં આવશે.

## ભાગ ૬ – વધારેલ અને સરળ બનાવાયેલ ઉચિત ધ્યાનની પ્રક્રિયા

ક. **વધારેલ ઉચિત ધ્યાન (ઈડીડી)** ફેસ ટુ ફેસ ના હોય તેવા ગ્રાહક ઓનબોર્ડીંગ માટે (કલમ ૧૭નાં સંબંધમાં ગ્રાહક ઓનબોર્ડીંગ સિવાય):

ફેસ-ટુ ફેસ સિવાયનું ઓનબોર્ડીંગ ગ્રાહકને શારીરિક રીતે અથવા વી-સીઆઇપી દ્વારા મળ્યા વિના ગ્રાહક સાથે કંપની એ જે સંબંધ સ્થાપવા પડે છે તેને અનુકૂળ બનાવે છે. આ કલમના હેતુ માટે આવી ફેસ ટુ ફેસ સિવાયની રીતો ડીજીટલ માધ્યમો જેવા કે સીકેવાયસીઆર, ડીજીલોકર, સમકક્ષ ઈ-દસ્તાવેજો વગેરે અને ડીજીટલ ના હોય તેવી રીતો જેવી કે એનઆરઆઇસ અને પીઆઇઓસ માટે અનુમતિ મળ્યા મુજબ વધારાની પ્રમાણિત કરતી સત્તાઓ દ્વારા પ્રમાણિત ઓવીડીની નકલ મેળવવીનો સમાવેશ કરે છે.
ઈડીડી ઉપાયોનું પાલન કરવાની બાબત ફેસ ટુ ફેસ સિવાયનાં ગ્રાહક ઓનબોર્ડીંગ માટે આરઈસ દ્વારા કરવામાં આવશે (કલમ ૧૭નાં સંબંધમાં ગ્રાહક ઓનબોર્ડીંગ સિવાય):

ક) એક વાર કંપનીએ વી-સીઆઈપીની પ્રક્રિયા દાખલ કર્યા બાદ, આ બાબત ગ્રાહકને દૂરીય ઓનબોર્ડીંગ માટે ગ્રાહકની પ્રથમ પસંદગી તરીકે પૂરી પાડવામાં આવશે. તે ભારપૂર્વક કહેવામાં આવે છે કે વી-સીઆઈપી માટે નિયત કરેલા ધોરણો અને પ્રક્રિયાઓનું અનુપાલન કરતી પ્રક્રિયાઓ ને આ મુખ્ય નિર્દેશના હેતુ માટે ફેસ ટુ ફેસ સીઆઇપી સાથે સમકક્ષ ગણવામાં આવશે.
ખ) છેતરપીંડીઓ અટકાવવા માટે, વૈકલ્પિક મોબાઈલ નંબરો વ્યવહારોના ઓટીપી, વ્યવહારોના અપડેટસ વગેરે માટે આવા ખાતાઓ સાથે સીડીડી બાદ જોડવામાં આવશે નહીં. વ્યવહારોની અનુમતિ માત્ર ખાતા ખોલવા માટે ઉપયોગમાં લેવાતા મોબાઈલ નંબરમાંથી જ આપવામાં આવશે. કંપની નોંધાયેલ મોબાઈલ નંબરનાં ફેરફાર માટે ઉચિત ધ્યાનની જોરદાર પ્રક્રિયાની રૂપરેખા આપતી બોર્ડ દ્વારા માન્ય પોલીસી ધરાવશે.
ગ) હાલના સરનામાના પુરાવો મેળવવા ઉપરાંત, કંપની ખાતામાં કામકાજોની છૂટ આપતા પહેલા હકારાત્મક પુષ્ટિ મારફત હાલના સરનામાની ખરાઇ કરશે. હકારાત્મક પુષ્ટિ એવા માધ્યમો દ્વારા કરવામાં આવી શકે છે જેવા કે સરનામાની ખરાઈનો પત્ર, સંપર્ક બિંદુની ખરાઇ,ડીલીવરેબલ્સ વગેરે.
ઘ) કંપની ગ્રાહક પાસેથી પાન મેળવશે અને પાનની જારી કરનારી સત્તાની ખરાઇ સુવિધામાંથી ખરાઈ કરવામાં આવશે.
ચ) આવા ખાતાઓમાં પ્રથમ વ્યવહાર ગ્રાહકના હાલના કેવાયસી અનુપાલિત બેંક ખાતામાંથી અકે ક્રેડીટ હશે
છ) આવા ગ્રાહકોને ઊંચા જોખમવાળા ગ્રાહકો તરીકે વર્ગીકૃત કરવામાં આવશે એ ફેસ ટુ ફેસ સિવાયની રીતમાં ખોલેલ ખાતાઓ ફેસ ટુ ફેસ રીતમાં કે વી-સીઆઈપી દ્વારા ગ્રાહકની ઓળખની ખરાઇ કરવામાં આવે નહીં ત્યાં સુધી વધારેલ દેખરેખને આધીન રાખવામાં આવશે.

**૩૬.ફેસ ટુ ફેસ સિવાયના ગ્રાહકોનાં લોન ખાતાઓ (આધાર ઓટીપી આધારિત ઓન-બોર્ડીંગ સિવાયના) :** કંપની સુનિશ્ચિત કરશે કે પ્રથમ ચુકવણી/વહેંચણી બીજી કંપની પાસે ગ્રાહકના કેવાયસી અનુપાલિત ખાતા દ્વારા અમલી બનાવવાની છે, ફેસ ટુ ફેસ સિવાયના ગ્રાહકોનાં વધેલ ઉચિત ધ્યાન માટે.

**૩૭. રાજકીય રીતે એક્સ્પોઝ્ડ વ્યક્તિઓ(પીઈપીસ)નાં લોન ખાતાઓ**

અ.કંપની પીઈપીસ સાથે સંબંધ સ્થાપિત કરવાનો વિકલ્પ ધરાવશે એ શરતે કે:

(ક) પરિવારના સભ્યો અને નજીકના સંબંધીઓનાં ફંડસનાં સ્ત્રોતો અંગેની માહિતી સહિતની પુરતી માહિતી પીઈપી એકત્ર કરવામાં આવે છે;

(ખ) વ્યક્તિની ઓળખની ગ્રાહક તરીકે પીઈપીને સ્વીકારતા પહેલા ખરાઇ કરવામાં આવશે;

(ગ) એક પીઇપી માટે લોન ખાતાને ખોલવાનો નિર્ણય ગ્રાહક સ્વીકાર નીતિ સાથે અનુરૂપતામાં વરિષ્ઠ સ્તરે લેવામાં આવે છે;

(ઘ) આવા તમામ લોન ખાતાઓ ચાલુ ધોરણે વધારેલ દેખરેખને આધીન બનાવવામાં આવે છે;

(ચ) હાલનો ગ્રાહક કે હાલના લોન ખાતાના લાભાર્થી માલિક પાછળથી એક પીઇપી બને તેવા પ્રસંગે, વરિષ્ઠ સંચાલનની મંજૂરી ધંધાકીય સંબંધ ચાલુ રાખવા માટે મેળવવામાં આવે છે;

(છ) એક સતત ધોરણે વધારેલ દેખરેખ સહીત પીઇપીસને લાગુ પડે તે મુજબ સીડીડી ઉપાયો  લાગુ પડે છે.

બ. આ સૂચનાઓ જ્યાં એક પીઇપી એક લાભાર્થી માલિક છે ત્યાં લોન ખાતાઓને પણ લાગુ પડશે.

**આ ધોરણનો વિવરણ:** આ વિભાગના માટે, "રાજકીય ઉભા વ્યક્તિઓ" (પીઇપી) તે વ્યક્તિઓ છે જે વિદેશી દેશના પ્રમુખ સાર્વજનિક કાર્યોને સોંપાઇ ગઈ છે કે વેદો, જેમ કે રાજ્ય / સરકારોના મુખ્યો, મુખ્ય રાજનેતાઓ, સેનિયર સરકારી અથવા ન્યાયિક અથવા સૈનિક અધિકારીઓ, રાજ્ય માલિક ની વડાપ્રધાનો અને મહત્ત્વપૂર્ણ રાજકીય દળોના મુખ્ય અધિકારીઓ.

**૩૮. વ્યવસાયિક મધ્યસ્થીઓ વડે ખોલવામાં આવેલ ગ્રાહકના લોન ખાતાઓ:**

કંપની કાયદા હેઠળ મંજૂરી આપવામાં આવે તે મુજબ વ્યવસાયિક મધ્યસ્થીઓ મારફત લોન ખાતાઓ ખોલાવવા સમયે સુનિશ્ચિત કરશે કે:

(ક) એક ગ્રાહકના વતી એક વ્યાવસાયિક મધ્યસ્થી દ્વારા જ્યારે લોન ખાતું ખોલવામાં આવે છે ત્યારે ગ્રાહકોની ઓળખ કરવામાં આવશે.

(ખ) કંપની મ્યુચ્યુઅલ ફંડસ, પેન્સન ફંડસ કે અન્ય પ્રકારના ફંડસ જેવી સંસ્થાઓ વતી વ્યવસાયિક મધ્યસ્થીઓ દ્વારા સંચાલિત 'પૂલ્ડ' ખાતાઓ ધરાવવાનો વિકલ્પ ધરાવશે.

(ગ) કંપની એવા વ્યાવસાયિક મધ્યસ્થીઓના લોન ખાતાઓ ખોલશે નહીં જેઓ કોઇપણ ગ્રાહકની ગોપનીયતાથી બંધાયેલ હોય છે જે કંપની સમક્ષ ગ્રાહકની વિગતોની જાહેરાતની મનાઈ કરે છે.

(ઘ) તમામ લાભાર્થી માલિકોને ઓળખવામાં આવશે જ્યાં મધ્યસ્થીઓ દ્વારા ધારણ કરવામાં આવેલ ફંડસને કંપનીનાં સ્તરે સાથે ભેળવવામાં આવતા નથી, અને એવા 'પેટા ખાતાઓ' હોય છે, જે પૈકીના દરેક લાભાર્થી માલિકને લાગુ પાડી શકાય છે, અથવા જ્યાં આવા ફંડસ કંપનીના સ્તરે સાથે ભેળવવામાં આવે છે ત્યાં કંપની લાભાર્થી માલિકોની શોધ કરશે.

(ચ) કંપની, તેની વિવેકબુદ્ધિએ, મધ્યસ્થી દ્વારા કરાયેલ 'ગ્રાહક ઉપરના ઉચિત ધ્યાન'(સીડીડી) ઉપર આધાર રાખશે, એ શરતે કે મધ્યસ્થી નિયંત્રિત અને દેખરેખ રખાતી સંસ્થા હોય અને ગ્રાહકોની કેવાયસીની જરૂરીયાતોનું અનુપાલન કરવા માટે પૂરતી વ્યવસ્થાઓ અમલમાં ધરાવે છે.

(છ) ગ્રાહકને જાણવાની અંતિમ જવાબદારી કંપનીની રહે છે.

**૩૯.** ઓછા જોખમ વર્ગવાળા ગ્રાહકો માટે દસ્તાવેજોની સૂચક યાદી અનુસૂચી ૩માં નિયત કરવામાં આવેલ છે.

## પ્રકરણ ૭ દસ્તાવેજનું સંચાલન

**૪૦.** ગ્રાહકના ખાતાની માહિતીની જાળવણી, જતન અને રીપોર્ટીંગ અંગે નીચેના પગલાઓ લેવામાં આવશે, પીએમએલ કાયદો અને નિયમોની જોગવાઇઓનાં સંદર્ભ સાથે, કંપની નીચેની બાબતો કરશે,

(ક) કંપની અને ગ્રાહક વચ્ચેના વ્યવહારોના તમામ જરૂરી રેકોર્ડસ જાળવવા, બંને આંતરિક અને આંતરરાષ્ટ્રીય, વ્યવહારની તારીખથી **કમ સે કમ પાંચ વર્ષો** સુધી;

(ખ) લોન ખાતું ખોલવા સમયે/ સંબંધની શરૂઆત સમયે અને ધંધાકીય સંબંધની પ્રક્રિયા દરમિયાન, ગ્રાહકની ઓળખ સાથે સંબંધિત રેકોર્ડસ અને તેમના મેળવેલા સરનામાઓને ધંધાકીય સંબંધ પૂર્ણ થયા બાદ કમ સે કમ પાંચ વર્ષો સુધી સાચવવા;

(ગ) વિનંતી ઉપર સક્ષમ સત્તાઓ સમક્ષ ઓળખના રેકોર્ડ્સ અને વ્યવહારના ડેટા ઉપલબ્ધ બનાવવા.

(ઘ) હવાલાની અટકાયત (જાળવણી અને રેકોર્ડસ) નિયમો, ૨૦૦૫ (પીએમએલ નિયમો, ૨૦૦૫); નાં નિયમ ૩ હેઠળ નિયત કરાયેલ વ્યવહારોનો યોગ્ય રેકોર્ડ્સ જાળવવાની વ્યવસ્થા દાખલ કરવી;

(ચ) નીચેના સહિત, વ્યક્તિગત વ્યવહારની પુન:નિર્માણની અનુમતિ આપવા માટે પીએમએલ નિયમ ૩ હેઠળ નિયત કરાયેલ વ્યવહારોના સંબંધમાં તમામ જરૂરી માહિતી જાળવવી:

(૧) વ્યવહારોનો પ્રકાર;

(૨) વ્યવહારની રકમ અને ચલણ કે જેમાં તે કરવામાં આવેલ હતો;

(૩) તે તારીખ કે જેના ઉપર વ્યવહાર કરવામાં આવ્યો હતો; અને

(૪) વ્યવહારના પક્ષકારો.

(ક) એવી રીતમાં માહિતીની યોગ્ય જાળવણી અને જતન માટેની વ્યવસ્થા વિકસાવો જે સરળતાથી અને ઝડપથી જ્યારે પણ જરૂરી હોય અથવા જ્યારે સક્ષમ સત્તાઓ દ્વારા માંગવામાં આવે ત્યારે ડેટા પ્રાપ્ત કરવાનું સંભવ બનાવે છે;
(ખ) તેમના ગ્રાહકની ઓળખ અને સરનામાનાં દસ્તાવેજો અને હાર્ડ અને સોફ્ટ માળખામાં નિયમ ૩માં સૂચવાયેલ વ્યવહારોના સંબંધમાં દસ્તાવેજો જાળવો.

સ્પષ્ટતા. – આ કલમના હેતુ માટે, અભિવ્યક્તિઓ "ઓળખ સાથે સંબંધિત રેકોર્ડસ", "ઓળખના રેકોર્ડ" વગેરેમાં ઓળખના ડેટાનાં અધતન કરાયેલ રેકોર્ડસ, ખાતાની ફાઇલો, ધંધાકીય પત્રવ્યવહાર અને કરવામાં આવેલ કોઇપણ વિશ્લેષણનાં પરિણામોનો સમાવેશ કરશે.

**૪૧. કંપની એ સુનિશ્ચિત કરશે કે એવા ગ્રાહકોના કિસ્સામાં જેઓ નફા વિનાની સંસ્થાઓ છે, આવા ગ્રાહકોની વિગતો નીતિ આયોગના દર્પન પોર્ટલ ઉપર નોંધવામાં આવશે. જો આ બાબત નોંધવામાં આવે નહીં તો, કંપની દર્પન પોર્ટલ ઉપર વિગતો નોંધશે. કંપની ગ્રાહક અને કંપની વચ્ચે ધંધાકીય સંબંધ પૂર્ણ થયા બાદ કે ખાતું બંધ થયા બાદ, જે કાઈ મોડું હોય તેના બાદ પાંચ વર્ષના સમયગાળા સુધી આવી નોંધણીનાં રેકોર્ડસ પણ જાળવશે.**

## પ્રકરણ ૪ ફાઈનાન્સિયલ ઈન્ટેલીજન્સ એકમ-ભારત સંબંધિત રીપોર્ટીંગની જરૂરીયાત

**૪૨.** કંપની, પીએમએલ (રેકોર્ડસની જાળવણી) નિયમો, ૨૦૦૫નાં નિયમ ૩, તેના નિયમ ૭નાં સંબંધમાં, જણાવેલ માહિતી ડાયરેક્ટર, ફાઈનાન્સિયલ ઈન્ટેલીજન્સ એકમ-ભારત (એફઆઇયુ-આઈએનડી) સમક્ષ રજૂ કરશે.

સ્પષ્ટતા : નિયમ ૭નાં પેટા નિયમ ૩ અને ૪નાં સુધારા બાબતે સપ્ટેમ્બર ૨૨, ૨૦૧૫માં અધિસૂચિત ત્રીજા સુધારાના નિયમોનાં સંબંધમાં, ડાયરેક્ટર, એફઆઇયુ-આઇએનડી માહિતી રજૂ કરવાનાં સ્વરૂપ અને માહિતી રજૂ કરવાની પ્રક્રિયા અને રીત જણાવવા અંગે તેમને સુચના આપવા માટે, નિયમ ૩નાં પેટા નિયમ (૧)ની વિવિધ જોગવાઈઓમા જણાવેલ વ્યવહારો શોધવા માટે રીપોર્ટ કરતી સંસ્થાઓને માર્ગદર્શિકાઓ આપવા માટેની સત્તાઓ ધરાવશે.

**૪૩.**એફઆઇયુ-આઈએનડી દ્વારા નિયત કરાયેલ/જાહેર કરાયેલ રીપોર્ટીંગ માળખાઓ અને સંપૂર્ણ રીપોર્ટીંગ માર્ગદર્શિકા અને નિયત કરાયેલ રીપોર્ટસની તૈયારીમાં રીપોર્ટીંગ સંસ્થાઓને મદદ કરવા માટે વિકસાવાયેલ રીપોર્ટ નિર્માણ યુટીલીટી અને રીપોર્ટ વેલીડેશન યુટીલીટીની નોંધ લેવામાં આવશે. ઈલેક્ટ્રોનિક કેશ ટ્રાન્ઝેક્શન રીપોર્ટસ(સીટીઆર)/ સસ્પીશ્યસ ટ્રાન્ઝેક્શન રીપોર્ટસ (એસટીઆર) દાખલ કરવા માટેની એડિટ કરી શકાય તેવી ઈલેક્ટ્રોનિક યુટીલીટીસ જે એફઆઇયુ-આઈએનડી એ તેની વેબસાઈટ ઉપર મૂકેલ છે તેનો કંપની દ્વારા ઉપયોગ કરવામાં આવશે જે જીવંત વ્યવહારના ડેટામાંથી સીટીઆર/એસટીઆર લેવા માટે હજુ સુધી અનુકૂળ ટેકનોલોજીકલ સાધનો ઇન્સ્ટોલ કરવા/અપનાવવાનાં બાકી છે. કંપની કે જેની તમામ શાખાઓ કમ્પ્યૂટરાઈઝડ નથી, તેના મુખ્ય અધિકારીઓ, તેઓ શાખાઓ જે હજુ સુધી સંપૂર્ણ રીતે કમ્પ્યૂટરાઈઝડ નથી તેમાંથી વ્યવહારની વિગતો કાઢવા માટેની અને એફઆઇયુ-આઈએનડી દ્વારા તેની વેબસાઈટ http://fiuindia.gov.in ઉપર ઉપલબ્ધ બનાવ્યા મુજબ એસટીઅઆર/સીટીઆરની એડીટેબલ યુટીલીટીઓની મદદ સાથે ઈલેક્ટ્રોનિક ફાઈલમાં ડેટા નાખવાની વ્યવસ્થાઓ ધરાવશે. જણાવવાના એસટીઆર/સીટીઆરની નમૂનારૂપ યાદી ઓળખ માટે અનુસૂચી-૪માં જોડવામાં આવેલ છે.

**૪૪.** ડાયરેક્ટર, એફઆઈયુ-આઈએનડી સમક્ષ માહિતી રજૂ કરવા સમયે, વ્યવહારનું રીપોર્ટીંગ નહીં કરવાનો દરેક એક દિવસનો વિલંબ કે નિયમમાં જણાવ્યા મુજબની સમય સીમા થી આગળ ખોટી રીતે રજૂ કરાયેલ વ્યવહારને સુધારવામાં દરેક દિવસનો વિલંબને એક અલગ ભંગનું નિર્માણ કરશે. કંપની એવા લોન ખાતાઓમાં કામકાજો ઉપર કોઇ પ્રતિબંધો મૂકશે નહીં જ્યાં એક એસટીઆર દાખલ કરવામાં આવેલ છે. કંપની એસટીઆરને રજૂ કરવાની હકીકત ચુસ્ત રીતે ખાનગી રાખશે. તે સુનિશ્ચિત કરવામાં આવશે કે કોઇપણ સ્તરે ગ્રાહકને કોઇપણ રીતે સાવચેત કરવાની ઘટના બનતી નથી.

**૪૫.કંપની શંકાસ્પદ વ્યવહારોની અસરકારક ઓળખ અને રીપોર્ટીંગને સક્ષમ બનાવવા માટે, ધંધાની જરૂરીયાતોનાં આધારે અને ઉચિત હોય તે મુજબ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા સહીત, પૂરતી સીસ્ટમ્સ, પ્રક્રિયાઓ અને કાર્યવાહીઓ ધરાવશે.**

## પ્રકરણ ૯ આંતર રાષ્ટ્રીય કરારો હેઠળ જરૂરીયાતો/જવાબદારીઓ

આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી સંદેશાવ્યવહારો -

**૪૬. ગેરકાનૂની પ્રવૃત્તિઓ (અટકાયત), (યુએપીએ) કાયદો, ૧૯૬૭ હેઠળની જવાબદારીઓ :** કંપની એ સુનિશ્ચિત કરશે કે ગેરકાનૂની પ્રવૃત્તિઓ (અટકાયત) (યુએપીએ) કાયદો, ૧૯૬૭ ની કલમ ૫૧ક અને તેના સુધારાઓનાં સંબંધમાં, આતંકવાદી જોડાણોની શંકા ધરાવતા, વ્યક્તિઓ અને સંસ્થાઓની યાદીઓમાં રજૂ થતા વ્યક્તિઓ/સંસ્થાઓનાં નામમાં કોઇપણ લોન ખાતું ધરાવતા નથી, જે યાદી યુનાઈટેડ નેશન્સ સિક્યોરીટી કાઉન્સિલ (યુએનએસસી) દ્વારા મંજૂર કરાયેલ અને સામયિક રીતે ફેલાવાયેલ. બે યાદીઓની વિગતો નીચે મુજબ છે :

(ક) "આઈએસઆઈએલ (દા'એશ) અને અલ-કેઈદા મંજૂરીઓની યાદી", જે અલ-કેઈદા સાથે જોડાયેલ વ્યક્તિઓ અને સંસ્થાઓના નામોનો સમાવેશ કરે છે. અધતન કરાયેલ આઇએસઆઈએલ અને અલ-કેઈદા મંજૂરીઓની યાદી અહીં ઉપલબ્ધ બને છે

https://scsanctions.un.org/fop/fop?xml=htdocs/resources/xml/en/consolidated.xml &xslt=htdocs/resources/xsl/en/al-qaida-r.xsl

(ખ) **"1988** મંજૂરીઓની યાદી**",** વ્યક્તિઓ (એકત્રિત યાદીનો વિભાગ ક) અને સંસ્થાઓ (વિભાગ ખ) જે તાલીબાન સાથે જોડાયેલ છે જે અહીં ઉપલબ્ધ છે https://scsanctions.un.org/fop/fop?xml=htdocs/resources/xml/en/consolidated. xml&xslt=htdocs/re sources/xsl/en/taliban-r.xsl.

કંપની જુદા જુદા સમયે સુધાર્યા મુજબ, ત્રાસવાદની અટકાયત અને દબાણ (સુરક્ષા કાઉન્સિલનાં ઠરાવોનો અમલ) આદેશ, ૨૦૦૭ની અનુસુચીઓ માં ઉપલબ્ધ યાદીઓને જોવાનું પણ સુનિશ્ચિત કરશે. ઉપર જણાવેલ યાદીઓ, અર્થાત યુએનએસસી મંજૂરીઓની યાદીઓ અને જુદા જુદા સમયે સુધાર્યા મુજબ, ત્રાસવાદની અટકાયત અને દબાણ (સુરક્ષા કાઉન્સિલનાં ઠરાવોનો અમલ) આદેશ, ૨૦૦૭ની અનુસુચીઓ માં ઉપલબ્ધ યાદીઓની રોજીંદા ધોરણે ખરાઈ કરવામાં આવશે અને ઉમેરાઓ, દૂર કરેલ બાબતો કે અન્ય ફેરફારો બાબતના ફેરફારો કાળજીપૂર્વકના અનુપાલન માટે આરઈસ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે.

૪૭. મોટા પાયાના વિનાશનાં શસ્ત્રો હેઠળની જવાબદારીઓ (ડબ્લ્યુએમડી) અને તેમની વ્યવસ્થાઓ (ગેરકાનૂની પ્રવૃતિઓની મનાઇ) કાયદો, ૨૦૦૫ (ડબ્લ્યુએમડી કાયદો, ૨૦૦૫):

(ક) કંપની મોટા પાયે વિનાશના શસ્ત્રો (ડબ્લ્યુએમડી) અને તેમની ડીલીવરી સિસ્ટમ્સ (ગેરકાનૂની પ્રવૃત્તિઓની મનાઈ) કાયદો, ૨૦૦૫)ની કલમ ૧૨ કનાં અમલ માટેની પ્રક્રિયા જે ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા, જાન્યુઆરી ૩૦, ૨૦૨૩ તારીખના આદેશ મારફત ડબ્લ્યુએમડી કાયદાની કલમ ૧૨ક નાં સંબંધમાં નિયત કરાયેલ બાબત કાળજીપૂર્વકના અનુપાલનને સુનિશ્ચિત કરશે. (આ મુખ્ય નિર્દેશની અનુસૂચી ૩)

(ખ) ઉપર જણાવેલ આદેશના ફકરા ૩ સાથે અનુરૂપતામાં, આરઈસ વ્યક્તિ/સંસ્થાની વિગતો નિયત કરાયેલ યાદી સાથે મેળ ખાય નહીં તેવા કિસ્સામાં વ્યવહારો નહીં કરવાનું સુનિશ્ચિત કરશે.

(ગ) વધુમાં, આરઈસ તપાસ કરશે, આપેલ માપદંડો ઉપર, ગ્રાહક સાથે સંબંધ સ્થાપવાના સમયે અને સામયિક ધોરણે એ ખરાઈ કરવા માટે કે નિયત કરાયેલ યાદીમાં રહેલ વ્યક્તિઓ અને સંસ્થાઓ બેંક ખાતા વગેરેના સ્વરૂપમાં કોઇપણ ફંડસ, નાણાકીય મિલકત ધરાવી રહ્યા છે કે કેમ.

(ઘ) ઉપરના કિસ્સાઓના મેળ ખાવાના કિસ્સામાં, આરઈસ ડબ્લ્યુએમડી કાયદો, ૨૦૦૫ની કલમ ૧૨ક હેઠળ સતાનો ઉપયોગ કરવા માટે સત્તા તરીકે નિયુક્ત કરાયેલ સેન્ટ્રલ નોડલ અધિકારી (સીએનઓ)ને ફંડસ, નાણાકીય મિલકતો કે આર્થિક સ્રોતોની સંપૂર્ણ વિગતો સાથે વ્યવહારની વિગતોની તાત્કાલિક રીતે જાણ કરશે. સંદેશાની એક નકલ રાજ્યના નોડલ અધિકારીને મોકલવામાં આવશે, જ્યાં ખાતું/વ્યવહાર ધરાવવામાં આવે છે અને આરબીઆઈને. આરઈસ એફઆઇયુ-આઇએનડી પાસે ખાતાઓમાં તમામ વ્યવહારોને આવરી લેતો, ઉપર આવરી લેવાયેલ, અમલમાં મૂકાયેલ કે પ્રયાસ કરાયેલનો, એક એસટીઆર રજૂ કરશે.

તે નોંધી શકાય છે કે આદેશના ફકરા ૧નાં સંબંધમાં, ડાયરેક્ટર એફઆઇયુ- ભારતને સીએનયુ તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

(ક) આરઈસ નિયત કરાયેલ યાદીને જોઇ શકે છે, જુદા જુદા સમયે સુધાર્યા મુજબની, એફઆઇયુ-ભારતના પોર્ટલ ઉપર ઉપલબ્ધ.

(ખ) શંકાથી પર એ માનવા માટેના કારણો હોય તેવા કિસ્સામાં કે ગ્રાહક દ્વારા ધારણ કરવામાં આવેલ ફંડસ કે મિલકતો ડબ્લ્યુએમડી કાયદો, ૨૦૦૫ની કલમ ૧૨કની પેટા કલમ (૨)ની જોગવાઈ (ક) કે (ખ)નાં કાર્યક્ષેત્ર હેઠળ આવશે તેવા કિસ્સામાં, વિના વિલંબે, ઈમેઈલ, ફેક્ષ કે પોસ્ટ દ્વારા સીએનઓને જાણ હેઠળ, નાણાકીય વ્યવહારો કરવાથી આવી વ્યતી/સંસ્થાને અટકાવશે.

(ગ) મિલકતોને ફ્રીઝ કરવા માટેનો આદેશ સીએનઓ તરફથી આરઈસ દ્વારા મેળવાયેલ હોય તેવા કિસ્સામાં, આરઈસ વિના વિલંબે, આદેશનું પાલન કરવા માટે જરૂરી પગલા લેશે.

(ઘ) ફંડસ વગેરેનને અનફ્રીઝ કરવા માટેની પ્રક્રિયા આદેશના ફકરા ૭ મુજબ કરવામાં આવશે. તે મુજબ, વ્યક્તિ/સંસ્થા પાસેથી અનફ્રીઝીંગ અંગે મળેલ અરજીની એક નકલ ફ્રીઝ કરાયેલ મિલ્કતની સંપૂર્ણ વિગતો, અરજદાર દ્વારા અપાયા મુજબની, સાથે કંપની દ્વારા સીએનઓને બે કામકાજી દિવસોની અંદર ઈમેઈલ, ફેક્ષ અને પોસ્ટ દ્વારા આગળ મોકલવામાં આવશે.

53. આરઈસ ઉમેરાઓ, દૂર કરેલ બાબતો કે અન્ય ફેરફારોનાં સંબંધમાં યાદી સંબંધિત કોઇપણ ફેરફારોને ધ્યાનમાં લેવા માટે, https://www.mea.gov.in/Implementation- of-UNSC-Sanctions-DPRK.htm, ઉપર ઉપલબ્ધ મુજબ 'નિયુક્ત કરાયેલ વ્યક્તિઓ અને સંસ્થાઓની યુએનએસસીઆર ૧૭૧૮ મંજૂરીઓની યાદી.ની દરરોજ ખરાઈ કરશે અને કેન્દ્ર સરકાર દ્વારા જુદા જુદા સમયે સુધાર્યા મુજબ ' ઈમ્પ્લીમેન્ટેશન ઓફ સિક્યોરીટી કાઉન્સિલ રીઝોલ્યુશન ઓન ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોરિયા, ૨૦૧૭' સાથેનું અનુપાલન પણ સુનિશ્ચિત કરશે.

**૪૮.ઉપરની વિગતો ઉપરાંત, આરઈસ(ક) અન્ય યુએનએસસીઆરસ અને (ખ) યુએપીએ, ૧૯૬૭ની પ્રથમ અનુસૂચી અને ચોથી અનુસૂચીમાં રહેલ યાદીઓ અને યુએપીએની કલમ ૫૧ કને ડબ્લ્યુએમડી કાયદાની કલમ ૧૨કનાં અમલ ઉપરના સરકારી આદેશો સાથે અનુપાલન માટે આ બાબતના કોઇપણ સુધારાઓને ધ્યાનમાં લેશે. યાદીઓમાં રહેલ વ્યક્તિઓ/સંસ્થાઓ પૈકીના કોઇપણ સાથે મળતા આવતા લોન ખાતાઓની વિગતો યુએપીએ જાહેરનામું, તારીખ માર્ચ ૧૪, ૨૦૧૯/ફેબ્રુઆરી ૨, ૨૦૨૧ હેઠળ જરૂરી હોય તે મુજબ ધરેલું કામકાજોના મંત્રાલય સલાહ આપવા ઉપરાંત એફઆઈયુ-આઈએનડીને જાણ કરવામાં આવશે.**

ઉપરની વિગતો ઉપરાંત, જુદા જુદા સમયે કોઇપણ અન્ય ન્યાયઅધિકાર ક્ષેત્રો/સંસ્થાઓનાં સંબંધમાં રીઝર્વ બેંક દ્વારા ફેલાવાયેલ અન્ય યુએનએસસીઆરસની પણ નોંધ લેવામાં આવશે.

**૪૯. ગેરકાનૂની પ્રવૃત્તિઓ (અટકાયત)નો કાયદો, ૧૯૬૭ ની કલમ ૫૧ ક સાથે સુસંગતતામાં લોન ખાતાને ફ્રીઝ કરવું**

યુએપીએ હેઠળ સરકાર દ્વારા નિયત કરાયા મુજબની પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે અને આ બાબતે કાળજીપૂર્વકનું અનુપાલન સુનિશ્ચિત કરવામાં આવશે, જ્યાં સુધી લાગુ પડે ત્યાં સુધી.

ખાસ કરીને, કંપની તેને નીચેની બાબતની ફરજ પાડતી લાગુ માર્ગદર્શિકાઓ બાબતે અનુપાલન સુનિશ્ચિત કરશે:

(૧)ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અદ્યતન કરાયેલ નિયત કરાયેલ યાદીઓ જાળવવા અને આદેશની અનુસૂચીમાં નોંધાયેલ વ્યક્તિઓ કે સંસ્થાઓ , હવે પછીથી જેને નિયુક્ત કરાયેલ વ્યક્તિઓ/સંસ્થાઓ કહેવામાં આવશે તેઓ તેમની પાસે કોઇપણ ફંડસ, નાણાકીય મિલકતો કે આર્થિક સ્ત્રોતો કે બેંક ખાતાઓ, સ્ટોકસ કે વીમા પોલીસીઓ વગેરેના સ્વરૂપમાં સંબંધિત સેવાઓ ધરાવે છે કે કેમ તેની ખરાઈ કરવા માટે નિયમિત ધોરણે આપેલ માપદંડો ઉપર એક તપાસ ચલાવશે.

(૨) સંજોગવસાત, તેમના ગ્રાહકો પૈકીના કોઇપણની વિગતો નિયુક્ત કરાયેલ વ્યક્તિઓ/સંસ્થાઓની વિગતો સાથે મેળ ખાય તો, કંપની આવો ગ્રાહક મળવાના સમયથી ૨૪ કલાકથી મોડું નહીં તે રીતે, તેમના ચોપડાઓ ઉપર આવા ગ્રાહક દ્વારા ધારણ કરાયેલ ફંડસ, નાણાકીય મિલકતો કે આર્થિક સ્ત્રોતો કે સંબંધિત સેવાઓની સંપૂર્ણ વિગતોની જાણ જોઈન્ટ સેક્રેટરી (સીટીસીઆર), ઘરેલું બાબતોનું મંત્રાલયને ફેક્ષ નંબર ૦૧૧-૨૩૦૯૨૫૬૯ ઉપર અને ટેલીફોન કે ૦૧૧-૨૩૦૯૨૭૩૬ ઉપર જાણ કરશે. પોસ્ટ મારફત મોકલવા ઉપરાંત વિગતો અનિવાર્ય રીતે ઈ-મેઈલ આઈડી : jsctcr-mha@gov.in. ઉપર મોકલવી જોઈએ.

(૩) કંપની જ્યાં લોન ખાતું ધરાવવામાં આવે છે તે રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશના યુએપીએ નોડલ અધિકારીને અને નિયામકો અને એફઆઈયુ-આઇએનડી , જે તે કિસ્સા મુજબને પણ ઉપર (૨)માં જણાવેલ સંદેશની એક નકલ મોકલશે.

(૪) નિયુક્ત કરાયેલ વ્યક્તિઓ/સંસ્થાઓની વિગતો સાથે ગ્રાહકો પૈકીના કોઇપણના મેળ શંકા રહિત હોય તેવા કિસ્સામાં, કંપની એડીશનલ સેક્રેટરી (સીટીસીઆર), નોર્થ બ્લોક, નવી દિલ્લી- ૧૧૦૦૦૧" ઉપર અથવા " jsctcr-mha@gov.in"ને ઇમેઇલ દ્વારા જોઈન્ટ સેક્રેટરી, ઘરેલું બાબતોનાં મંત્રાલયને જાણ હેઠળ, નાણાકીય વ્યવહારો કરવાથી નિયુક્ત કરેલ વ્યક્તિઓને અટકાવશે.

(૫) કંપની નિયત કરાયેલ માળખા મુજબ કરવામાં આવેલ કે પ્રયાસ કરાયેલ, ઉપરના ફકરા (૨) દ્વારા આવરી લેવાયેલ ખાતાઓમાં બધા વ્યવહારોને આવરી લઇને એફઆઈયુ-આઇએનડી પાસે એક સસ્પીશ્યસ ટ્રાન્ઝેક્શન રીપોર્ટ (એસટીઆર) રજૂ કરશે.

(૬) ઉચિત હોય તે મુજબ ફ્રીઝ લાગુ પડશે. લોન ખાતાઓના સંબંધમાં, કોઇપણ વધારાના ઉધારની મંજૂરી આપવામાં આવશે નહીં. હાલની થાપણોનાં કિસ્સામાં, ફંડસ ફ્રીઝ કરી દેવામાં આવશે.

**ફ્રીઝીંગ પ્રયુક્તિ દ્વારા અજાણતા પ્રભાવિત વ્યક્તિઓ/સંસ્થાઓના ફંડસ, નાણાકીય મિલકતો કે આર્થિક સ્ત્રોતો કે સંબંધિત સેવાઓને અનફ્રીઝ કરવાની પ્રક્રિયા, એ બાબતની ખરાઈ ઉપર કે વ્યક્તિ કે સંસ્થા નિયુક્ત કરાયેલ વ્યક્તિ નથી.**

(ક) કોઇપણ વ્યક્તિ કે સંસ્થા, જો તે તેમની માલિકીના/તેમના દ્વારા ધરાવેલ હાલની થાપણ કે લોન ખાતાનું ફ્રીઝીંગ અજાણતા ફ્રીઝ કરવામાં આવેલ છે, તે સાબિત કરવા માટેનો પુરાવો ધરાવે તો, તેઓ લેખિતમાં જરૂરી પુરાવો આપતી એક અરજી આગળ મોકલશે.

(ખ) કંપની આવી એક અરજી મેળવે તેવા કિસ્સામાં, ફંડસ, નાણાકીય મિલકતો કે આર્થિક સ્ત્રોતો કે સંબંધિત સેવાઓ અજાણતા ફ્રીઝ કરવામાં આવેલ છે તેની જાણ કરતી કોઇપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા અપાયેલ સંબંધિત મિલકતોની સંપૂર્ણ વિગતો સાથેની અરજીની બે કામકાજી દિવસોની અંદર એમએચએનાં સીટીસીઆર વિભાગના નોડલ અધિકારીને જાણ કરશે અને અરજીની નકલ આગળ મોકલશે.

(ગ) જોઈન્ટ સેક્રેટરી (સીટીસીઆર),એમએચએ, એમએચએના સીટીસી આર વિભાગ માટે યુએપીએ નોડલ ઓફિસર તરીકે આવી ખરાઈ કરશે, જે વ્યક્તિ/સંસ્થા દ્વારા રજૂ કરાયેલ પુરાવાના આધારે જરૂરી હોઈ શકે, અને જો સંતુષ્ઠ થાય તો, તે કંપની સહીત, અન્ય પક્ષકારોને જાણહેઠળ, આવા અરજદારની માલિકીવાળી/તેના દ્વારા ધારણ કરાયેલ ફંડસ, નાણાકીય મિલકતો,કે આર્થિક સ્ત્રોતો કે સંબંધિત સેવાઓ અનફ્રીઝ કરતો આદેશ, ૧૫ કામકાજી દિવસોમાં કરશે. જો કે, કોઇપણ કારણોસર ૧૫ કામકાજી દિવસોમાં મિલકતોને અનફ્રીઝ કરતો આદેશ પસાર કરવો સંભવ હોય નહીં તો, સીટી સીઆર વિભાગના યુએપીએ નોડલ અધિકારી અરજદારને જાણ કરશે.

### ૫૦. ન્યાયઅધિકાર ક્ષેત્રો જે એફએટીએફ ભલામણોને લાગુ પડતા નથી અથવા અપૂરતી રીતે લાગુ પડે છે

(ક) જુદા જુદા સમયે રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા ફેલાવવામાં આવતા એફએટીએફનાં સ્ટેટમેંટસ અને સાર્વજનિક રીતે ઉપલબ્ધ માહિતી, એવા દેશોની ઓળખ કરવા માટે, જે એફએટએફ ભલામણોને લાગુ પાડતી નથી એ અપૂરતી રીતે લાગુ પાડે છે, તેને ધ્યાનમાં લેવામાં આવશે. એફએટીએફમાં સમાવિષ્ટ ન્યાયઅધિકાર ક્ષેત્રોની એએમએલ/સીએફટી પદ્ધતિ  માં ખામીઓ માંથી ઉદભવતા જોખમો ધ્યાનમાં લેવામાં આવશે.

(ખ) ખાસ ધ્યાન ધંધાકીય સંબંધો ઉપર અને એવા દેશોમાંથી આવતી એવી વ્યક્તિઓ (કાનૂની વ્યક્તિઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ સહીત) કે જે દેશો એફએટીએફ ભલામણો અને એફએટીએફ સ્ટેટમેંટસમાં સમાવિષ્ટ ન્યાયઅધિકારો ને લાગુ પાડતા નથી કે અપૂરતી રીતે લાગુ પાડે છે તેમના ઉપર, આપવામાં આવશે.

સ્પષ્ટતા ; ઉપરની પ્રક્રિયા એફએટીએફ સ્ટેટમેંટમાં જણાવેલ દેશો એન ન્યાયઅધિકાર ક્ષેત્રો સાથે કાયદેસરના વેપાર અને ધંધાકીય વ્યવહારો ધરાવતા કંપનીને અટકાવતી નથી.

(ગ) એફએટીએફમાં સમાવિષ્ટ ન્યાય અધિકાર ક્ષેત્રોમાંથી (કાનૂની વ્યક્તિઓ અને અને અન્ય નાણાકીય સંસ્થાઓ સહીત) અને જે એફએટીએફ ભલામણો લાગુ પાડતા નથી કે અપૂરતી રીતે લાગુ પાડે છે તેવા એવા દેશો માંથી વ્યક્તિઓ સાથેના વ્યવહારોની પૃષ્ઠભૂમિ અને હેતુ તપાસવામાં આવશે અને તમામ દસ્તાવેજો સાથેના લેખિત તારણો જાળવવામાં આવશે અને વિનંતી ઉપર રીઝર્વ બેંક/અન્ય સંબંધિત સતાઓને ઉપલબ્ધ બનાવવામાં આવશે.

### ૫૧. સીડીડી પ્રક્રિયા અને સેન્ટ્રલ કેવાયસી રેકોર્ડસ રજીસ્ટ્રી (સીકેવાયસીઆર)ને કેવાયસી માહિતી આપવી

(ક) ભારત સરકારે ગેઝેટ જાહેરનામાં નં. એસ. ઓ. ૩૧૮૩(ઈ) તારીખ નવેમ્બર, ૨૬, ૨૦૧૫ મારફત સીકેવાયસીઆર તરીકે કાર્ય કરવા અને  તેના કાર્યો કરવા માટેસેન્ટ્રલ રજીસ્ટ્રી ઓફ સિક્યોરીટાઇઝેશનએસેટ રીકન્સ્ટ્રકશન એન્ડ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ ઓફ ઇન્ડિયા (સરસાઈ – સીઈઆરએસએઆઈ)ને અધિકૃત કરેલ છે.
(ખ) પીએમએલ નિયમોના નિયમ ૯ (૧ક)ની જોગવાઈઓના સંબંધમાં, આરઈસ ગ્રાહકના કેવાયસી રેકોર્ડસ લેશે અને ગ્રાહક સાથે ખાતા આધારિત સંબંધની શરૂઆતનાં ૧૦ દિવસોની અંદર સીકેવાયસીઆર ઉપર અપલોડ કરશે.
(ગ)કેવાયસી ડેટા અપલોડ કરવા માટેની કામકાજી માર્ગદર્શિકાઓ સરસાઇ (સીઈઆરએસએઆઇ) દ્વારા બહાર પાડવામાં આવેલ છે.
(ઘ) આરઈસ જે તે કિસ્સા મુજબ, 'વ્યક્તિઓ' અને 'કાનૂની સંસ્થાઓ' જે તે કિસ્સા મુજબ માટે તૈયાર કરાયેલ કેવાયસી ટેમ્પ્લેટસ મુજબ, નિયમોમાં ઉલ્લેખ કરાયેલ રીતે સીકેવાયસીઆર સાથે શેરીંગ માટે કેવાયસી માહિતી લેશે. ટેમ્પ્લેટસ જુદા જુદા સમયે, સરસાઈ (સીઈઆરએસએઆઈ) દ્વારા જરૂરી બને અને બહાર પાડવામાં આવે તે મુજબ સુધારવામાં આવી શકે છે.
(ચ) નવા 'વ્યક્તિગત ખાતાઓ'સાથે શરુ કરીને તબક્કાવાર રીતે સીકેવાય સીઆરનું 'લાઇવ રન' જુલાઈ ૧૫, ૨૦૧૬ થી શરુ થયું . તે મુજબ, શેડ્યુલ્ડ કોમર્સિયલ બેંકો (એસસીબીસ)માટે અચૂકપણે સીકેવાયસીઆર સાથે, જાન્યુઆરી ૧, ૨૦૧૭ ઉપર કે તે પછી ખોલવામાં આવેલ તમામ નવા વ્યક્તિગત ખાતાઓ સંબંધિત કેવાયસી ડેટા અપલોડ કરવાનું જરૂરી છે. એસસીબીસને શરૂઆતમાં જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન ખોલેલા ખાતાઓના સંબંધમાં ડેટા અપલોડ કરવા માટે ફેબ્રુઆરી ૧, ૨૦૧૭ સુધીના સમયની છૂટ આપવામાં આવી હતી.

એસસીબીસ સિવાયના આરઈસ માટે ઉપર જણાવેલ નિયમોની જોગવાઈઓનાં સંબંધમાં સીકેવાયસીઆર સાથે, એપ્રિલ ૧, ૨૦૧૭ ઉપર કે પછી ખોલેલ તમામ નવા વ્યક્તિગત ખાતાઓ સંબંધિત કેવાયસી ડેટા અપલોડ કરવાની શરૂઆત કરવાનું જરૂરી બન્યું હતું.

(છ)આરઈસ ઉપર જણાવેલ નિયમોની જોગવાઈઓનાં સંબંધમાં સીકેવાયસીઆર સાથે, એપ્રિલ ૧, ૨૦૨૧ ઉપર કે પછી ખોલેલ એલઈસનાં ખાતાઓ સંબંધિત કેવાયસી રેકોર્ડસ અપલોડ કરશે. કેવાયસી રેકોર્ડસ સરસાઈ (સીઈઆરએસએઆઈ)દ્વારા બહાર પડાયેલ એલઈ ટેમ્પ્લેટ મુજબ અપલોડ કરવા પડે છે.

(જ) એક વાર સીકેવાયસીઆર દ્વારા કેવાયસીની ઓળખ કરનારનું નિર્માણ થાય પછી, આરઈસ એ સુનિશ્ચિત કરશે કે આ બાબતની જાણ જે તે કિસ્સા મુજબ વ્યક્તિઓ/એલઈને કરવામાં આવે.

(ઝ) એ સુનિશ્ચિત કરવા માટે કે તમામ કેવાયસી રેકોર્ડસ સંવર્ધિત રીતે સીકેવાયસીઆર ઉપર અપલોડ કરવામાં આવે છે, આરઇસ આ મુખ્ય નિર્દેશની કલમ ૩૮માં જણાવ્યા મુજબ સામયિક અપડેશનનાં સમયે કે તે પહેલા, જ્યારે ગ્રાહક પાસેથી અપડેટ કરેલ કેવાયસી માહિતી મેળવવામાં/પ્રાપ્ત કરવામાં આવે છે ત્યારે *ચ) અને (છ) મુજબ અનુક્રમે ઉપર જણાવેલ તારીખો અગાઉ ખોલેલ વ્યક્તિગત ગ્રાહકો અને એલઈસનાં ખાતાઓ સંબંધિત કેવાયસી ડેટા અપલોડ/અપડેટ કરશે.

(ટ) આરઈસ એ સુનિશ્ચિત કરશે કે સામયિક અપડેશન દરમિયાન, ગ્રાહકો હાલના સીડીડી ધોરણ તરફ સ્થળાંતરીત કરવામાં આવેલ છે.

(ઠ) જ્યાં એક ગ્રાહક, એક ખાતા આધારિત સંબંધ સ્થાપિત કરવાનાં હેતુઓ માટે, આરઈ સમક્ષ એક કેવાયસી આઈડેન્ટીફાયર, સીકેવાયસીઆરમાંથી રેકોર્ડસ ડાઉનલોડ કરવાની સ્પષ્ટ સંમતિ સાથે રજૂ કરે છે ત્યાં, ત્યારે આવી કંપની કેવાયસી આઈડેન્ટીફાયર નો ઉપયોગ કરીને સીકેવાયસીઆરમાંથી ઓનલાઇન કેવાયસી રેકોર્ડસ પરત મેળવશે અને ગ્રાહક માટે નીચેના સિવાય તે જ કેવાયસી રેકોર્ડસ કે માહિતી કે કોઇપણ અન્ય ઓળખ દસ્તાવેજો કે વિગતો રજૂ કરવાનું જરૂરી નથી -

૧. સીકેવાયસીઆર નાં રેકોર્ડસમાં મોજુદ મુજબ ગ્રાહકની માહિતીમાં ફેરફાર હોય;

૨. ગ્રાહકનાં હાલનાં સરનામાની ખરાઈ કરવાનું જરૂરી હોય;

૩.ગ્રાહકની ઓળખ કે સરનામાની ખરાઈ કરવા માટે કંપનીને તે જરૂરી લાગે અથવા વધારેલ ઉચિત ધ્યાન કરવા માટે કે ગ્રાહકની એક યોગ્ય જોખમની રૂપરેખાનું નિર્માણ કરવા માટે કંપનીને તે જરૂરી લાગે.

૪.સીકેવાયસીઆરમાંથી દસ્તાવેજો ડાઉનલોડ કરવાનો સમય વીતી ગયેલ હોય.

**પ્રકરણ ૧૦** અન્ય સૂચનાઓ

## ૫૨. ગુપ્તતાની જવાબદારીઓ અને માહિતીની વહેંચણી:

(ક)કંપની કંપની અને ગ્રાહક વચ્ચેના કરારી સંબંધમાંથી જે ઉદભવે છે તે ગ્રાહક માહિતી અંગેની ગુપ્તતા જાળવશે.

(ખ) લોન ખાતું ખોલાવવા માટે ગ્રાહકો પાસેથી એકત્ર કરાયેલ માહિતીને ગોપનીય ગણવામાં આવશે અને ગ્રાહકની સ્પષ્ટ પરવાનગી મેળવ્યા વિના તેની વિગતો ક્રોસ સેલિંગનાં, કે કોઇપણ અન્ય હેતુ માટે જાહેર કરવામાં આવશે નહીં.
(ગ)સરકાર અને અન્ય સંસ્થાઓ પાસેથી ડેટા/માહિતી માટે વિનંતીઓ ઉપર ધ્યાન દેવા સમયે, કંપની તેમની જાતને એ બાબતે સંતુષ્ટ કરશે કે મેળવવામાં આવતી માહિતી એવા પ્રકારની નથી જે કંપનીના વ્યવહારોમાં ગુપ્તતા સંબંધિત કાયદાઓની જોગવાઈઓનો ભંગ કરશે.
(ઘ) કથિત નિયમ બાબતના અપવાદો નીચે મુજબ રહેશે :

૧. જ્યાં જાહેરાત કાયદાના દબાણ હેઠળ હોય

૨. જ્યાં જાહેર કરવું એ જનતા પ્રત્યેની એક ફરજ હોય,

૩.કંપનીના હિત માટે જાહેરાત જરૂરી હોય અને

૪. જ્યાં જાહેરાત ગ્રાહકની સ્પષ્ટ કે ગર્ભિત સંમતિ સાથે કરવામાં આવે છે.

(ક) એનબીએફસીસ આરબીઆઈનો કાયદો ૧૯૩૪ની કલમ ૪૫એનબીમાં પ્રબંધ કરાયા મુજબ માહિતીની ગોપનીયતા જાળવશે.

## ૫૩. સીડીડી પ્રક્રિયા અને સેન્ટ્રલ કેવાયસી રેકોર્ડસ રજીસ્ટ્રી (સીકેવાયસીઆર) સાથે કેવાયસી માહિતીનું શેરીંગ

કંપની જ્યાં સુધી લાગુ પડે ત્યાં સધી, જે તે કિસ્સા મુજબ ‘વ્યક્તિઓ’ અને ‘કાનૂની સંસ્થાઓ’ માટે તૈયાર કરાયેલ સુધારેલ કેવાયસી ટેમ્પ્લેટસ દ્વારા જરૂરી બને તે મુજબ, નિયમોમાં ઉલ્લેખ કરાયેલ રીતમાં સીકેવાયસીઆર પાસે શેરીંગ માટે કેવાયસી માહિતી લેશે. ભારત સરકારે ગેઝેટ જાહેરનામું નંબર એસ. ઓ. ૩૧૮૩ (ઈ), તારીખ નવેમ્બર ૨૬, ૨૦૧૫ મારફત સીકેવાયસીઆર તરીકે કાર્ય કરવા અમે સીકેવાયસીઆરના કાર્યો કરવા માટે સેન્ટ્રલ રજીસ્ટ્રી ઓફ સિક્યોરીટાઇઝેશન એસેટ રીકન્સ્ટ્રકશન એન્ડ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ ઓફ ઇન્ડિયા (સીઈઆરએસએઆઇ)ને અધિકૃત કરેલ છે. કંપની કાયદા હેઠળ જરૂરી હોય તે મુજબ તમામ જરૂરી પગલાઓ લેશે.
પીએમએલ નિયમોનાં નિયમ ૯(૧ક)ની જોગવાઇઓના સંબંધમાં, કંપની કેવાયસી રેકોર્ડસ લેશે અને ગ્રાહક સાથે ખાતા આધારિત સંબંધની શરૂઆતના ૧૦ દિવસોની અંદર સીકેવાયસીઆર ઉપર અપલોડ કરશે.

કંપની એ સુનિશ્ચિત કરશે કે સમાયિક અપડેશન દરમિયાન, ગ્રાહકો હાલના સીડીડી ધોરણ ઉપર સ્થળાંતરીત કરવામાં આવે છે.

જ્યાં એક ગ્રાહક, એક ખાતા આધારિત સંબંધ સ્થાપિત કરવાના હેતુઓ માટે, કંપનીને એક કેવાયસી આઇડેન્ટીફાયર રજૂ કરે, સીકેવાયસીઆર ઉપરથી રેકોર્ડસ ડાઉનલોડ કરવાની સ્પષ્ટ સંમતી સાથે, ત્યારે કંપની સીકેવાયસીઆરમાંથી કેવાયસી આઇડેન્ટીફાયરનો ઉપયોગ કરીને ઓનલાઈન કેવાયસી રેકોર્ડસ પ્રાપ્ત કરશે અને ગ્રાહકે તેજ કેવાયસી રેકોર્ડ્સ કે માહિતી કે અન્ય વધારાના ઓળખ દસ્તાવેજો કે વિગતો રજૂ કરવાનું જરૂરી બનશે નહીં સિવાય કે-

(૧) સીકેવાયસીઆરનાં રેકોર્ડસમાં અસ્તિત્વ ધરાવતી હોય તે મુજબ માહિતીમાં ફેરફાર હોય;
(૨) ગ્રાહકના હાલના સરનામાની ખરાઈ કરવાનું જરૂરી હોય;
(૩) કંપની ગ્રાહકની ઓળખ કે સરનામાંની ખરાઈ કરવા માટે કે વધારેલ ઉચિત ધ્યાન કરવા કે ગ્રાહકની ઉચિત જોખમ રૂપરેખાનું નિર્માણ કરવા માટે તેને જરૂરી ગણે.
(૪)વરિષ્ઠ સંચાલનનું સ્થાન ધરાવતા સંબંધિત વ્યક્તિઓના નામો; અને
(૫)તેના ધંધાની નોંધાયેલ કચેરી અને તેના ધંધાનું મુખ્ય સ્થાન, જો તે અલગ હોય તો;

## ૫૪. ફોરેન એકાઉન્ટ ટેક્ષ કોમ્પ્લાયન્સ એક્ટ (ફટકા) કોમન રીપોર્ટીંગ સ્ટાન્ડર્ડસ (સીઆરએસ) હેઠળ રીપોર્ટીંગની જરૂરીયાત

ફટકા અને સીઆરએસ હેઠળ, કંપની આવકવેરાના નિયમો ૧૧૪ એફ, ૧૧૪ જી અને ૧૧૪ એચની જોગવાઈઓનું પાલન કરશે અને નક્કી કરશે કે તેઓ આવકવેરા નિયમ ૧૧૪ એફમાં નિયત કરાયા મુજબ એક રીપોર્ટીંગ નાણાકીય સંસ્થા છે કે કેમ અને જો તેવું હોય તો, રીપોર્ટીંગની જરૂરીયાતોનું અનુપાલન કરવા માટે નીચેના પગલાઓ લેશે:

(ક) લોગ ઇન બાદ http://www.incometaxindia.gov.in/Pages/default.aspx. લીંક ઉપર રીપોર્ટીંગ નાંણાકીય સંસ્થા તરીકે આવકવેરા ખાતાના સંબંધિત ઈ-ફાઇલિંગ પોર્ટલ ઉપર નોંધણી કરો --
> માય એકાઉન્ટ --> રજીસ્ટર એઝ રીપોર્ટીંગ ફાઈનાન્સિયલ ઇન્સ્ટીટ્યુશન.

(ખ)ફોર્મ ૬૧બી કે નીલ રીપોર્ટ અપલોડ કરીને 'નિયુક્ત કરાયેલ ડાયરેક્ટર'ની ડીજીટલ સહીનો ઉપયોગ કરીને ઓનલાઈન રીપોર્ટ રજૂ કરો, જેના માટે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા તૈયાર કરાયેલ પ્રાથમિક આયોજન જોવામાં આવશે.

સ્પષ્ટતા : કંપની નિયમ ૧૧૪ એચનાં સંબંધમાં જાણ રી શકાય તેવા ખાતાઓની ઓળખ કરવાના હેતુઓ માટે ઉચિત ધ્યાન કરવા માટે તેમની વેબસાઈટ *http://www.fedai.org.in/RevaluationRates.aspx* ઉપર ફોરેન એક્ષચેન્જ ડીલર્સ એસોસીએશન ઓફ ઇન્ડિયા (એફઈડીએઆઈ) દ્વારા પ્રકાશિત કરાયેલ હાલના હૂંડીયામણ દરોને જોશે.

(ગ) ઉચિત ધ્યાન પ્રક્રિયા હાથ ધરવા અને નિયમ ૧૧૪ એચમાં પ્રબંધ કરાયા મુજબ,તે બાબતે નોંધ કરવા અને જાળવણી કરવા માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજી(આઈટી)નું માળખું વિકસાવવું.
(ઘ) આઈટીનાં માળખા માટે ઓડીટની સીસ્ટમ અને આવક વેરાના નિયમો પૈકીના નિયમો ૧૧૪ એફ,૧૧૪ જી, અને ૧૧૪ એચ બાબતે અનુપાલન માટેની સીસ્ટમ વિકસાવવી.
(ચ) અનુપાલન સુનિશ્ચિત કરવા માટે નિયુક્ત કરાયેલ ડાયરેક્ટર કે કોઇપણ અન્ય સમકક્ષ કર્મચારી નીચે "ઉચ્ચ કક્ષાની દેખરેખ સમિતિ" કે એક જોખમ સમિતિ રચવી.

(છ)સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા વિષય ઉપર જારી કરાયેલ અને વેબસાઈટ http://www.incometaxindia.gov.in/Pages/default.aspx ઉપર જુદા જુદા સમયે અદ્યતન કરાયેલ સૂચનાઓ/નિયમો/માર્ગદર્શન નોંધો/પ્રેસ વિજ્ઞપ્તિઓ ઉપલબ્ધ બાબતે અનુપાલન સુનિશ્ચિત કરવું. કંપની નીચેની બાબતોની નોંધ લેશે :

(જ)ફટકા અને સીઆરએસ ઉપરની અદ્યતન કરાયેલ માર્ગદર્શન નોંધ
(ઝ) નિયમ ૧૧૪ એચ (૮) હેઠળ 'નાણાકીય ખાતાઓની સમાપ્તિ' ઉપર પ્રેસ વિજ્ઞપ્તિ.

**૫૫.ચુકવણીના દસ્તાવેજો રજૂ કરવા માટેનો સમયગાળો**

ચેક્સ/ડ્રાફ્ટસ/પે ઓર્ડર્સ/બેન્કર્સ ચેક્સ, જો તે આવા દસ્તાવેજોની તારીખથી ત્રણ મહિનાનાં સમયગાળા પછી રજૂ કરવામાં આવે તો, તેની ચુકવણી કરવામાં આવશે નહીં.

**૫૬.ખાતાઓનું સંચાલન અને મની મ્યુલ્સ**

ખાતા ખોલવા અને વ્યવહારોની દેખરેખ ઉપરની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે, "મની મ્યુલ્સ"નાં કામકાજો ઘટાડવા માટે જેનો ગુનેગારો કે જેઓ ત્રીજા પક્ષકારો જેઓ "મની મ્યુલ્સ" તરીકે કામ કરે છે, તેની નિમણૂંક કરીને થાપણ ખાતાઓમાં પહોંચ મેળવે છે. એક એચએફસી તરીકે કંપની સાથે સંબંધિત માત્રા સુધી, તેમની, છેતરપીંડીભરી યોજનાઓ(દા.ત. ફિશિંગ અને ઓળખની ચોરી)ની ગેરકાનૂની આવકોને કાયદેસરની બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે. જરૂરી અને લાગુ પડે તે મુજબની તમામ સંબંધિત સાવચેતીઓ અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવશે.

**૫૭.એકાઉન્ટ પેયી ચેકોનું એકત્રીકરણ**

લોન ખાતાઓ માટે, એકાઉન્ટ પેયી ચેકો પેયી વ્યક્તિ સિવાયની કોઇપણ વ્યક્તિ માટે એકત્ર કરવામાં આવશે નહીં. કંપની, તેની પોતાની પસંદગીએ, તેમના ગ્રાહકો કે જેઓ સહકારી ધિરાણ મંડળીઓ છે તેમના ખાતાઓમાં પચાસ હજારથી વધે નહીં તેટલી રકમ માટે લખાયેલા એકાઉન્ટ પેયી ચેકો એકત્ર કરશે, એ શરતે કે આવા ચેકોના પેયીસ આવી સહકારી ધિરાણ મંડળીઓનાં અંગભૂત ભાગો હોય.

**૫૮.** કંપની એન એનબીએફસીસ દ્વારા હાલના ગ્રાહકો સ્વરૂપે પણ વ્યક્તિગત ગ્રાહકો સાથે નવા સંબંધો કરવા સમયે એક યુનિક કસ્ટમર આઈડેંટીફીકેશન કોડ (યુસીઆઈસી) ફાળવવામાં આવશે.

**૫૯.** એચએફસી તરીકે શક્ય તેટલી વધુ માત્રામાં લોન ખાતાઓ સાથે સંબંધિત **નવી ટેકનોલોજીઓનો પરિચય**

પૂરતું ધ્યાન કોઇપણ હવાલા કે આતંકવાદને નાણા પૂરા પાડવાના જોખમો પ્રત્યે આપવામાં આવશે જે જોખમો નવી કે વિકસતી ટેકનોલોજીઓમાંથી ઉદભવી શકે છે અને એ સુનિશ્ચિત કરવામાં આવશે કે જુદા જુદા સમયે જારી કરવામાં આવેલ યોગ્ય કેવાયસી પ્રક્રિયાઓનો નવી પ્રોડક્ટસ/સેવાઓ/ ટેકનોલોજીઓ રજૂ કરતા પહેલા યોગ્ય રીતે અમલ કરવામાં આવશે, એક એચએફસી તરીકે કંપની સાથે સંબંધિત માત્રા સુધી.

**૬૦.** વાયર ટ્રાન્સફર

**અ. આ મુખ્ય નિર્દેશના હેતુ માટે વાયર ટ્રાન્સફર માટે માહિતીની જરૂરીયાતો:**

૧.તમામ ક્રોસ-બોર્ડ વાયર ટ્રાન્સફર્સની સાથે સચોટ, પૂર્ણ અને અર્થપૂર્ણ પ્રવર્તક અને લાભાર્થીની માહિતી નીચે જણાવ્યા મુજબની રહેશે:

ક.પ્રવર્તકનું નામ;
ખ.પ્રવર્તક ખાતા નંબર જ્યાં આવું એક ખાતું વ્યવહાર ઉપર પ્રક્રિયા કરવા માટે જારી કરવામાં આવે છે;
ગ. પ્રવર્તકનું સરનામું , કે રાષ્ટ્રીય ઓળખ નંબર, કે ગ્રાહક ઓળખ નંબર કે જન્મની તારીખ અને સ્થળ;

ધ.લાભાર્થીનું નામ; અને
ચ.લાભાર્થીનો ખાતા નંબર જ્યાં વ્યવહાર ઉપર પ્રક્રિયા કરવા માટે આવા એક ખાતા નંબરનો ઉપયોગ કરવામાં આવે છે.

એક ખાતાની ગેરહાજરીમાં, એક યુનિક ટ્રાન્ઝેક્શન રેફરન્સ નંબરનો સમાવેશ કરવો જોઈએ જે વ્યવહારની ભાળ મેળવવાની છૂટ આપે છે.

૨. બેચ ટ્રાન્સફરનાં કિસ્સામાં, જ્યાં એક જ પ્રવર્તકમાંથી એેક વ્યક્તિગત વાયર ટ્રાન્સફર્સ લાભાર્થીઓને ટ્રાંસમીશન માટે એક બેચ ફાઇલમાં ભેગા કરવામાં આવે છે, ત્યાં તેમને (અર્થાત વ્યક્તિગત ટ્રાન્સફર્સ)ને પ્રવર્તકની માહિતીનાં સંબંધમાં ઉપરની જોગવાઈ (૧)ની જરૂરીયાતોમાંથી મુક્તિ આપવામાં આવે છે, એ શરતે કે તેઓ ઉપર જણાવ્યા મુજબ પ્રવર્તકનો ખાતા નંબર કે યુનિક ટ્રાન્ઝેક્શન નંબરનો સમાવેશ કરે અને બેચ ફાઈલ જરૂરી અને સચોટ પ્રવર્તક માહિતી અને સંપૂર્ણ લાભાર્થી માહિતી ધરાવે, જે લાભાર્થી દેશમાં સંપૂર્ણ રીતે શોધી શકાય તેવી હોય છે.

૩. આંતરિક વાયર ટ્રાન્સફર, જ્યાં પ્રવર્તક ઓર્ડર કરનાર આરઈનો એક ખાતા ધારક હોય તેની સાથે પ્રવર્તક અને લાભાર્થીની માહિતી, ઉપર (૧) અને (૨)માં ક્રોસ-બોર્ડર વાયર ટ્રાન્સફર માટે સૂચવાયા મુજબ, જોડવામાં આવશે.

૪. રૂપિયા પચાસ હજાર અને ઉપરના આંતરિક વાયર ટ્રાન્સફર જ્યાં પ્રવર્તક ઓર્ડર કરનાર આરઈ નો એક ખાતા ધારક નથી, તેની સાથે ક્રોસ બોર્ડર વાયર ટ્રાન્સફર માટે સૂચવાયા મુજબ પ્રવર્તક અને લાભાર્થી માહિતી પણ સાથે રાખવામાં આવશે.

૫. આરઈસ એ સુનિશ્ચિત કરશે કે વાયર ટ્રાન્સફર્સ ઉપરની તમામ માહિતી યોગ્ય કાયદાનો અમલ અને/અથવા કાનૂની કાર્યવાહી ચલાવનાર સંબંધિત સત્તાઓ તેમજ એફઆઇયુ- આઈએનડીને યોગ્ય કાનૂની જોગવાઈઓ સાથે આવી વિનંતીઓ મળવા ઉપર તાત્કાલિક ઉપલબ્ધ બનાવવામાં આવશે.

૬.વાયર ટ્રાન્સફરની સૂચનાઓ ચુકવણીના નીચેના પ્રકારો આવરી લેવાનો હેતુ ધરાવતી નથી.:

ક. કોઇપણ ટ્રાન્સફર કે જે ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ/પ્રિપેઇડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેંટ (પીપીઆઇ), ટોકન કે કાર્ડ સાથે જોડાયેલ કોઇપણ અન્ય આવી રેફરન્સ સ્ટ્રીંગ /પીપીઆઇનો ઉપયોગ કરીને કરવામાં આવેલ એક વ્યવહાર માંથી ઉદભવે છે, સામાન કે સેવાઓની ખરીદી માટે, જ્યાં સુધી વ્યવહારમાંથી ઉદભવતા તમામ ટ્રાન્સફર્સ સાથે ક્રેડીટ કે ડેબીટ કાર્ડ નંબર કે પીપીઆઇ આઈડી કે રેફરન્સ નંબર હોય ત્યાં સુધી. જો કે, જ્યારે વ્યક્તિ થી વ્યક્તિ વાયર ટ્રાન્સફરની અસર આપવા માટે ચુકવણીની વ્યવસ્થા તરીકે ક્રેડીટ કે ડેબીટ કાર્ડ કે પીપીઆઇનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે,વાયર ટ્રાન્સફરની સૂચનાઓ આવા વ્યવહારોને લાગુ પડશે અને જરૂરી માહિતીનો સંદેશામાં સમાવેશ કરવો જોઇએ.
ખ. નાણાકીય સંસ્થા થી નાણાકીય સંસ્થાના વાયર ટ્રાન્સફર્સ અને સેટલમેંટસ, જ્યાં પ્રવર્તક વ્યક્તિ અને લાભાર્થી વ્યક્તિ બંને તેમના પોતાના માટે કામ કરતી નિયંત્રિત નાણાકીય સંસ્થાઓ છે.

તે જોકે, સ્પષ્ટ કરવામાં આવે છે કે આ સુચનાઓની અંદરની કોઇપણ બાબત પીએમએલ કાયદો, ૨૦૦૨ અને તેની નીચે બનેલ નિયમો કે અમલમાં રહેલ  કોઇપણ અન્ય ધારાકીય જરૂરીયાત હેઠળની લાગુ રીપોર્ટીંગ જરૂરીયાતોનું અનુપાલન કરવા માટેની એક કંપનીની જવાબદારીને અસર કરશે નહીં.

**ગ. વાયર ટ્રાન્સફરની અસર આપતી કંપનીની જવાબદારીઓ નીચે મુજબ છે:**

અ. કંપની એ સુનિશ્ચિત કરશે કે તમામ ક્રોસ બોર્ડર અને લાયક બનતા વાયર ટ્રાન્સફર્સ (અથવા ઉપરના ફકરા ક ની જોગવાઈઓ (૩) અને (૪) મુજબના વ્યવહારો), ઉપર સૂચવ્યા મુજબ જરૂરી અને સચોટ પ્રવર્તક માહિતી અને જરૂરી લાભાર્થી માહિતી ધરાવે છે.
બ. ગ્રાહક માહિતી જો ગ્રાહક કે જે કંપનીનો ખાતા ધારક ના હોય તો બનાવવામાં આવશે, જે સહેતુક રીતે રીપોર્ટીંગ કે દેખરેખને ટાળવા માટે રૂપિયા પચાસ હજાર નીચે આંતરિક વાયર ટ્રાન્સફર ગોઠવી રહેલ છે. ગ્રાહક તરફથી અસહકારનાં કિસ્સામાં, ઓળખ પ્રસ્થાપિત કરવા માટેના પ્રયાસો કરવામાં આવશે અને જો આ બાબતે વ્યવહાર શંકાસ્પદ હોવાનું જણાય તો, પીએમએલ નિયમો સાથે અનુરૂપતામાં એફઆઇયુ-આઈએનડી સમક્ષ એસટીઆર રજૂ કરવામાં આવી શકે છે.
ક. જો આ વિભાગમાં ઠરાવેલ જરૂરીયાતોનું તે પાલન કરી શકે નહીં તો કંપની વાયર ટ્રાન્સફર કરશે નહીં.

૪. મની ટ્રાન્સફર સર્વિસ સ્કીમ (એમટીએસએસ) પ્રદાતાઓ માટે આ વિભાગની સંબંધિત જરૂરીયાતો પૈકીની તમામનું અનુપાલન જરૂરી છે, પછી તે તેમની સેવાઓ સીધી કે એજન્ટસ મારફત ભલે પૂરી પાડતા હોય. એમટીટીએસ પ્રદાતાના કિસ્સામાં કે જે વાયર ટ્રાન્સફરની ઓર્ડર આપતી અને લાભાર્થી એમ બંને બાજુને નિયંત્રિત કરે છે ત્યાં, એમટીટીએસ પ્રદાતા:
ક. એસટીઆર દાખલ કરવાની છે કે કેમ તે નક્કી કરવા માટે ઓર્ડર આપતી અને લાભાર્થી બાજુ એમ બંને તરફથી માહિતીને ધ્યાનમાં લેશે; અને
ખ. જો વ્યવહાર શંકાસ્પદ હોવાનું જણાય તો, પીએમએલ નિયમો સાથે અનુરૂપતામાં એફઆઈયુ સમક્ષ એસટીઆર દાખલ કરશે.

**ઘ. અન્ય જવાબદારીઓ**

૧. વાયર ટ્રાન્સફરની પ્રક્રિયામાં અનિયંત્રિત સંસ્થાઓ સાથેનું કંપનીનું જોડાણ કે શામેલગીરીનાં સંબંધમાં જવાબદારીઓ
કંપની આસૂચનાઓ હેઠળ તેમની જવાબદારીઓથી જ્ઞાત રહેશે અને વાયર ટ્રાન્સફરની પ્રક્રિયામાં અનિયંત્રિત સંસ્થાઓનાં જોડાણ કે સામેલગીરીનાં સંબંધમાં કડક અનુપાલન સુનિશ્ચિત કરશે. વધુ વિશિષ્ટ રીતે, જયારે પણ વાયર ટ્રાન્સફરની પ્રક્રિયામાં કોઇપણ અનિયંત્રિત સંસ્થાઓનું જોડાણ કે સામેલગીરી હોય ત્યારે, સંબંધિત કંપની માહિતી, રીપોર્ટીંગ અને અન્ય જરૂરીયાતો માટે સંપૂર્ણ રીતે જવાબદાર રહેશે અને તેથી અન્ય બાબતોની સાથે એ સુનિશ્ચિત કરશે કે,

૨. શામેલ અનિયંત્રિત સંસ્થાઓમાંથી અને તેમના મારફત, આ સૂચનાઓ હેઠળ નિર્દેશિત કર્યા મુજબ, સંપૂર્ણ વાયર ટ્રાન્સફરનો અઅવરોધ વિનાનો પ્રવાહ હોય;
૩. કંપની દ્વારા આવી અનિયંત્રિત સંસ્થાઓ સાથે જો કો કરાર/વ્યવસ્થા હોય તો,  તે વાયર ટ્રાન્સફર સૂચનાઓ હેઠળની જવાબદારીઓને સ્પષ્ટ રીતે ઠરાવે છે; અને

૪. આવી સંસ્થાઓ સાથે જો તેમના કરાર/વ્યવસ્થામાં કોઇપણ સમાપ્તિની જોગવાઇ ઉપલબ્ધ હોય જેથી કરીને અનિયંત્રિત સંસ્થાઓ વાયર માહિતીની જરૂરીયાતોમાં મદદ કરવા માટે અસમર્થ હોય તેવા કિસ્સામાં, કરાર/વ્યવસ્થાને સમાપ્ત કરી શકાય છે. આવી સંસ્થાઓ સાથે, હાલના કરારો/વ્યવસ્થાઓ જો કોઇપણ હોય તો, તેની ઉપર જણાવેલ જરૂરીયાતો સુનિશ્ચિત કરવા માટે ત્રણ મહિનાઓની અંદર સમીક્ષા કરવામાં આવશે.

૩. **કંપની રેકોર્ડ વ્યવસ્થાપનની જરૂરીયાતોની કંપનીની જવાબદારી પૂર્ણ કરવા માટે જવાબદાર છે વાયર ટ્રાન્સફર સાથે સંબંધિત સંપૂર્ણ પ્રવર્તક અને લાભાર્થીની માહિતી મુખ્ય નિર્દેશની કલમ ૪૬ સાથે અનુરૂપતામાં શામેલ કંપની દ્વારા જાળવવામાં આવશે.**

## ૬૦. ડીમાંડ ડ્રાફ્ટસ વગેરે જારી કરવા અને ચુકવણી :

પચાસ હજાર કે ઉપરના મૂલ્ય માટે ડીમાંડ ડ્રાફ્ટ, મેઇલ/ટેલીગ્રાફીક ટ્રાન્સફર/ નેફ્ટ/આઈએમપીએસ અને ટ્રાવેલર્સ ચેકસ આપવાની કે કોઇપણ અન્ય પદ્ધતિની રીતે નાણાની કોઇપણ ચુકવણીની અસર રોકડ ચુકવણી સામે નહીં ગ્રાહકના ખાતામાં ઉધાર કે ચેક સામે આપવામાં આવશે.

વધુમાં, ખરીદદારનું નામ ડીમાંડ ડ્રાફ્ટ, પે ઓર્ડર, બેન્કર્સ ચેક વગેરેનાં મુખ ઉપર જારી કરનાર બેંક દ્વારા સમાવવામાં આવશે. આ સુચનાઓ સપ્ટેમ્બર ૧૫, ૨૦૧૮ ઉપર કે તે પછી જારી કરાયેલ આવા દસ્તાવેજો માટે અમલમાં આવશે.

## ૬૧. પાનનો ઉલ્લેખ કરવો

જુદા જુદા સમયે સુધારવામાં આવ્યા મુજબ, કંપનીને લાગુ આવકવેરા નિયમ ૧૧૪ખની જોગવાઈઓ મુજબ વ્યવહારો કરવા સમયે ગ્રાહકોના પરમાનેન્ટ એકાઉન્ટ નંબર (પીએએન) કે તેના સમકક્ષ ઈ-દસ્તાવેજ મેળવવામાં અને ખરાઈ કરવામાં આવશે. ફોર્મ ૬૦ એવી વ્યક્તિઓ પાસેથી મેળવવામાં આવશે જે પાન કે તેના સમકક્ષ ઈ-દસ્તાવેજ ધરાવતા નથી.

## ૬૨. ત્રીજા પક્ષકારની પ્રોડક્ટસ વેંચવી -

જુદા જુદા સમયે અમલી નિયમનો મુજબ ત્રીજા પક્ષકારની પ્રોડકટસ વેંચવા સમયે એજન્ટસ તરીકે કામ કરતી વખતે. કંપની આ નીતિના હેતુ માટે નીચેના પાસાઓનું પાલન કરશે.:

(ક) પ્રવેશ કરતા ગ્રાહકની ઓળખ અને સરનામાની આ નીતિની જરૂરિયાતો મુજબ રૂપિયા પચાસ હજાર ઉપરના વ્યવહારો માટે ખરાઈ કરવામાં આવશે.

(ખ) ત્રીજા પક્ષકારની પ્રોડકટસનાં વેંચાણના વ્યવહારોની વિગતો અને સંબંધિત રેકોર્ડસ આ નીતિની જરૂરીયાતો મુજબ જાળવવામાં આવશે.

(ગ) પ્રવેશ લેતા ગ્રાહકો સહીત, ગ્રાહકો પાસે ત્રીજા પક્ષકારની પ્રોડકટસ સાથે સંબંધિત વ્યવહારોના સંબંધમાં સીટીઆર/એસટીઆર રજૂ કરવાના હેતુ માટે એલર્ટસ લેવા, નિર્માણ કરવા અને વિશ્લેષણ કરવા માટે સક્ષમ એએમએલ સોફ્ટવેર ઉપલબ્ધ હશે.

(ઘ) રૂપિયા પચાસ હજાર અને ઉપરની રકમ સમાવતા વ્યવહારો માત્ર નીચેના દ્વારા કરવામાં આવશે:

• ગ્રાહકોના ખાતામાં ઉધાર કે ચેક સામે; અને
• ગ્રાહકો દ્વારા અપાયેલ પાન મેળવીએ અને તેની ખરાઇ કરીને.

(ચ) ઉપર ઘમાં અપાયેલ સૂચનાઓ રૂપિયા પચાસ હજાર કે વધુની રકમ માટે કમ્પનીની પોતાની પ્રોડકટસ, ક્રેડીટ કાર્ડસ/ વેંચાણની બાકી રકમોની ચુકવણી અને પ્રિપેડ/ટ્રાવેલ કાર્ડસ અને કોઇપણ અન્ય પ્રોડકટસને પણ લાગુ પડશે.

**૬૩**. કર્મચારીઓને કામ ઉપર રાખવા અને કર્મચારીની તાલીમ

ક. તેમની કર્મચારી ભરતી/કામ ઉપર રાખવાની પ્રક્રિયાના અંતર્ગત ભાગ સ્વરૂપે તમારા કર્મચારી/ સ્ટાફ નીતિને જાણો સહીત, પૂરતી સ્ક્રીનીંગ પ્રયુક્તિ અમલમાં મૂકવામાં આવશે.
ખ. આરઈસ એ સુનિશ્ચિત કરવા પ્રયાસ કરશે કે કેવાયસી/એએમએલ/સીએફટી બાબતો અંગે કામ કરતો/કામ ઉપર રખાયેલ સ્ટાફ; ઊંચી વિશ્વસનીયતા અને નૈતિક ધોરણો, વિદ્યમાન કેવાયસી/એએમએલ/સીએફટી ધોરણોની સારી સમજણ, અસરકારક વાતચીતનાં કૌશલ્યો અને બદલતા કેવાયસી/એએમએલ/ સીએફટી બાહ્ય પરિવેશસાથે રાષ્ટ્રીય રીતે અને આંતર રાષ્ટ્રીય રીતે તાલ મેળવવાની ક્ષમતા ધરાવે છે. આરઈસ એવા વાતાવરણને પોષવા માટે પણ પ્રયાસ કરશે જે સ્ટાફમાં ખુલ્લી વાતચીત અને ઊંચી વિશ્વસનીયતાને પોષે છે.

(ક) ચાલુ કર્મચારી તાલીમ કાર્યક્રમ એ રીતે અમલમાં મૂકવામાં આવશે જેથી કરીને સ્ટાફના સભ્યોને એએમએલ/સીએફટી નીતિમાં પૂરતી રીતે તાલીમ આપવામાં આવે. તાલીમનું મુખ્ય ધ્યાન મુખ્ય સ્ટાફ, અનુપાલન સ્ટાફ અને નવા ગ્રાહકો ઉપર ધ્યાન આપતા સ્ટાફ માટે જુદું જુદું રહેશે. ફ્રન્ટ ડેસ્ક સ્ટાફને ગ્રાહક શિક્ષણનાં અભાવમાંથી ઉદભવતી સમસ્યાઓ ઉપર ધ્યાન આપવા માટે વિશેષ રીતે તાલીમ આપવામાં આવશે. કંપનીની એએમએલ/સીએફટી નીતિઓ, નિયમન અને સંબંધિત સમસ્યાઓમાં પૂરતી રીતે તાલીમ પામેલ અને નિપુણ બનેલા વ્યક્તિઓ સાથે ઓડીટનાં કાર્યોનું સ્ટાફિંગ સુનિશ્ચિત કરવામાં આવશે.

**૬૪. બ્રોકરો/એજન્ટસ વગેરે સહીત કંપની દ્વારા અધિકૃત કરાયેલ વ્યક્તિઓ દ્વારા નો યોર કસ્ટમર માર્ગદર્શિકાઓનું પાલન**

(ક) કોઇપણ રકમ એકત્ર કરવા માટે અધિકૃત કરાયેલ વ્યક્તિઓ અને તેમના બ્રોકર્સ/એજન્ટસ કે તેના જેવી વ્યક્તિઓ એનબીએફસીસ/આરએનબીસીસને લાગુ કેવાયસી માર્ગદર્શિકાઓ બાબતે સંપૂર્ણ અનુપાલન કરેલા રહેશે.

(ખ) કેવાયસી માર્ગદર્શિકાઓ સાથે તેમના અનુપાલનની ખરાઈ કરવા અને બ્રોકર્સ/એજન્ટસ વગેરે જેઓ તેમના વતી કામ કરી રહ્યા છે તેમના સહીત કંપની દ્વારા અધિકૃત કરાયેલ વ્યક્તિઓ દ્વારા કોઇપણ ભંગના સંપૂર્ણ પરિણામો સ્વિકારવા માટે તમામ માહિતી ઉપલબ્ધ બનાવવામાં આવશે.

(ગ) બ્રોકર્સ/એજન્ટસ કે તેના જેવી વ્યક્તિઓ સહીત, કંપની દ્વારા અધિકૃત કરાયેલ વ્યક્તિઓનાં હિસાબના ચોપડાઓ, જ્યાં સુધી તે કંપનીના બ્રોકરેજ કાર્યો સાથે સંબંધ ધરાવે છે ત્યાં સુધી, જ્યારે પણ જરૂર પડે ત્યારે ઓડીટ અને ઇન્સ્પેકશન માટે ઉપલબ્ધ બનાવવામાં આવશે.

## અનુસૂચી ૧ ડીજીટલ કેવાયસી પ્રક્રિયા

ક.જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી કંપની ડીજીટલ કેવાયસી ખરાઈની પ્રક્રિયા માટે એક એપ્લીકેશન વિકસાવશે, જે તેમના ગ્રાહકોનાં કેવાયસી હાથ ધરવા માટે ગ્રાહક સંપર્ક સ્થાનો ઉપર ઉપલબ્ધ બનાવવામાં આવશે અને કેવાયસી પ્રક્રિયા જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી કંપનીની આ પ્રમાણભૂત કરાયેલ એપ્લીકેશન મારફત જ કરવામાં આવશે. કંપનીની બોર્ડ દ્વારા માન્ય કરાયેલ નીતિ મુજબ ગ્રાહકોના તમામ પ્રકાર પાસેથી એકત્ર કરાયેલ કેવાયસી દસ્તાવેજોને માન્ય અને બંધનકર્તા ગણવામાં આવશે, આરબીઆઈ/એનએચબી દ્વારા અધિસૂચિત કરાયેલ અને પરિપત્રિત કરાયેલ નિયમનકારી જોગવાઈઓના અનુપાલનને આધીન.
ખ.એપ્લીકેશનની પ્રક્રિયાને કંપની દ્વારા નિયંત્રિત કરવામાં આવશે, અને એ સુનિશ્ચિત કરવામાં આવશે કે આ બાબતનો અનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા ઉપયોગ કરવામાં આવતો નથી. એપ્લીકેશનનો ઉપયોગ માત્ર લોગ-ઇન આઈડી અને પાસવર્ડ દ્વારા અથવા લાઈવ ઓટીપી કે કંપની દ્વારા તેના અધિકૃત કર્મચારીઓને અપાયેલ ટાઇમ ઓટીપી નિયંત્રિત પ્રયુક્તિ દ્વારા કરવામાં આવશે.
ગ.ગ્રાહક, કેવાયસીના હેતુ માટે, કંપનીના અધિકૃત કર્મચારીના સ્થાનની મુલાકાત લેશે અથવા આથી ઊલટું કર્મચારી ગ્રાહકની મુલાકાત લેશે. અસલ ઓવીડી ગ્રાહકના કબજામાં હશે.
ઘ.કંપનીએ એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે ગ્રાહકનો જીવંત ફોટો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવે છે અને તે જ ફોટોગ્રાફ ગ્રાહક અરજી ફોર્મ(સીએએફ)માં જોડવામાં આવે છે. વધુમાં, કંપનીની સીસ્ટમ એપ્લીકેશન ગ્રાહકના લીધેલ લાઈવ ફોટોગ્રાફ ઉપર સીએએફ નંબર, જીપીએસનાં યામો, અધિકૃત કર્મચારીનું નામ, યુનિક એમ્પ્લોયી કોડ (કમ્પની દ્વારા આપવામાં આવેલ) અને તારીખ (તારીખ : મહિનો: વર્ષ) અને સમયનો સ્ટેમ્પ (કલાક: મિનીટ: સેકન્ડ) ધરાવતા વાંચ્ય સ્વરૂપમાં વોટર માર્ક મૂકશે.
ચ.કંપનીની એપ્લીકેશન વિશેષતા ધરાવશે કે ગ્રાહકનો માત્ર લાઈવ ફોટો લેવામાં આવે છે અને ગ્રાહકનો પ્રિન્ટેડ કે વિડીયોગ્રાફ કરેલ ફોટો લેવામાં આવતો નથી. જીવંત ફોટોગ્રાફ લેવા સમયે ગ્રાહક પાછળનું બેકગ્રાઉન્ડ સફેદ રંગનું હોવું જોઇએ અને કોઇપણ અન્ય વ્યક્તિ ગ્રાહકનો લાઈવ ફોટો લેવા સમયે ફ્રેમની અંદર આવવી જોઈએ નહીં.
છ.આવી જ રીતે, મૂળ ઓવીડીનો લાઈવ ફોટોગ્રાફ અથવા આધાર હોવાનો પુરાવો જ્યાં ઓફલાઈન ખરાઈ કરી શકાતી નથી (આડા મૂકેલ) તેને ઉપરથી ઊભા ફોટામાં લેવામાં આવશે અને ઉપર જણાવ્યા મુજબ વાંચી શકાય તેવા સ્વરૂપમાં વોટરમાર્કિંગ કરવામાં આવશે. મોબાઈલ ઉપકરણમાં કોઇપણ સ્કિયુ કે વણાંક મૂળ દસ્તાવેજોનો જીવંત ફોટોગ્રાફ લેવા સમયે હશે નહીં.

જ.ગ્રાહક અને તેના દસ્તાવેજોનો લાઈવ ફોટોગ્રાફ યોગ્ય પ્રકાશમાં લેવામાં આવશે જેથી કરીને તેઓ સ્પષ્ટ રીતે વાંચી શકાય અને ઓળખી શકાય.

ઝ. ત્યારબાદ સીએએફમાં તમામ નોંધો ગ્રાહક દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો અને માહિતી મુજબ ભરવામાં આવશે. તે દસ્તાવેજોમાં ક્વિક રિસ્પોન્સ (કયુઆર)કોડ ઉપલબ્ધ હોય છે, આવી વિગતો હાથેથી વિગતો ભરવાના બદલે કયુઆર કોડને સ્કેન કરીને ઓટોમેટીક ભરી શકાય છે. ઉદાહરણ તરીકે, યુઆઇડીએઆઇમાંથી ડાઉનલોડ કરેલ ભૌતિક આધાર/ઇ-આધારનાં કિસ્સામાં જ્યાં કયુઆર કોડ ઉપલબ્ધ છે ત્યાં નામ, લિંગ, જન્મ તારીખ અને સરનામું **આધાર/ઈ-આધાર** ઉપર ઉપલબ્ધ કયુઆરને સ્કેન કરીને ઓટોમેટીક ભરી શકાય છે.

ક.એક વાર ઉપર  જણાવેલ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે પછી, એવા લખાણ ધરાવતો વન ટાઇમ પાસવર્ડ (ઓટીપી) કે 'ઓટીપી આપતા પહેલા ફોર્મમાં ભરેલી વિગતોની ખરાઈ કરવા વિનંતી" ગ્રાહકના પોતાના મોબાઈલ નંબર ઉપર મોકલવામાં આવશે. ઓટીપીનાં સફળ વેલીડેશન ઉપર, તેને સીએએફ ઉપર ગ્રાહકની સહી તરીકે ગણવામાં આવશે. જો કે, જો ગ્રાહક પાસે તેનો/તેણીનો મોબાઈલ નંબર ના હોય તો, ત્યારે /તેણીના પરિવાર/સંબંધીઓ/જ્ઞાત વ્યક્તિઓનાં મોબાઇલ નંબરનો આ હેતુ માટે ઉપયોગ કરી શકાય છે અને તે સીએએફમાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવે છે. કોઇપણ કિસ્સામાં, કંપની પાસે નોંધાયેલ અધિકૃત અધિકારીનાં મોબાઇલ નંબરનો ગ્રાહકની સહી માટે ઉપયોગ કરવામાં આવશે નહીં.  કંપનીએ તપાસ કરવી જરૂરી છે કે ગ્રાહકની સહીમાં ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ નંબર અધિકૃત અધિકારીનો મોબાઇલ નંબર હશે નહીં.

ખ.અધિકૃત અધિકારી ગ્રાહકનો જીવંત ફોટોગ્રાફ અને અસલ દસ્તાવેજના ફોટા લેવા અંગે એક કબૂલાત પૂરી પાડશે. આ હેતુ માટે, અધિકૃત કર્મચારીની એક વન ટાઇમ પાસવર્ડ (ઓટીપી) વડે ખરાઇ કરવામાં આવશે જે કંપની પાસે તેના નોંધાયેલા મોબાઈલ નંબર ઉપર મોકલવામાં આવશે. સફળ ઓટીપી વેલીડેશન ઉપર, તેને કબૂલાત ઉપર અધિકૃત અધિકારીની સહી તરીકે ગણવામાં આવશે. અધિકૃત કર્મચારીનો જીવંત ફોટોગ્રાફ પણ આ અધિકૃત કરાયેલ અધિકારીની કબૂલાતમાં લેવામાં આવશે.

ગ.આ બધી પ્રવૃત્તિઓ પછી, એપ્લીકેશન પ્રક્રિયાની પૂર્ણતા અંગે માહિતી આપશે અને કંપનીના એક્ટીવેશન અધિકારીને સક્રિયતાની વિનંતીની રજૂઆતની માહિતી અપાશે અને પ્રક્રિયાનાં ટ્રાન્ઝેક્શન આઇડી/રેફરન્સ આઇડી નંબરનું પણ નિર્માણ કરશે. અધિકૃત અધિકારી ભવિષ્યના સંદર્ભ માટે ટ્રાન્ઝેક્શન આઇડી/રેફરન્સ આઇડી નંબરની વિગતોની ગ્રાહકને જાણ કરશે.

ઘ. કંપનીના અધિકૃત અધિકારી તપાસશે અને ખરાઈ કરશે કે : (૧) દસ્તાવેજના ફોટામાં ઉપલબ્ધ માહિતી સીએએફમાં અધિકૃત અધિકારી દ્વારા નાખેલ માહિતી સાથે મેળ ખાય છે કે કેમ; (૨) ગ્રાહકનો જીવંત ફોટોગ્રાફ દસ્તાવેજમાં ઉપલબ્ધ ફોટા સાથે મેળ ખાય છે કે કેમ; અને (૩) ફરજીયાત ક્ષેત્ર સહીત સીએએફમાં રહેલી જરૂરી વિગતો પૈકીની તમામ વિગતો યોગ્ય રીતે ભરવામાં આવે છે;

ચ. સફળ ખરાઈ થવા ઉપર, સીએએફ ઉપર કંપનીનાં અધિકૃત અધિકારી દ્વારા ડીજીટલ રીતે સહી કરવામાં આવશે જે સીએએફની એક પ્રિન્ટ લેશે, યોગ્ય સ્થાન ઉપર ગ્રાહકની સહીઓ/અંગૂઠાની છાપ મેળવશે, ત્યારબાદ તેને સીસ્ટમમાં સ્કેન કરીને અપલોડ કરશે. અસલ હાર્ડ કોપી ગ્રાહકને પરત કરવામાં આવી શકે છે.

## અનુસૂચી ૨

વધારાના કેવાયસી દસ્તાવેજોની યાદી જે ઓછા જોખમ વર્ગ વાળા ગ્રાહકો માટે ધ્યાનમાં લઇ શકાય છે:

**આ દસ્તાવેજોની એક સૂચક યાદી છે જે ઓછા જોખમ વર્ગ વાળા ગ્રાહકો પાસેથી મેળવી શકાય છે. વધુ માર્ગદર્શન માટે આ નીતિના મહત્વના વિભાગો તેમજ ક્રેડીટ પોલીસીને જોવા વિનંતી.**

**૨.૧ વ્યક્તિગત ગ્રાહકો માટે કેવાયસી દસ્તાવેજ:**

| અનુક્રમ. | સ્વિકાર્ય દસ્તાવેજો | ઓળખ | રહેઠાણનું સરનામું | સહી | જન્મની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | પાન કાર્ડ | હા | ના | હા | હા |
| ૨ | આધાર યુઆઇડી કાર્ડ | હા | હા | ના | હા |
| ૩ | મતદાર ઓળખ કાર્ડ | હા | હા | ના | હા |
| ૪ | ડ્રાઈવિંગ લાયસન્સ | હા | હા | હા | હા |
| ૫ | માન્ય પાસપોર્ટ | હા | હા | હા | હા |
| ૬ | રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારનાં ખાતાઓ, ધારાકીય કે નિયમનકારી સત્તાઓ, જાહેર ક્ષેત્રના સાહસો, શેડ્યુલ્ડ વ્યાપારી બેંકો અને જાહેર નાણાકીય સંસ્થાઓ દ્વારા જારી કરાયેલ અરજદારના ફોટોગ્રાફ સાથેનું ઓળખ કાર્ડ | હા | ના | ના | હા |
| ૭ | નરેગા/સરકારી સંસ્થા/ સાહસો દ્વારા જારી કરાયેલ જોબ કાર્ડ | હા | ના | ના | હા |
| ૮ | વ્યક્તિના યોગ્ય રીતે પ્રમાણિત કરેલા ફોટોગ્રાફ સાથે, રાજ્ય પત્રિત અધિકારી દ્વારા જારી કરાયેલ પત્ર | હા | ના | ના | ના |
| ૯ | ગ્રાહકની ઓળખ/ફોટોની ખરાઈ કરતો માન્યતા પ્રાપ્ત જાહેર સત્તા કે રાજ્ય પત્રિત અધિકારી તરફથી પત્ર. | હા | ના | ના | ના |
| ૧૦ | ફોટોગ્રાફ અને ફોટો ઉપર બેન્કના સિક્કા સાથે બેંક ખાતાના હિસાબ ૧લુ પાનું/પાસબુક | હા | હા | ના | ના |
| ૧૧ | ઉપયોગીતા બીલ (વીજળી, લેન્ડલાઈન ટેલીફોન, પોસ્ટ પેઈડ મોબાઇલ, પાઇપ વાળા ગેસની લાઇન, પાણી) જે ૨ મહિનાથી વધુ જૂનું ના હોય. | ના | હા | ના | ના |
| ૧૨ | અસલ/પ્રમાણિત વેંચાણ દસ્તાવેજ/કરાર જે લાગુ પડે તે મુજબ નીતિ/પ્રક્રિયા મુજબ એકત્ર કરવાના ગ્રાહકના નામે યોગ્ય રીતે નોંધાયેલ હોય.<br><br>સ્વીકાર્ય ઓવીડી દસ્તાવેજ મુજબ જમા કરવામાં આવેલ સરનામાનો પુરાવો હાલના સરનામાં કરતા જુદું સરનામું ધરાવતો હોય તેવા કિસ્સામાં, ત્યારે એવો ઓવીડી સરનામાનાં પુરાવાની અસલમાં ખરાઇ કરવી જોઇએ અને એફઆઇ.ખરાઈ ઉત્તમ પ્રયાસના આધાર ઉપર કરાવી જોઇએ. હાલના સરનામાના પુરાવા માટે, ગ્રાહક ભાડા કરાર/ લીવ એન્ડ લાઇસન્સ એગ્રીમેન્ટ કે સ્વ-કબૂલાત રજૂ કરી શકે છે અને આવા હાલના સરનામાની એફઆઇ એજન્સી/કમ્પની/શાખાના કર્મચારી દ્વારા વ્યક્તિગત મુલાકાત દ્વારા ખરાઇ કરવાની જરૂર રહે છે. | ના | હા | ના | ના |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |
| ૧૩ | સૌથી છેલ્લી મિલકત અથવા નગરપાલિકા કરવેરાની રસીદ | ના | હા | ના | ના |
| ૧૪ | રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારના ખાતાઓ, ધારાકીય કે નિયમનકારી સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના સાહસો, શેડ્યુલ્ડ વ્યાપારી બેંકો, નાણાકીય સંસ્થાઓ અને નોંધાયેલ કંપનીઓ દ્વારા જારી કરાયેલ નિયોક્તા તરફથી આવાસની ફાળવણીનો પત્ર અને સત્તાવાર નિવાસ સ્થાન ફાળવતા આવા નિયોક્તાઓ સાથેનો લીવ એન્ડ લાઈસન્સ કરાર. | ના | હા | ના | ના |
| ૧૫ | જો તે સરનામું ધરાવતા હોય તો સરકારી ખાતાઓ કે જાહેર ક્ષેત્રના સાહસો દ્વારા નિવૃત કર્મચારીઓને જારી કરવામાં આવતો પેન્સન કે ફેમીલી પેન્સન ચૂકવણીનો આદેશ | ના | હા | ના | ના |
| ૧૬ | નામ, સરનામું અને આધાર નંબરની વિગતો ધરાવતો યુનિક આઈડેંટીફીકેશન ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલ પત્ર | ના | હા | ના | ના |
| ૧૭ | જન્મ પ્રમાણપત્ર (સરકારી સંસ્થા) | ના | ના | ના | હા |
| ૧૮ | શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (૧૦મુ/૧૨મુ) | ના | ના | ના | હા |
| ૧૯ | જ્યાં લોન લેનારનું ખાતું ચાલે છે તે બેંકમાંથી સહીની ખરાઈનું પ્રમાણપત્ર | ના | ના | હા | ના |

**૨.૨ સરનામાના પુરાવા તરીકે પેઢી/કંપનીમાં મેળવવાના દસ્તાવેજોની યાદી (કોઇપણ એક)**

| અનુક્રમ | દસ્તાવેજ | પેઢી | કંપની |
|---|---|---|---|
| ૧ | પેઢીનું છેલ્લામાં છેલ્લું વીજળી કે ટેલીફોન બીલ (2 મહિના કરતા વધુ જૂનું નહીં) | હા | હા |
| ૨ | વ્યવસાય નોંધણી પ્રમાણપત્ર, જો કોઈ હોય તો (જીએસટી), સરકાર દ્વારા જારી કરાયેલ ઉદ્યમ નોંધણી પ્રમાણપત્ર (યુંઆરસી) | હા | હા |
| ૩ | રાષ્ટ્રીયકૃત/અનુસુચિત વ્યાપારી બેન્કના બેંક હિસાબ | હા | હા |
| ૪ | અદ્યતન સુધારેલ ભાગીદારી દસ્તાવેજની પ્રમાણિત નકલ | હા | ના |
| ૫ | પાન કાર્ડ ફાળવણીના પત્રની નકલ | હા | હા |

**અનુસૂચી -૩**

**ક. બિલ્ડર/પ્રોજેક્ટ/ વ્યવસાયિક ગ્રાહકો સાથે સંબંધિત એસટીઆરની દ્રષ્ટાંતરૂપ યાદી:**

૧. ગ્રાહકનું કાનૂની માળખું ઘણી વાર બદલવામાં આવેલ છે. (નામ ફેરફારો, માલિકીપણાની તબદીલી, વ્યાવસાયિક બેઠકનો ફેરફાર);
૨. યોજનાનાં કુલ ખર્ચની તુલનામાં એક નાની લોન માટે એએચએફએલ પાસે આવતો બિલ્ડર;
૩. યોજના માટે ફંડિંગનાં સ્ત્રોતને સમજાવવામાં બિલ્ડર અસમર્થ હોય;
૪. વિવિધ સત્તાઓ પાસેથી મળેલ માન્યતાઓ/મંજૂરીઓ બનાવટી હોવાનું જણાય અથવા જો તેવું જણાય કે ગ્રાહક જરૂરી સરકારી મંજૂરીઓ/ફાઇલિંગ્સ વગેરે મેળવવાની ઇચ્છા ધરાવતો નથી;
૫. સંચાલક મંડળ અજ્ઞાત કે અયોગ્ય વ્યક્તિ(ઓ)ની સૂચનાઓ મુજબ કામ કરતું હોવાનું જણાય છે;
૬. ધંધાના કદ કે પ્રકાર સાથે કર્મચારીઓના સંખ્યા કે માળખું અનુરૂપ નથી. (દા.ત. કર્મચારીઓની સંખ્યા અને ઉપયોગમાં લેવાયેલ મિલકતને ધ્યાનમાં લેતા કંપનીનું ટર્ન ઓવર અનુચિત રીતે ઊંચું છે);
૭. અનેક ન્યાય અધિકાર ક્ષેત્ર સંબંધિત કામકાજવાળા ગ્રાહકો જે પૂરતી કેન્દ્રીય વ્યાવસાયિક દેખરેખ ધરાવતા નથી;
૮. કાનૂની વ્યવસ્થાઓ ગોઠવવા ઉપર સલાહ, જેનોમાલિકી કે વાસ્તવિક આર્થિક હેતુ અસ્પષ્ટ બનાવવા માટે ઉપયોગ થઇ શકે છે(ટ્રસ્ટસ, કંપનીઓ કે નામ/વ્યાવસાયિક બેઠક કે અન્ય જટિલ જૂથ બંધારણના ફેરફારની ગોઠવણી સહીત);
૯. રોકડમાં કે સહજતાથી ટ્રાન્સફર કરી શકાય તેવી મિલકતોમાં વ્યવહારોના ઊંચા સ્તરવાળી સંસ્થાઓ, જેમાં ગેરકાનૂની નાણાને અસ્પષ્ટ કરી શકાય છે.
૧૦. એવા દેશોમાં સમાયેલા ગ્રાહકો જે બેરર શેર્સની મંજૂરી આપે છે.

**ખ. જણાવવાનાં સીટીઆર/એસટીઆરની દ્રષ્ટાંતરૂપી યાદી (વ્યક્તિગત ગ્રાહકો)**

૧. ગ્રાહક સાથે સંબંધિત વિગતો અનેક વાર સુધારવામાં આવેલ છે (નામ ફેરફારો,વારંવારનાં સુધારાઓ વગેરે);
૨. બિનજરૂરી રીતે જટિલ ગ્રાહક માળખું;
૩. વ્યક્તિગત કે વ્યવહારોના વર્ગો જે ધંધાની રૂપરેખા, અને અપેક્ષિત પ્રવૃતિઓ સાથે અસંબંધિત બને છે/અજ્ઞાત વ્યવહાર;
૪. ગ્રાહક માહિતી, ડેટા, દસ્તાવેજો પૂરા પાડવા માટે અનિચ્છુક છે;
૫. ખોટા દસ્તાવેજો, ડેટા, લોનનો હેતુ, ખાતાઓની વિગતોની રજૂઆત;
૬. શરૂઆતનું યોગદાન જેના દ્વારા કરવામાં આવેલ છે તે આવકનાં સ્ત્રોતની વિગતો રજૂ કરવા માટે ઇનકાર કરે છે, બેંક ખાતામાં રહેલા નાણાના સ્ત્રોતો શંકાસ્પદ હોય વગેર;
૭. રૂબરૂમાં મળવા માટે અનિચ્છુક, પૂરતા કારણો વિના ત્રીજા પક્ષ/ પાવર ઓફ એટર્ની ધારક મારફત રજૂઆત કરે છે;
૮. એવી એક શાખા/એએચએફએલની કચેરીનો સંપર્ક કરે છે, જે લોન અરજીમાં પૂરા પાડવામાં આવેલ ગ્રાહકના નિવાસના કે ધંધાના સરનામાથી દૂર છે, જ્યારે આપેલ સરનામાની વધુ નજીક એએચએફએલની શાખા/કચેરી છે.;
૯. બેંક ખાતા/અનેક ખાતાઓના હિસાબોમાં ઘણા બધા ટ્રાન્સફર્સને સંતુષ્ઠ કરવાનું સમજાવવા માટે અસમર્થ;
૧૦. નાણાનાં સ્ત્રોતનાં ઉચિત વાજબીપણા વિના અસંબંધિત ત્રીજા પક્ષકારના ખાતાઓ મારફત કરાયેલ યોગદાન;
૧૧. લોનની રકમનાં અંતિમ ઉપયોગનાં ઉચિત સમર્થન વિનાં અને લોનના અંતિમ ઉપયોગ સાથે અપ્રમાણસર ટોપ-અપ લોન અને/અથવા ઇક્વિટી લોન મેળવવી;
૧૨. લોનની મંજૂરી માટે આવકના સ્ત્રોતના શંકાસ્પદ માધ્યમો સૂચવવા;
૧૩. જ્યાં વ્યવહારો આર્થિક સમજણ ઊભી કરતા નથી;
૧૪. છેતરપીંડી શોધી કાઢવામાં આવી; એનએચબી/આરબીઆઇ પરિપત્ર/જાહેરનામાઓ મુજબ જણાવવાની ગ્રાહક પાસેથી કોઇપણ શાખામાં મળેલ બનાવતી ચલણની નોટો;

૧૫. અજ્ઞાત સ્ત્રોત સાથે અસામાન્ય નાણાકીય વ્યવહારો;
૧૬. જોડાયા સિવાયના  કે અજ્ઞાત ત્રીજા પક્ષકારો પાસેથી મેળવેલ ચુકવણીઓ અને રોકડમાં ફીસ માટેની ચુકવણી જ્યાં આ બાબત ચુકવણીની એક લાક્ષણિક પદ્ધતિ નથી;
૧૭. લોનના સાચા લાભાર્થી અને ખરીદવાના ફ્લેટ બાબતે ગંભીર શંકાઓ હોય;
૧૮. એક બનાવટી બેંક ખાતું ખોલાવી લોનની રકમનું રોકડમાં રૂપાંતર;
૧૯. એ જાણીને લોન માએ અરજી કરવી કે ધિરાણ કરવાની મિલકત/આવાસ એકમને અગાઉ નાણા આપવામાં આવેલ છે અને આ બાબતે બાકી રકમ છે અને તે બાબતને છુપાવવી ;
૨૦. વેંચાણ માટે કરારમાં જણાવેલ વેંચાણ અવેજ સામાન્ય રીતે ખરીદીના વિસ્તારમાં અધિસૂચિત પ્રકાશિત દરોમાં જે પ્રવર્તે છે તેના કરતા ઊંચા/નીચા હોય છે.;
૨૧. એક જ મિલકત/નિવાસ એકમનાં અનેક ફંડીગ;
૨૨. એવા ત્રીજા પક્ષકારની તરફેણમાં કરાયેલ  ચુકવણી માટેની વિનંતી જે વ્યવહાર સાથે કોઈ સંબંધ ધરાવતી નથી;
૨૩. વિક્રેતા/બિલ્ડર/ડેવલપર/બ્રોકર/એજન્ટ વગેરે સાથે મળીને ગ્રાહક દ્વારા લોન ખાતાનો ઉપયોગ અને તેનો જે ઠરાવવામાં આવેલ છે તે સિવાયના હેતુ માટે ઉપયોગ કરવો.
૨૪. અનેક ફંડિંગ/ધિરાણ સમાવતી એનજીઓ/ધર્માદા સંસ્થાઓ/નાના/મધ્યમ સંસ્થાનો/સ્વ સહાય જૂથો (એસએચજીસ)/સૂક્ષ્મ ધિરાણ જૂથો (એમએફજીસ)
૨૫. સરનામાના ફેરફાર માટેની વારંવારની વિનંતીઓ;
૨૬. વધુ ચૂકવાયેલ રકમનું રીફંડ કરવાની વિનંતી સાથે હપ્તાઓની વધુ ચુકવણી.
૨૭. અપેક્ષિત કે સરકાર દ્વારા સૂચિત દરો કરતા વધુ ઊંચી/નીચી કિંમતે રીયલ એસ્ટેટમાં રોકાણ.

*****************************